

શ્રી હરિકૃષ્ણ મહારાજ



પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



પ.પૂ. લાલજી મહારાજશ્રી

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જૂન - ૨૦૧૨

બે વર્ષ લવાજમ રૂ.૧૬૦/-






## 'શ્રી યજ્ઞેન્દ્ર પ્રવેશદ્વાર'

## ઉદ્‌ઘાટન મહોત્સવ - સરધાર

શ્રીજીપ્રસાદિભૂત તીર્થધામ સરધારને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે મંદિર પરિસરમાં સુંદર કલાત્મક નયનરમ્ય આધુનિક સગવડો સહિત તૈયાર થયેલ તૃતીય નૂતન 'શ્રી યજ્ઞેન્દ્ર પ્રવેશદ્વાર'નું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો તથા યજમાનશ્રી (તા. ૨૭-૫-૨૦૧૨)






**સરધારને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તૈયાર થયેલ તૃતીય નૂતન 'શ્રી યજ્ઞેન્દ્ર પ્રવેશદ્વાર'નું ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ સત્સંગ સભા**

૧. પ્રવેશદ્વારના દાતા પ.ભ. શ્રી વાલજીભાઈ વરસાણી તથા પુત્ર હરિશભાઈ (શ્રીહરિ બિલ્ડર્સ - સિસલ્સ)નું સન્માન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૨. દાતાશ્રી પ.ભ. શ્રી વાલજીભાઈ વરસાણીનું હાર પહેરાવીને સન્માનતા પૂ. સ્વામી. ૩. સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૪-૫-૬. શ્રી યજ્ઞેન્દ્ર પ્રવેશદ્વારના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારેલ ભક્તજન સમુદાય.




**સરધારધામ**ને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના અધ્યક્ષપદે તથા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ અતિ ભવ્ય આઠમો **'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ'** (તા. ૨૪ થી ૨૭-૫-૨૦૧૨)



:: સંસ્થાપક ::     :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૭, અંક :- ૧૧, તા. ૨૦-૦૬-૧૨

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**તંત્રી :** સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : ₹. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : ₹. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : ₹. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com




# શ્રી ગુરુપૂર્ણિમા પૂર્વ

**'ગુરુપૂનમ પર્વ'** ભારતીય હિન્દુ સનાતન ધર્મ અને સંસ્કૃતિનો અતિ મહત્ત્વ અને પવિત્ર પર્વ છે. આ શુભ પર્વ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતજનો-ભક્તો વર્ષો-વર્ષ **શ્રીજીમહારાજ** સ્થાપિત **આચાર્યપરંપરા-ગુરુપરંપરા**ના દર્શન-પૂજન કરી ધન્યભાગી થાય છે, આ દર્શન-પૂજનનો લાભ લેવા લાખો ભક્તો સવારથી જ વડતાલવિહારી **શ્રી હરિકૃષ્ણ મહારાજ**ના દર્શન કરી **'શ્રી રઘુવીર વાડી'** ખાતે દર્શનાર્થે ઉમટી પડે છે. જેના દર્શન કરવા જીવનનો અતિ લ્હાવો છે.

**:: ખાસ નોંધ ::**

આગામી ચિંતન અંક જુલાઈ-ઓગષ્ટ સંયુક્ત રીતે પ્રકાશિત કરવામાં આવશે. જેમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું USA-UK સત્સંગ વિચરણ તેમજ ટ્રેનયાત્રાનો સમાવેશ કરવામાં આવશે. જેની દરેકે નોંધ લેવી.

## :: અનુક્રમણિકા ::


૧ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા ગ્રંથ' : એક વિહંગાવલોકન... ૦૪
- પાર્ષદ સંદિપ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


૨ શ્રી સ્વા. મહામંત્રના ગૂઢ અર્થની સ્પષ્ટતા માટે કેટલાક પ્રશ્નો તથા તેના ઉત્તરો'.... ૦૮
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


૩ સત્સંગ સમાચાર પત્રિકા... ૨૭
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર


૪ ઠાકોરજીને થાળ તથા સંતો-ભક્તોને રસોઈ દેનારની નામાવલી... ૩૩
- સંકલિત

૫ સતરમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી - સરધાર ૩૪
- સંકલિત

૬ સપ્તમ્ સોપાન કૃતાજંલિ મહોત્સવ - લંડન, યુ.કે. ૩૪
- સંકલિત







'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા ગ્રંથ'

# એક વિહંગાવલોકન રસામૃતમ્

પાર્ષદ સંદિપ ભગત - સરધાર
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**સૃષ્ટિની રચના એટલે** પરમાત્માના સાંનિધ્ય સુધી પહોંચવાની જીવાત્મા માટે એક **અદ્વિતીય યોજના.** એ સૃષ્ટિ વગર જેહમતે ચાલ્યા કરે એટલા માટે સર્વેશ્વર મહાપ્રભુ પરમાત્માએ **હેતરૂપી માયા** મૂકી. આ વાતની સ્પષ્ટતા કરતા શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૪મા વચનામૃતમાં કહે છે :- ''જે દિવસથી પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી જ કળ ચડાવી મૂકી છે જે ફરીથી પરમેશ્વરને દાખડો કરવો પડે નહિ અને સંસારની જે વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે એવો ફેર ચડાવી મૂક્યો છે. તે માટે સહજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે અને એ સ્ત્રીથી ઉપજી જે પ્રજા તેમાં પણ સહજે જ હેત થાય છે, તે એ હેતરૂપી જ ભગવાનની માયા છે.''

જગત તરફ ઢળેલા સમયરૂપી ઢાળથી એ **હેતનો પ્રવાહ** એવો તો વેગવાન બન્યો કે, જે હેતુથી પરમાત્માએ સૃષ્ટિનું સર્જન કર્યું હતું તે પરમાત્માને જ જીવાત્મા ભૂલી વિષયભોગમાં રાચતો થઈ ગયો.


પરંતુ જ્યારે પણ સૃષ્ટિ પર માયાનું આવું સામ્રાજ્ય ચોતરફ છવાયું અને જ્યારે પણ માયાના સામ્રાજ્યથી અધર્મ પુષ્ટ થતો જણાયો ત્યારે ત્યારે પરમ કૃપાળુ પરમ પિતા **ભગવાન શ્રીહરિ** સૃષ્ટિના સંચાલકો જે પ્રધાન-પુરુષાદિ તેઓને પોતાના ભગવાનપણાનું ઐશ્વર્ય આપી આ બ્રહ્માંડમાં મોકલતા રહ્યા છે. જેને શાસ્ત્રકારો **'અવતાર'** કહે છે. અવતારોના આ ધરા પર આવવાના **મુખ્ય બે હેતુ** હોય છે. તેમાં એક તો ધર્મનું સ્થાપન કરવું અને બીજો હેતુ છે અસુરોનો વિનાશ કરવો.

યથાવશ્યક અવતારો આ બ્રહ્માંડમાં ઘણા થયા છે અને ઘણા થશે. પરંતુ જેમના સામર્થ્યથી બધા અવતારો થાય છે, જેમના સંકલ્પ માત્રથી અનંત કરોડો બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે અને પ્રલય થાય છે. અરે ! વેદો પણ જેમના માટે **'ન ઈતિ...!!!'** કહીને વિરામ પામી જાય છે એવા **સર્વોપરી નારાયણ** પ્રતિ બ્રહ્માંડ એકવાર પધારી પોતાના ચરણારવિંદથી તેને ધન્ય કરે છે. એ જ ભગવાન આ બ્રહ્માંડના અધિષ્ઠાતા વૈરાજ પુરુષની અર્ધાયુ પર્યન્ત પ્રાર્થનાથી પ્રસન્ન થઈને કર્મવશ ભવબંધનમાં જકડાયેલા જીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી, પોતાના દિવ્યધામના અધિકારી બનાવવાના **શુભ હેતુ**થી આ બ્રહ્માંડમાં પધાર્યા અને **આત્યંતિક કલ્યાણ**નો **ધુંઘુબાજ માર્ગ** વહેતો કર્યો...!!!

આજથી ૨૩૧ વર્ષ પૂર્વે ભગવાન શ્રીહરિ આ પૃથ્વી પર પધારી વિધ-વિધ લીલાઓ દ્વારા પોતાના પ્રેમી ભક્તોને સુખ આપ્યું. અને સાથે **ઉપદેશાત્મક વાતો**થી પોતાની **આગવી શૈલી**થી અત્યાર સુધી કોઈ જે જ્ઞાનને સમ્યક સમજી નહોતા શક્યા એવા વેદના રહસ્યોને ગામડાના અભણ

ખેડૂતથી લઈ મહાવિદ્વાનો સુધી હજારો જીવાત્માઓને નિશ્ચય કરાવ્યો અને પરમપદના અધિકારી બનાવ્યા.

સ્વસ્થિત અપાર દયાના અવલંબનથી મહાપ્રભુ શ્રીહરિ પોતાના વર્તમાન સમયના ભક્તો અને ભવિષ્યમાં થનાર આશ્રિતજનોના આત્મરંજન માટે સૃષ્ટિના આરંભકાળથી જે વેદ-પુરાણોના **ઊંડા રહસ્યો**માં છૂપાયેલું હતું - જેને **મહાસુખનિધિ** કહી શકાય, જેના ભજનથી અનંત બ્રહ્માંડના અનંત જીવાત્માઓ ભગવાન શ્રીહરિના અપાર સુખમાં રાચતા થઈ ગયા છે એવું પોતાનું સર્વોપરી **'શ્રી સ્વામિનારાયણ'** નામ તેની આ બ્રહ્માંડમાં સર્વપ્રથમ પોતાના સ્વમુખે **ઉદ્‌ઘોષણા** કરી. જેની **નોંધ** ચકોર પક્ષી જેમ ચંદ્રની કળાના પ્યાસી છે તેમ સહજાનંદ રૂપી ચંદ્રના ચકોરની માફક દિવાના બનેલા અનેક નંદસંતોએ અને આચાર્યશ્રીઓએ ભગવાન શ્રીહરિની હયાતિમાં જ **'શ્રી સ્વામિનારાયણ' નામ**ના **વૈદિક અર્થ**ની સાથે કરી છે.




'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો **ગૂઢ અર્થ** આપણા સંપ્રદાયના શ્રી સત્સંગિજીવન, શ્રીહરિલીલાકલ્પતરુ, શ્રીહરિલીલામૃત વગેરે અનેક ગ્રંથોમાં તેમજ વેદાદિક અનેક શાસ્ત્રોમાં લખેલો છે જ. પરંતુ એ રહસ્ય સમજવું એ આજની ભાગ-દોડ ભરી જિંદગી જીવતા માણસ માટે ઘણું જ મુશ્કેલ હતું. અને શાસ્ત્રો ઘણા વિશાળ હોવાથી એના મોટા પુસ્તકો જોઈ સમયના અભાવને લીધે મુમુક્ષુઓ પણ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો **સમ્યક મહિમા** સમજી શકતા નહોતા.

બીજી તરફ શ્રી સત્સંગિજીવન, શ્રીહરિલીલાકલ્પતરુ, શ્રીહરિલીલામૃત વગેરે **મૂળ ગ્રંથો** મૂળ સંપ્રદાયના હરિભક્તોના ઘરમાં તો કદાચ જોવા મળે, પણ બિનસત્સંગી મુમુક્ષુઓ સુધી એ મહાકાય ગ્રંથો પહોંચાડવા તે ઘણું જ અઘરું કામ હતું. એ ગ્રંથો કદાચ બિનસત્સંગી મુમુક્ષુના હાથમાં આપવામાં આવે છતાં પણ એ વાંચશે કે કેમ ? અને કદાચ વાંચશે તો સમજી શકે કે કેમ ? આવા ઘણા પ્રશ્નો ઘણા સમયથી સંપ્રદાયમાં ગૂંચવાતા હતા.

પરંતુ મારા આશ્રમગુરુ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામીએ પોતાના અવિરત સત્સંગ વિચરણના માધ્યમથી ઉપરોક્ત તમામ હકીકતો જાણ્યા બાદ; સત્સંગની પ્રગતિ માટે જેમને સતત ચિંતા છે એવા પૂ. સ્વામીશ્રીએ સંપ્રદાયના ગુરુસ્થાને બિરાજમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી જેમણે પોતાની અનુવૃત્તિમાં રહી શ્રીજીમહારાજની તમામ આજ્ઞાઓ સારધાર પોતાના જીવનમાં ઉતારી અને સાથે વર્ષો સુધી રાત્રિ-દિવસ એક કરી-કરેલી અવર્ણનીય મહેનતના ફળ સ્વરૂપે 'Destination class' સાથે **વ્યાકરણાચાર્ય**ની ઉપાધી (પદવી) મેળવ્યા બાદ **ડબલ ગોલ્ડ મેડલ** સાથે **વેદાંતાચાર્ય**ની ઉપાધી જેમણે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, પોતાના દીક્ષાગુરુ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પોતાના આશ્રમગુરુ તેમજ સતત જેમના હૃદયમાં ભગવાન બિરાજમાન છે એવા તમામ બ્રહ્મનિષ્ઠ સંતો અને હરિભક્તોના રાજીપાના હેતુ સહિત - ફળ સ્વરૂપે પ્રાપ્ત કરી છે એવા પૂ. યોગેશ્વરદાસજી સ્વામીને 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના સચોટ, સનાતન સત્ય અને વેદાદિશાસ્ત્રો દ્વારા પ્રમાણિત **અર્થસભર ગ્રંથ** રચવા માટે પ્રેરણા કરી.

પૂ. યોગેશ્વર સ્વામીના અભ્યાસની પ્રવૃત્તિથી રાજી થઈને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તેમને **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રનો મહિમા અને તેના વિષે તલસ્પર્શી **સંશોધન** કરવાની આજ્ઞા કરી. પોતાના વર્ષોના અનેક શાસ્ત્રોના અધ્યયનના ફળસ્વરૂપે ફક્ત બે માસના ટૂંકા સમયગાળામાં એક અદ્વિતીય ગ્રંથની રચના કરી. જેનું નામ રાખવામાં આવ્યું **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા.'** જે ગ્રંથમાં ૫૯ સંસ્કૃત ગ્રંથો અને ૫૫ પ્રાકૃત ગ્રંથોના સંદર્ભો પૂ. યોગેશ્વર સ્વામીએ આવરી લીધા છે. પાણીનીય

**પૂ.** યોગેશ્વર સ્વામીના અભ્યાસની પ્રવૃત્તિથી રાજી થઈને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તેમને 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો મહિમા અને તેના વિષે તલસ્પર્શી સંશોધન કરવાની આજ્ઞા કરી. પોતાના વર્ષોના અનેક શાસ્ત્રોના અધ્યયનના ફળસ્વરૂપે ફક્ત બે માસના ટૂંકા સમયગાળામાં એક અદ્વિતીય ગ્રંથની રચના કરી. જેનું નામ રાખવામાં આવ્યું : 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા.' જે ગ્રંથમાં ૫૯ સંસ્કૃત ગ્રંથો અને ૫૫ પ્રાકૃત ગ્રંથોના સંદર્ભો પૂ. યોગેશ્વર સ્વામીએ આવરી લીધા છે.



અષ્ટાધ્યાયીના ૩૯૯૬ સૂત્રો જેમના હોઠ પર રમે છે એવા પૂ. યોગેશ્વર સ્વામીએ પાણિનીય વૈયાકરણોને માન્ય થાય એ રીતે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના સચોટપણે સ્પષ્ટ થતાં બધા અર્થો અને સમાસો આ લઘુગ્રંથમાં પોતાની આગવી સુજથી આવરી લઈ અને તે તમામ અર્થોમાંથી અને સમાસોમાંથી અનેક વિદ્વાન નંદસંતો અને આચાર્યશ્રીઓ દ્વારા રચિત ગ્રંથોના વેદમૂલક વાક્યોના અને વેદાદિ શાસ્ત્રોના પ્રમાણો સહિત મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો કયો અર્થ અને કયો સમાસ નિર્બાધપણે સ્વીકારવામાં આવે છે તેનું સચોટ માર્ગદર્શન સ્ફટીક જેવી પારદર્શક શૈલીમાં રજુ કર્યું છે.

'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા' ગ્રંથ એ ગુજરાતી ગદ્ય સાહિત્યનું **શ્રેષ્ઠ ઉદાહરણ** તો છે જ, પરંતુ સાથે સાથે વિષયને વધુ દિલચસ્પ અને ધારદાર કરવા માટે તેમજ વિષયને યથાયોગ્ય સમજાવવા માટે અપાયેલા અનેક શાસ્ત્રોના પદ્ય-સાહિત્યના પણ પુરાવાઓ તેમજ લૌકિક દૃષ્ટાંતો સાથે લેખકના મૌલિક વિચારો આ બધાના સમન્વયથી આ ગ્રંથ કથાશૈલીથી તૈયાર થયો હોય એવું દેખાય છે. એક વાક્ય સાથે બીજા વાક્યનો પ્રાસ; એક પ્રસંગ સાથે બીજા પ્રસંગનો પ્રાસ, જેથી દરેક પ્રકરણમાં અનુક્રમે પ્રવેશ કરતા વિદ્વાન પુરુષો પર્યંત તમામના મનના સમાધાન સહજ થતા જાય એવી **અદ્‌ભુત શૈલીથી વિવરણ** એ આ ગ્રંથને ભારતીય સાહિત્યમાં **આગવું સ્થાન** આપે છે.

આ ગ્રંથમાં સૌપ્રથમ આ સૃષ્ટિ પર મંત્રની ઉત્પત્તિ અર્થાત્ પ્રાદુર્ભાવપૂર્વક પ્રાપ્તિ કઈ રીતે થઈ અને આજના આધુનિક યુગમાં સમગ્ર વિશ્વમાં અલગ-અલગ પ્રદેશોમાં મંત્ર કઈ રીતે પ્રવર્ત્યા છે તેની માહિતી સાથે મંત્રનો મહિમા કહ્યો છે. તે પ્રકરણને **'મંત્રનો ઈતિહાસ'** એવું નામ આપવામાં આવ્યું છે.

ત્યારપછીના પ્રકરણમાં મંત્રમાં ભગવાનના નામની શરૂઆત ક્યારથી થઈ એ જ્ઞાન સાથે અનેક ઐતહાસિક પુરાણોની દૃષ્ટાંત કથાઓ સાથે ભગવાનનો મહિમા વર્ણવ્યો છે. આ પ્રકરણનું શિર્ષક લેખકે **'ભગવન્ નામ મહિમા'** એવું આપ્યું છે.

**'શ્રી સ્વામિનારાયણ મહામંત્રના પ્રાગટ્યનો પૂર્વ ઈતિહાસ'** શિર્ષકથી સજ્જ ત્રીજા પ્રકરણમાં પૂ. યોગેશ્વર સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય પૂર્વના ભારતની સ્થિતિ કરુણ રસમાં રજૂ કરી છે. સાથે સાથે ભગવાન શ્રીહરિના પ્રાગટ્યથી આરંભી ફરેણીમાં સ્વમુખે કરેલ **મહામંત્ર ઉદ્‌ઘોષણા** પર્યન્ત લીલાચરિત્રોની વિક્રમ સંવત અને અંગ્રેજી તવારીખો સહિત ટૂંકમાં અને સુંદર શૈલીમાં રજૂઆત કરી છે.

ચોથા પ્રકરણનું **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષણા દિન'** એવું નામ આપી સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના અક્ષરધામગમન બાદ ચૌદમાની સભામાં ભગવાન શ્રીહરિએ સ્વમુખે કરેલી 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની ઉદ્‌ઘોષણાની સાથે સાંપ્રદાયિક શાસ્ત્રોમાં કહેલો શ્રી સ્વામિનારાયણ નામનો **મહિમા** વર્ણવ્યો છે.

**'શ્રી સ્વામિનારાયણ નામ મહામંત્રના વેદાદિ શાસ્ત્રોક્ત અર્થો'** નામ ધરાવતા પાંચમા પ્રકરણમાં પ.પૂ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અને સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી વગેરે સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાનો દ્વારા સ્વીકારેલા અર્થની પાણીનીય અષ્ટાધ્યાયીના માધ્યમથી સસૂત્ર સિદ્ધિ સાથે અનેક વૈદિકના પુરાવાઓ

'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા' ગ્રંથ એ ગુજરાતી ગદ્ય સાહિત્યનું શ્રેષ્ઠ ઉદાહરણ તો છે જ, પરંતુ સાથે સાથે વિષયને વધુ દિલચસ્પ અને ધારદાર કરવા માટે તેમજ વિષયને યથાયોગ્ય સમજાવવા માટે અપાયેલા અનેક શાસ્ત્રોના પદ્ય–સાહિત્યના પણ પુરાવાઓ તેમજ લૌકિક દૃષ્ટાંતો સાથે લેખકના મૌલિક વિચારો આ બધાના સમન્વયથી આ ગ્રંથ કથાશૈલીથી તૈયાર થયો હોય એવું દેખાય છે. એક વાક્ય સાથે બીજા વાક્યનો પ્રાસ; એક પ્રસંગ સાથે બીજા પ્રસંગનો પ્રાસ, જેથી દરેક પ્રકરણમાં અનુક્રમે પ્રવેશ કરતા વિદ્વાન પુરુષો પર્યન્ત તમામના મનના સમાધાન સહજ થતા જાય એવી અદ્‌ભુત શૈલીથી વિવરણ એ આ ગ્રંથને ભારતીય સાહિત્યમાં આગવું સ્થાન આપે છે.

સાથે અને ન્યાયદર્શન વગેરે ગ્રંથોની સહાયથી **અદ્‌ભુત રીતે છણાવટ** કરી છે. શ્રીમદ્‌ ભાગવતનું હાર્દ જે રીતે **પંચમસ્કંધ**ને ગણવામાં આવે છે તે રીતે આ **પંચમ પ્રકરણ** 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા' ગ્રંથનું **હાર્દ** છે.

**'શ્રી સ્વામિનારાયણ મહામંત્રના ગૂઢ અર્થની સ્પષ્ટતા માટે કેટલાક પ્રશ્નો તથા તેના ઉત્તરો'** એ નામના છઠ્ઠા પ્રકરણમાં પ્રશ્ન-ઉત્તર શૈલીથી મુમુક્ષુઓના માનસ પટ ઉપર ઉઠતાં 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના સાતત્ય અને ગરિમા વિષયક પ્રશ્નોના **ખૂબ સચોટ ઉત્તરો** અનેક શાસ્ત્રોના પુરાવાઓ સાથે રજૂ કર્યા છે.

**'શ્રી સ્વામિનારાયણના નામના માધ્યમથી ચાલતી અન્ય વિમુખ સંસ્થાઓ'** એ નામથી સાતમા પ્રકરણમાં મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતોની **શાસ્ત્રોક્ત માહિતી** આપી છે. આત્યંતિક કલ્યાણની ઈચ્છાવાળા શુદ્ધ મુમુક્ષુઓને મોક્ષમાર્ગની સાચી દિશા તરફ અંગુલી નિર્દેશ કર્યો છે.

**'શ્રી સ્વામિનારાયણ મહામંત્રરાજનો મહા પ્રૌઢ પ્રતાપ'** નામના આઠમા પ્રકરણમાં અનેક ભક્તોના સ્વઅનુભવ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક શાસ્ત્રોમાં લખાયેલા પ્રસંગોના માધ્યમથી **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર પ્રતાપ**નું વર્ણન છે.

**'સંપ્રદાયના ગ્રંથોમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર નામનો મહિમા'** નામના નવમાં પ્રકરણમાં સાંપ્રદાયિક ગ્રંથોમાં ગદ્ય અને પદ્યમાં વર્ણવેલા 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની સુંદર **માહિતી** આપવામાં આવેલી છે.

**'ભગવન્નામ માહાત્મ્ય સહિત જપવિધિ'** નામના દશમા પ્રકરણમાં 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના જપવિધિનું સુંદર નિરૂપણ કરેલું છે.

**'અંતમાં એક ટકોર'** નામના અગિયારમાં પ્રકરણમાં 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની શાસ્ત્રો દ્વારા સિદ્ધિ અને સ્વીકારાયેલી **આનુપૂર્વી** (સ્પેલિંગ) વિષે સુંદર **સમજણ** આપવામાં આવી છે.

આ ગ્રંથનું પ્રકાશન કરતા પહેલા સંશોધન અને સંકલનના ખૂબ જવાબદારીભર્યા કાર્યમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ડગલેને પગલે ખૂબજ મહત્ત્વપૂર્ણ **માર્ગદર્શન** પૂરું પાડ્યું. અને સાંપ્રદાયિક કાર્યમાં વ્યસ્ત હોવા છતાં આ કાર્ય માટે બહુજ **વિશેષ સમય** ફાળવ્યો છે તેમજ મારા આશ્રમગુરુ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ પણ ખૂબજ **પ્રોત્સાહન** આપી આ સેવા કાર્યમાં તત્પર રહેવા માટે **બળ** પૂરું પાડ્યું છે. આ ગ્રંથ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર અને ભગવાન શ્રીહરિનો મહિમા જાણવા માટે વૈદિક અને સાંપ્રદાયિક ગ્રંથોના પ્રમાણો સાથે આજના 'લેટેસ્ટ હ્યુમેન'ને પથ્ય પડે તેવા દૃષ્ટાંતો જેમાં આવરી લઈ સામાન્ય જીવાત્માઓ પણ ભગવાન શ્રીહરિના સાચા સિદ્ધાંત તરફ વળે એવી શૈલીમાં રચાયેલા **અદ્વિતીય ગ્રંથ**ના રચયિતા પૂ. યોગેશ્વર સ્વામી ઉપર તેઓશ્રી અપાર **રાજીપો** વ્યક્ત કરે છે.

કોઈપણ ગ્રંથની એક વર્ષમાં વિશ્વની સાત અબજની વસ્તીમાં અનેક જાહેરાતો કર્યા બાદ ૨-૪ કરોડ કોપીનું સેલીંગ થાય તો તેને 'Best Selling book of world' માનવામાં આવે છે. તો શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા ગ્રંથ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ફક્ત દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીની બોર્ડરમાં આવતા વિસ્તારમાં જ કોઈપણ વિશેષ પ્રકારની જાહેરાતો કર્યા વગર ફક્ત ૧૮ માસમાં ૪૦,૦૦૦થી વધારે પ્રત પૂર્ણ થઈ જાય એ વાસ્તવિકતા એટલું જ સૂચવે છે કે આ ગ્રંથે અનેક મુમુક્ષુ જીવાત્માઓને સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો સમજાવવામાં સારી એવી સફળતા મેળવી છે, આ પુસ્તક **મહામંત્રનો શાસ્ત્રોક્ત અર્થ** સમજવા માટે સંપૂર્ણ **માર્ગદર્શક** બન્યું છે. અને આ ગ્રંથને વાંચીને સંપ્રદાયના અનેક વિદ્વાનો તથા અનેક મુમુક્ષુઓએ ફોનના માધ્યમથી અથવા પ્રત્યક્ષ મળીને પૂ. યોગેશ્વર સ્વામી પ્રતિ મુમુક્ષુજનોને **સાચું માર્ગદર્શન** આપવા બદલ પોતાના હૃદયની લાગણીઓ વ્યક્ત કરીને પોતાના જીવન બદલાવી નાખ્યા છે. તો આ ગ્રંથને **કયો ખીતાબ** આપવો તે અમે **વાચકોના હાથમાં** છોડીએ છીએ. ગાગરમાં સાગર સમાવી બેઠેલો આ મધ્યકાય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા' ગ્રંથ પણ સાંસારિક અને વ્યવહારિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત કેટલાય જીવાત્માઓને હજુ મોટો લાગતો હતો. માટે પોતાના વ્યવહારમાં વ્યસ્ત લોકોને પણ આ ગ્રંથના માધ્યમથી ભગવાન શ્રીહરિના સત્ય સિદ્ધાંતો સમજાવી શકાય તેવા શુભ હેતુથી આ 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'માં ભિન્ન-ભિન્ન લેખોના સ્વરૂપમાં યોગ્ય રૂપાતંર કરી રજૂ કરવાની પૂ. સ્વામીશ્રીએ આજ્ઞા કરી. જેને શિરોમાન્ય કરી ગ્રંથના પ્રકરણોના ક્રમાનુસાર નહિ, પરંતુ **'શ્રી સ્વામિનારાયણ મહામંત્રના ગૂઢ અર્થની સ્પષ્ટતા માટે કેટલાક પ્રશ્નો તથા તેના ઉત્તરો'** એ નામના છઠ્ઠા પ્રકરણથી યથાવકાશ-લેખ સ્વરૂપે આપની સમક્ષ રજૂ કરીએ છીએ. આશા છે કે, આ ભગીરથ કાર્યથી અનેક મુમુક્ષુ જીવાત્માઓને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું **સર્વોપરી સ્વરૂપ** અને સંપ્રદાયના સ્થાપિત **મૂળભૂત સિદ્ધાંતો** ઓળખાશે.

# 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ગૂઢ-અર્થની સ્પષ્ટતા માટેના કેટલાક પ્રશ્નો તથા તેના ઉત્તરો...



'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા' ગ્રંથ અંતર્ગત

## શ્રી સ્વામિનારાયણ મહામંત્રના ગૂઢ-અર્થની સ્પષ્ટતા માટેના કેટલાક પ્રશ્નો તથા તેના ઉત્તરો

સાધુ યોગેશ્વરદાસજી - સરધાર
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

● **પ્રશ્ન : ૧.** 'स्वामी चासौ नारायणश्च' આ વિગ્રહ કરી **કર્મધારય સમાસ** થાય છે, પરંતુ આવો કર્મધારય સમાસ ન કરતા 'સ્વામી' એટલે ગુણાતીતાનંદ સ્વામી અને 'નારાયણ' એટલે સહજાનંદ સ્વામી - આવા ભાવાર્થને લઈને 'स्वामी च नारायणश्च' આવો વિગ્રહ કરી, શું ઈતરેતરદ્વન્દ્વ સમાસ ન કરી શકાય?

**ઉત્તર :-** ના, ન કરી શકાય. કારણ કે શબ્દનું રૂપ બદલી જાય અર્થાત્ 'स्वामिनारायणः' આવું શબ્દનું રૂપ ન બનતા 'स्वामिनारायणौ' આવું વિપરીત રૂપ બને. 'उभयपदार्थप्रधानो द्वन्द्वः' વ્યાકરણના નિયમ અનુસાર દ્વન્દ્વ સમાસ માં બંને પદોના અર્થોની પ્રધાનતા હોવાથી **'સ્વામિનારાયણ'** આ શબ્દની પાછળ દ્વિવચનનો પ્રયોગ થાય છે. જેમ કે - 'स्वामिनारायणौ' આમાં 'સ્વામી' અને 'નારાયણ' આ બંને પદો પ્રધાન છે. અને આવો પ્રયોગ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિદ્વાન નંદસંતો રચિત કોઈજ ગ્રંથમાં થયો નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના માન્ય ગ્રંથોમાં 'स्वामिनारायणः' આ રીતનો જ પ્રયોગ થયો છે. માટે ઈતરેતરદ્વન્દ્વ સમાસ થતો નથી. પરંતુ **વિશેષણ પૂર્વપદ** અર્થાત્ જેનું પૂર્વપદ વિશેષણરૂપ છે એવો **કર્મધારય** સમાસ જ થશે.

● **પ્રશ્ન : ૨.** 'स्वामी च नारायणश्च तयोः समाहारः' આ રીતે વિગ્રહ કરી **સમાહાર** અર્થમાં **દ્વન્દ્વ** સમાસ કરીએ તો શો બાધ આવે?

**ઉત્તર :-** 'સ્વામિનારાયણ' શબ્દમાં સમાહાર અર્થમાં પણ **દ્વન્દ્વ** સમાસ નહિ થઈ શકે. કારણ કે 'स्वामी च नारायणश्च तयोः समाहारः' આ રીતે વિગ્રહ કરી 'चार्थे द्वन्द्वः' (અષ્ટાધ્યાયી : ૨/૧/૨૯) વ્યાકરણના સૂત્રથી સમાહાર અર્થમાં

દ્વન્દ્વ સમાસ કરીશું તો 'स नपुंसकम्' (અષ્ટાધ્યાયી : ૨/૪/૧૭) વ્યાકરણના સૂત્રથી સમાહાર અર્થમાં દ્વન્દ્વતત્પુરુષ સમાસ થયેલા સામાસિક શબ્દનો પ્રયોગ **નપુંસકલિંગ**માં થાય છે. ત્યારે 'अतोऽम्' (અષ્ટાધ્યાયી : ૭/૧/૨૪) વ્યાકરણના સૂત્રથી 'अम्' પ્રત્યય લાગતા પ્રથમા એકવચનમાં 'स्वामिनारायणम्' આવું રૂપ બને છે. પરંતુ એમ કરવું એ તદ્દન યોગ્ય નથી, કારણ કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યમાં તો 'स्वामिनारायणः' આવો પુલ્લિંગમાં જ પ્રયોગ થયેલો પ્રસિદ્ધ છે. નપુંસકલિંગમાં તો ક્યાંય પ્રયોગ થયેલો જ નથી. માટે શબ્દનું લિંગ અને રૂપ બદલી જવાથી સમાહાર અર્થમાં દ્વન્દ્વ સમાસ પણ નહી થઈ શકે.

● **પ્રશ્ન : ૩. 'स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः। रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥१०९॥'** - અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા, અને રૂક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે 'લક્ષ્મીનારાયણ' એવે નામે જાણવા. (શિક્ષાપત્રી : ૧૦૯)

અહિં - 'राधया + युतः = इति राधायुतः राधायुतश्चासौ कृष्ण इति राधाकृष्णः' આમ મધ્યમપદલોપિતત્પુરુષ સમાસ કર્યો છે. અહિં મધ્યમપદ 'युत'નો લોપ (અદર્શન) થતાં જેવી રીતે 'राधाकृष्णः' શબ્દ સિદ્ધ થાય છે તેવી જ રીતે 'स्वामिना युत इति स्वामियुतः, स्वामियुतश्चासौ नारायण इति स्वामिनारायणः' આવો શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ 'સ્વામીએ સહિત★ નારાયણ'

---

★ **ખાસનોંધ** :- અક્ષર-પુરુષોત્તમ બોચાસણ સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ **'સ્વામિનારાયણ મહામંત્ર અર્થ અને મહિમા'** નામના પુસ્તકના **પેજ નં. ૧૮** ઉપર 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં **'સ્વામિ'** શબ્દથી પરમાત્માનું ગ્રહણ ન કરીને અક્ષરબ્રહ્મ (ગુણાતીતાનંદ સ્વામી)ને ગ્રહણ કરવા અંગે **કારણ** બતાવતાં કહે છે :

"...'નારાયણ' શબ્દની આગળ 'હરિ' શબ્દ મૂકીને હરિનારાયણ જેવા પદો પ્રસિદ્ધ હતા. તેવી જ રીતે 'સ્વામિ' શબ્દથી ફક્ત પરમ-ઐશ્વર્યશાળી પરમાત્માનો જ અર્થ બોધ કરાવવો હોત તો 'સ્વામિ' શબ્દનો પરમ-ઐશ્વર્યરૂપ અર્થ દર્શાવતા ઈશ, પ્રભુ વગેરેમાંથી કોઈક શબ્દને આગળ મૂકીને **ઈશનારાયણ, પ્રભુનારાયણ** જેવા મંત્રો પણ શ્રીહરિ આપત. પરંતુ તેમણે 'સ્વામિ' શબ્દ આગળ મૂક્યો છે તે પરમાત્માના અર્થ સિવાય **કાંઈક બીજી વાત** (એટલે કે ગુણાતીતાનંદ સ્વામીને) કહેવા માટે પણ આપણને દોરે છે." આ રીતનું અક્ષર-પુરુષોત્તમ બોચાસણ સંસ્થાવાળા **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રમાં પ્રયોજાયેલા 'સ્વામિ' શબ્દથી ગુણાતીતાનંદ સ્વામીને ગ્રહણ કરવા અંગે કારણ બતાવે છે તે વૈદિક સિદ્ધાંતોથી **તદ્દન ખોટી વાત** છે. કારણ કે વૈદિક મંત્રોમાં જેટલી **અર્થની મહત્તા** છે એટલી જ મંત્રોમાં ગોઠલાયેલા શબ્દોની **આનુપૂર્વી** (સ્પેલીંગ)ની **મહત્તા** છે. મહાભાષ્યકાર પતંજલિએ પણ મંત્રોની આનુપૂર્વી (મંત્રોમાં ગોઠવાયેલા શબ્દોની) કેટલી મહત્તા છે તે મહાભાષ્યના નવાહ્નિકમાં સવિસ્તારથી વર્ણવી છે. મહાભાષ્યકાર પતંજલિ પાણિનિસૂત્રને 'छन्दोवत् सूत्राणि भवन्ति' કહે છે. અર્થાત્ પાણિનિસૂત્ર વૈદિક મંત્રોની સમાન છે. એટલે એમાં ગોઠવાયેલા શબ્દોની આનુપૂર્વી(સ્પેલીંગ)માં કોઈ ફેરફારને અવકાશ નથી. એવી જ રીતે **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર એ **વૈદિક મહામંત્ર** છે. એટલે આ મહામંત્રમાં જેટલી **અર્થની મહત્તા** છે એટલી જ એમાં ગોઠવાયેલા શબ્દોની **આનુપૂર્વી** (સ્પેલીંગ)ની **મહત્તા** છે. આ જ કારણથી **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રમાં પ્રયોજાયેલ **'સ્વામિ'** શબ્દનો પર્યાય વાચક **ઈશ, પ્રભુ** વગેરે શબ્દોમાંથી કોઈક શબ્દને આગળ ન મૂક્યો , આવી કલ્પના પણ ન કરી શકાય તો પછી આવું ખોટું કારણ તો ક્યાંથી બતાવી શકાય ?

બાવીસમીવાર પ્રકાશિત થયેલ **'ભારતે ભગવાન'** નામના પુસ્તકમાં **પેજ નં. ૧૦૧**માં મંત્રવિદ્યાના **રહસ્ય**ને જાણનાર લેખક લખે છે કે, મંત્રો એ **અમુક પ્રકારના શબ્દોની ગોઠવણ** છે. તે શબ્દોને એકઠા ગોઠવનાર વિદ્વાન અને જાણકાર પુરુષો હતાં. તેઓ શબ્દની શક્તિને સમજતા હતા અને અમુક શબ્દોમાં અમુક કાર્ય કરવાની શક્તિ રહેલી છે તેમ સમજતા હોવાથી જેવા ફળની ઈચ્છા હોય તેવા શબ્દો ગોઠવતા હતા અને યોગ્ય શિષ્યોને શીખવતા હતા. પરંતુ હાલમાં મોટે ભાગે તેવા શીખવનારા રહ્યા નથી અને તેથી કરીને મંત્રો ખરા (સાચા) છે. છતાં તેની **યોગ્ય અસર** થતી નથી. કેટલાક મંત્ર-અક્ષરોના શબ્દોમાં પણ ફેરફાર થઈ ગયો છે. **મંત્રના ફળનો આધાર** શબ્દોના અર્થ પર નહિ પણ તે **શબ્દોની રચના** પર રહેલો છે. 'अग्नि इव पुरोहितम् (अग्निमीले)' એ મંત્રોમાં અગ્નિને બદલે (અગ્નિ શબ્દનો પર્યાયવાચક શબ્દ) વહ્નિને મૂકીએ તો પણ અર્થ તો તેનો તે જ (અગ્નિ જ) થાય છે. પણ શબ્દ (ની આનુપૂર્વી સ્પેલીંગ) ફરી જવાથી તેની અસર જુદી થાય છે. અરે ! એ બાબતને બાજુ પર રાખી આપણી ગુજરાતી રીતમાં જ જુઓ કે તમારી માતુશ્રી પાસે **'માતાજી પાણી આપો'** એમ કહીને પીવા સારું પાણી માંગો તો તેનું પરિણામ શું આવે તે જુઓ. એટલે જણાશે કે **'માતાજી પાણી આપો'** એમ માન પૂર્વક માંગવાથી તે ખુશીથી ઠંડું હિમજળ જેવું પાણી લાવીને આપશે. પરંતુ **'બાપની બૈરી પાણી પા'** (બાપની બૈરી શબ્દનો અર્થ તો માતુશ્રી જ થાય છે પણ આનુપૂર્વી (સ્પેલીંગ) ફરી જાય છે.) આમ કહી પાણી માંગવાથી કાં તો તે ગણકારશે નહિ યા તો એકાદ-બે ગાળો પણ સંભળાવશે. માટે કોઈપણ દિવસ મંત્રની સાધના કરવાવાળાઓએ મંત્રના શબ્દમાં ફેરફાર કરવો નહિ.

'સ્વામિ' શબ્દના **પર્યાય વાચક** ઈશ, પ્રભુ વગેરે શબ્દ ન મૂક્યા એ કારણથી **'સ્વામિ'** શબ્દથી ગુણાતીતાનંદ સ્વામીને ગ્રહણ કરવા તે વૈદિક સિદ્ધાંતોથી **તદ્દન ખોટી** વિચારધારા છે. 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં 'સ્વામિ' તરીકે પરમાત્માના **અર્થ**નું જ **ગ્રહણ** કરવામાં આવે છે. સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં **'સર્વના સ્વામી'** કોણ છે તે જણાવતા કહે છે :-

"પુરુષોત્તમનારાયણ તે **સર્વના સ્વામી** છે... (વચ. ગ.પ્ર. ૨૧) તેમ એ નારાયણ પોતાના ઐશ્વર્યે કરીને **સર્વોપરી** વર્તે છે..." (વચ. લો. ૧૩)

- "સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વના સ્વામી એક જ ભગવાન છે તથા ભગવાન સંગાથે બીજાને દાવ બંધાય એમ પણ જણાતું નથી." (વચ. અંત્ય. પ્ર. ૩૯)

- આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ 'શિક્ષાપત્રી ભાષ્ય'ના બીજા શ્લોકમાં કહે છે :- 'स्वामित्वं च पतिं विश्वस्यात्मेश्वर मित्यादौ' - સમસ્ત વિશ્વના સ્વામી, આત્મા અને ઈશ્વર એક પરમાત્મા જ છે.

- સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી વિરચિત **ગીતાભાષ્ય**ના મંગલાચરણના શ્લોક - ૧ માં આવેલ **'સ્વામિનારાયણ'** શબ્દનું ભાષ્ય આ પ્રમાણે કરે છે :- 'सर्वस्वामित्वं नारायण एव सुप्रसिद्धं श्रुतिषु ।' - અર્થાત્ સર્વના સ્વામી, સર્વનું નિયંતાપણું એક નારાયણમાં જ છે. એ શ્રુતિઓમાં સુપ્રસિદ્ધ છે.

સમ્રાટ ગ્રંથરત્ન **'શ્રી સત્સંગિજીવન'**ની **હેતુટીકા**માં સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામીએ **'સ્વામી'** શબ્દનો અર્થ કરતા કહ્યું છે :- 'स्वामी - सकलैश्वर्यसंपन्नः, स्वामिशब्दः पतिपर्यायः स्वाश्रितसकलजनानां कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः ।' - સ્વામી એટલે સકલ-ઐશ્વર્યશાળી અથવા પોતાના સમસ્ત આશ્રિતોને કાળમાયા, યમ આદિકથી રક્ષણ કરવા સમર્થ હોવાથી પતિ યાને **'સ્વામી'** છે. (શ્રી સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬)

- આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ વિરચિત 'શ્રીહરિવાક્યસુધાસિંધુ'ની **સેતુમાલા** ટીકામાં ઉપોદ્ઘાત પ્રકરણના ૧૧મા શ્લોકમાં 'સ્વામી' શબ્દની વ્યાખ્યા કરતા કહે છે : 'स्वं क्षराक्षरादिनियमनैश्वर्यमस्यास्तीति स्वामी' - અર્થાત્ ક્ષરાક્ષર આદિકને નિયમન કરવારૂપ ઐશ્વર્ય જેની પાસે છે તેને **'સ્વામી'** કહેવાય.

- સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે : **'સર્વેના સ્વામી જે શ્રીહરિ રે, સર્વના કા'વિયા શ્યામ; પુરુ૦ સર્વના નિયંતા નાથજી રે....'** (પુરુષોત્તમ પ્રકાશ : ૫૫/૧૦) **સહુના નિયંતા સહુના નાથ રે, સહુના સ્વામી સુખની મિરાંથ રે.'** (પુરુષોત્તમ પ્રકાશ : ૨૨/૧૮) **'સૌના નાથ નિયંતા સ્વામી રે, સૌ ધામના પણ ધામી રે...'** (પુરુષોત્તમ પ્રકાશ : ૧૨/૨૦) ઉપરોક્ત પ્રમાણોથી સિદ્ધ થાય છે કે, **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રમાં પ્રયોજાયેલા 'સ્વામિ' શબ્દથી **કોઈપણ પરિસ્થિતિમાં** ક્યારેય પણ ગુણાતીતાનંદ સ્વામીને ગ્રહણ ન જ કરી શકાય.

એવો થાય છે. આમાં રૂપ કે લિંગનું પણ પરિવર્તન થતું નથી. માટે મધ્યમપદલોપિ તત્પુરુષ સમાસ થશે તેમાં શો **બાધ** છે ?

**ઉત્તર :-** 'शान्तिकर्मणि वेतालोदयः इति रीत्या' - આ રીતે સમાસ કરતા લિંગ કે રૂપનું પરિવર્તન થતું નથી એ વાત સત્ય છે. પરંતુ મધ્યમપદલોપિ તત્પુરુષ સમાસ સ્વીકારીશું તો, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિદ્વાન નંદસંતો દ્વારા લખાયેલા ગ્રંથોનો અન્વય દૂષિત થઈ જશે. મહાપુરુષોએ સર્વોચ્ચ સત્યને જે ઉચ્ચાર્યું છે તે અસત્ય બનશે. જે ઉદ્દેશથી ગ્રંથો લખાયેલા છે તે ઉદ્દેશ ભાંગી પડશે.

ધારો કે - તમારા કહેવા પ્રમાણે 'स्वामिना युत इति स्वामियुतः, स्वामियुतश्चासौ नारायण इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ તત્પુરુષ સમાસ કરીશું. જેનો અર્થ **'સ્વામિએ સહિત નારાયણ'** એવો થાય છે. અર્થાત્ સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એટલે સહજાનંદ સ્વામી. એટલે ગુણાતીતાનંદ સ્વામી સહિત સહજાનંદ સ્વામી એટલે : **'સ્વામિનારાયણ.'**

હવે સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામી આ અર્થમાં પ્રયોજાયેલ 'स्वामिनारायणः' શબ્દને 'धर्मात्मजः' આદિ વિશેષણ લાગી શકશે નહિ. કારણ કે સ્વામીએ સહિત નારાયણ એ ધર્મના પુત્ર નથી. પણ કેવળ નારાયણપદથી ગ્રહણ કરવામાં આવતા સહજાનંદ સ્વામી જ **ધર્મના દિકરા** છે.

સમાસ થયેલા 'स्वामिनारायणः' શબ્દમાં કેવળ 'नारायणः' પદની સાથે 'धर्मात्मजः' આદિ વિશેષણનો અન્વય થઈ શકશે નહિ. કારણ કે મહાભાષ્યકાર કહે છે કે, 'सविशेषणानां वृत्तिर्न, वृत्तस्य वा विशेषणयोगो न (महाभाष्य. ।।२।१।१।।)' વિશેષણથી વિશિષ્ટ હોય તેનો સમાસ (વૃત્તિ = બે શબ્દોનો જોડાણરૂપ સંબંધ) થતો નથી. અને સમાસ થયો હોય એવા બે શબ્દોમાંથી કોઈ એક શબ્દ સાથે વિશેષણનો સંબંધ (યોગ) થતો નથી. લઘુમંજૂષાકાર **શ્રી નાગેશ ભટ્ટ** કહે છે :- 'पदार्थः पदार्थेनान्वेति न तु पदार्थैकदेशेन' ( લઘુમંજૂષા સમાસવૃત્તિ) 'धर्मात्मजः' વિશેષણનો સંબંધ (યોગ) 'स्वामिनारायणः' એ સમસ્ત (આખા) શબ્દની સાથે થશે. પણ 'स्वामिनारायणः' શબ્દનો એક ભાગ (એક દેશ) જે 'नारायणः' તેની સાથે થઈ શકશે નહિ.

'समर्थः पदविधिः (२।१।१)' પાણિનિ સૂત્રને સમજાવતા **ન્યાસકાર** કહે છે :- 'विग्रहवाक्यार्थाभिधाने यः शक्तः स समर्थो वेदितव्यः यथा राजपुरुष इत्ययं समासः एतदर्थं पदवाक्यं राज्ञः पुरुष इति तस्य योऽर्थस्तदभिधाने राजपुरुष इत्ययं शब्दः शक्तः ततोऽपि तदर्थस्य प्रतीतेः (काशिकान्यास. ।।२।१।१।।)'

જે સમાસ આદિ વૃત્તિઓના અર્થને બોધ કરવામાં શક્તિમાન હોય તેને **સમર્થ** કહેવાય છે. જેમ 'राजपुरुषः' આ સમાસ છે. સમાસ થતાં પહેલા 'राज्ञः पुरुषः' આવું વાક્ય હતું. હવે એ જ વાક્યનો બોધ કરવામાં સમાસ થયેલા 'राजपुरुषः' શબ્દ શક્તિમાન છે. કારણ કે સમાસ થયેલો 'राजपुरुषः' શબ્દથી પણ 'राज्ञः पुरुषः' આ અર્થની પ્રતીતિ થાય છે.

તેમ સમાસ થયેલા 'स्वामिनारायणः' શબ્દથી પણ 'स्वामियुतश्चासौ नारायणः' આ અર્થની પ્રતીતિ થાય છે. (સ્વામી સહિત નારાયણ એવા અર્થની પ્રતીતિ થાય છે.)

'समर्थः पदविधिः (२।१।१)' આ પાણિનિ સૂત્રના ભાષ્યમાં **કૈયટ** કહે છે :- 'अथ वाऽन्य एव अवयवार्थान्वितः समुदायार्थः प्रादुर्भवतीति' (સમાસ થયા બાદ સમાસ અંતર્ગત અવયવોના અર્થને સાથે લઈ સમુદાયનો અર્થ પ્રાપ્ત થાય છે.)

જેમ કે - 'राधया युतः इति राधायुतः राधायुतश्चासौ कृष्णश्च इति राधाकृष्णः' આ સમાસના અર્થમાં ન તો રાધા રહી ન કૃષ્ણ રહ્યાં. પરંતુ રાધા સહિત વિશિષ્ટ કૃષ્ણ આવો એકાકાર એકાર્થીભાવ રૂપ અર્થ થયો. એટલા માટે હવે 'राधाकृष्णः' શબ્દને 'वसुदेवात्मजः' વિશેષણ લાગશે નહિ. કારણ કે રાધા સહિત કૃષ્ણ એ વસુદેવના દિકરા નથી. કેવળ કૃષ્ણ જ છે. રાધા તો શ્રીવૃષભાનુની દિકરી હતા. 'पदार्थः पदार्थेनान्वेति न तु पदार्थैकदेशेन' અથવા 'स विशेषणानां वृत्ति र्न, वृत्तस्य च विशेषणयोगो न' આ ન્યાયથી 'राधाकृष्णः' સમસ્ત શબ્દમાં તેનો એકદેશ 'कृष्णः' શબ્દની સાથે 'वसुदेवात्मजः' વિશેષણનો અન્વય થશે નહિ.

'सीतया युत इति सीतायुतः सीतायुतश्चासौ रामश्च इति सीतारामः, दृष्टः सीतारामो त्वया' - આ વાક્યમાં કેવળ સીતા જોયા એમ પણ તમે ન કહી શકો અને કેવળ રામ જોયા એમ પણ ન કહી શકો. પણ સીતાની સાથે રામ જોયા એમ કહી શકાય. સીતારામ આ મધ્યમપદલોપિતત્પુરુષ સમાસમાં મધ્યમ જે યુત પદનો લોપ થયો છે તે 'यः शिष्यते स लुप्यमानार्थाभिधायी (प्रौढमनोरमा)'એ ન્યાયથી વાક્યના બોધ સમયે એનો અર્થ ઉપસ્થિત થાય છે.

તેવી જ રીતે 'स्वामिना युत इति स्वामियुतः, स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આ મધ્યમપદલોપિતત્પુરુષ સમાસમાં મધ્યમ જે યુત પદનો લોપ થયો છે તે 'यः शिष्यते स लुप्यमानार्थाभिधायी (प्रौढमनोरमा)' ન્યાયથી વાક્યના બોધ સમયે એનો અર્થ ઉપસ્થિત થાય છે. જેનો અર્થ 'સ્વામિએ સહિત નારાયણ' એવો થાય છે.

માટે 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો 'विशेषणं विशेष्येण बहुलम् ।।२।१।५७।।' પાણિની સૂત્ર દ્વારા કર્મધારય સમાસ થતાં 'स्वामिनारायणः' શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ **'સ્વામી એવા જે નારાયણ'** એવો થાય છે. વ્યાકરણની દૃષ્ટિએ આવો **કર્મધારય સમાસ** સ્વીકારવો જ સુયોગ્ય છે. અને જો કર્મધારય સમાસ નહિ સ્વીકારીએ તો અર્થાત્ ઉપર બતાવ્યા પ્રમાણે મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ સ્વીકારીશું તો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથો અન્વયની અનુત્પત્તિથી દૂષિત થશે. તે કેવી રીતે અન્વય ન થવાથી દૂષિત થશે તે જોઈએ :

'यो विश्वस्य प्रतिष्ठा प्रभवति च यतो लीयते यत्र चैतत्
योऽनन्ताश्चर्यशक्तिस्त्रिविधचिदचितामान्तरो यो नियन्ता ।
निःसीमानन्दभूमा निरवधिशुभसंवासधामानवद्यः सोऽयं
त्रय्यन्तवेद्यो निवसतु हृदये स्वामिनारायणो नः ।।'

જે પરમાત્મા આ સકલ વિશ્વના આધારભૂત છે, જેના થકી આ સકલ વિશ્વ ઉત્પન્ન થાય છે તેમજ સકલ વિશ્વ જેમાં લય પામે છે, જે આશ્ચર્યકારી અનંત શક્તિઓથી ભરપૂર છે, બદ્ધ, મુક્ત અને નિત્યમુક્ત અથવા જીવ, ઈશ્વર, અને બ્રહ્મ એ ત્રણ વિભાગથી વિભક્ત એવા ચેતન તત્ત્વને જે અંદર રહીને નિયમન કરે છે, તેમજ પ્રકૃતિ, વિકૃતિ અને પ્રકૃતિ-વિકૃતિ આ ત્રણ વિભાગથી વિભક્ત એવા અચેતન તત્ત્વમાં પણ અંદર પ્રવેશ કરીને જે નિયમન કરે છે. નિરવધિક પરમાનંદ અને અસંખ્યાત કલ્યાણ ગુણગણના આધારરૂપ છે. અને જે સકલ નિર્દોષ સ્વરૂપ છે. અને જે વેદત્રયીના શિરોભાગરૂપ વેદાંતથી જ એક જાણવા યોગ્ય છે. એવા તે આ પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણ અમારા ઈષ્ટદેવ, અમારા હૃદયમાં અખંડ નિવાસ કરીને વિરાજમાન રહો.

(શ્રી ગોપાળાનંદ સ્વામીકૃત 'ગીતાભાષ્યમ્' મંગલાચરણ શ્લોક-૧)

હવે જો સ્વામીએ સહિત નારાયણ આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ માનીએ તો, ઉત્પત્તિ-સ્થિતિ-લયના કર્તા તથા જડચેતનનું નિયમન કરનારા પણ સ્વામી સહિત નારાયણ માનવા પડે. પરંતુ એ તો 'जगद् व्यापारवर्जं प्रकरणादसन्निहितत्त्वाच्च ।।४।४।१७।।' આ વ્યાસસૂત્રથી બિલકુલ વિરુદ્ધ થાય છે. આ સૂત્ર પર ભાષ્ય લખતા **મુક્તાનંદ સ્વામી** કહે છે :- 'मुक्तस्य परेण साम्यं जगत्व्यापारवर्जम्' (બ્રહ્મમીમાંસા ભાષ્ય) ચેતન અચેતનરૂપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નિયમન આદિ વ્યાપારને છોડીને જ મુક્તપુરુષોની પરબ્રહ્મ સાથે સમાનતા કહેલી છે. **શ્રી ગોપાળાનંદ સ્વામી** પણ કહે છે :- 'मुक्तस्य यदैश्वर्यं तत् जगत् व्यापारवर्जम् जगत्सर्गस्थिति संहारादिवर्जम् ।' (બ્રહ્મમીમાંસા પ્રદીપ) મુક્તપુરુષોનું જે ઐશ્વર્ય કહ્યું છે તે જગતની સૃષ્ટિ સ્થિતિ અને લય આ વ્યાપાર (ક્રિયા-પ્રવૃત્તિ) વિનાનું કહ્યું છે.

આ કહ્યા પ્રમાણે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આ વ્યાપારમાં અક્ષર પણ અસમર્થ છે. અને ભગવાન શ્રી સ્વામિનારાયણને જડચેતનનું નિયમન કરનારા કહ્યા હોવાથી અક્ષરનું પણ નિયમન પરમાત્મા કરે છે. માટે 'जगत् व्यापारवर्जम्' સ્વામીએ સહિત નારાયણ એ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આદિ વ્યાપાર નથી કરતા. પણ સ્વામિ એવા જે નારાયણ એજ જડચિદાત્મકનું નિયમન કરે છે. માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામીને એટલે કે અક્ષરબ્રહ્મને કહી શકાય નહિ.

'विश्वसृष्टिस्थितिलयं त्रय्यन्ते श्रूयते यतः । तमानन्दघनं ब्रह्म स्वामिनारायणं श्रये ।।' - જેના થકી વિશ્વની ઉત્પત્તિ-સ્થિતિ અને લય થાય છે તે આનંદરૂપ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનો મેં આશ્રય કર્યો છે. ઉત્પત્તિ-સ્થિતિ અને લયના કર્તા સ્વામી એવા જે નારાયણ છે. પરંતુ સ્વામી સહિત નારાયણ નથી. આવી રીતે સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી વિરચિત બ્રહ્મમીમાંસા ભાષ્યના પ્રથમ મંગલાચરણ શ્લોકમાં પણ બાધનો પ્રસંગ આવે છે.

[**નોંધ** :- શ્રી સત્સંગિજીવનના દ્વિતીય પ્રકરણના અધ્યાય ૨૮ શ્લોક ૧૪ થી ૧૬માં અભય આદિ ભક્તો **સ્તુતિ** કરે છે. જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણને **'હરિપ્રસાદે'** (અર્થાત્ હરિપ્રસાદ જે ધર્મદેવ તેના પુત્ર) તથા **'પ્રેમવતીતનૂજ'** કહ્યા છે. ભક્તિધર્મના દિકરા સ્વામીએ સહિત નારાયણ નહોતા પણ **સ્વામિ એવા નારાયણ** હતા. માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામીને એટલે કે અક્ષરબ્રહ્મને કહી શકાય નહિ.]

સ.ગુ. શ્રી **નિત્યાનંદ સ્વામી** લખે છે :-

'त्वं साक्षात्पुरुषोत्तमोऽसि परमं ब्रह्माक्षरात्माक्षरः ।
श्री कृष्णोहरिकृष्ण आदिपुरुषो धर्मात्मज ! श्रीहरे !।।
हे नारायण ! वासुदेव ! परमानन्द ! प्रभो ! सत्पते ।
मायाधीश ! बृहत्पुरस्थनृतनो ! श्री स्वामिनारायण !।।'

હે ધર્મપુત્ર શ્રીહરિ ! તમે સાક્ષાત્ સ્વયં અવતારી પુરુષોત્તમ છો, તમને જ વેદાદિક શાસ્ત્રોમાં અક્ષરના પણ આત્મા-આધાર એવા સાક્ષાત્ પરબ્રહ્મ એ પ્રમાણે વર્ણન કરેલા છે. આદિ પુરુષ તમે આ લોકમાં શ્રીહરિકૃષ્ણ એવા નામે પ્રસિદ્ધ વર્તો છો. હે નારાયણ ! હે પ્રભુ ! હે માયાધીશ ! આપ દિવ્ય બ્રહ્મપુર ધામમાં અખંડ વિરાજમાન રહ્યા થકા જ આ લોકમાં મનુષ્યાકારે જણાઓ છો એવા પ્રત્યક્ષ પ્રભુ હે **સ્વામિનારાયણ**! હું આપની સ્તુતિ કરું છું.

(શ્રીહરિદિગ્વિજય : ઉલ્લાસ - ૪૮, શ્લોક-૩)

[**નોંધ** :- આ શ્લોકમાં અક્ષરના આત્મા, ધર્મના પુત્ર, માયાધીશ વગેરે વિશેષણો સ્વામીએ સહિત નારાયણને ન લાગી શકે, અક્ષરે સહિત નારાયણ, અક્ષરના આત્મા કઈ રીતે થઈ શકે ? માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામી એટલે કે અક્ષરબ્રહ્મને કહી શકાય નહિ.]

'श्रेयोमार्गे प्रकृष्टे गमयितुमखिलान् शुद्धधर्मप्रधानं शिक्षापत्र्याख्यलेखं सकलहितकरं यश्चकार प्रकृष्टम् । स्वीये स्थानेऽभिषिच्य स्वसहजतनयावादिशत्सम्प्रदाय प्राप्तान् धर्मान्विधेयान् स जयतु भगवान्स्वामिनारायणोऽयम् ।।'

જે શ્રીહરિએ પોતાના સહોદર ભાઈઓના બે પુત્રોને પોતાના સર્વમાન્ય ગુરુસ્થાનમાં **અભિષેક**-સ્થાપન કરીને સ્વસંપ્રદાયમાં સંપ્રાપ્ત પાલનીય સદ્ધર્મોને પાળવાની આજ્ઞા કરી હતી અને વળી સર્વજીવોને પ્રકૃષ્ટ-આત્યંતિક શ્રેયમાર્ગમાં લઈ જવાને માટે શુદ્ધ-સનાતન ધર્મપ્રધાન એવી **શિક્ષાપત્રી** લખી હતી

એવા તે **શ્રી સ્વામિનારાયણ** મારા ઈષ્ટદેવ ભગવાન આ લોકમાં સર્વદા **જયકારી** વર્તો.

(શ્રીહરિદિગ્વિજય : ઉલ્લાસ - ૪૧, શ્લોક-૨)

[**નોંધ** :- આ શ્લોકમાં ધર્મકુળમાં આચાર્યની સ્થાપના તથા શિક્ષાપત્રીનું લખાણ, સ્વામીએ સહિત નારાયણ એટલે ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામીએ કર્યું જ ન હતું. પણ સ્વામિ એવા જે નારાયણ તેમણે જ કર્યું હતું. માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામી એટલે કે અક્ષરબ્રહ્મને કહી શકાય નહિ.]

'प्रणमामि भक्तितनयं श्री स्वामिनारायणम् ।' - ભક્તિમાતાના પુત્ર એવા **શ્રી સ્વામિનારાયણ**ને હું પ્રણામ કરું છું. (શ્રીહરિચરિત્રમ્ : ૧/૧)

[**નોંધ** :- ભક્તિમાતાના પુત્ર સ્વામીએ સહિત નારાયણ નહોતા પણ સ્વામિ એવા નારાયણ હતા. માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામી એટલે કે અક્ષરબ્રહ્મને કહી શકાય નહિ.]

'निष्कास्यमाने कौपीने तैः स साधुरुवाच तान् ।

स्वामिनारायणीयानां कौपीने तन्न सम्भवेत् ॥' - તેનું વચન સાંભળનારા તપ્તમુદ્રા આપનારાઓએ સચ્ચિદાનંદ મુનિની કૌપીન ખેંચી ત્યારે સચ્ચિદાનંદમુનિએ તેઓને કહ્યું, હે ભક્તો, **શ્રી સ્વામિનારાયણ**ના **સાધુઓ**ની કૌપીનમાં ધનનો સંભવ નથી.

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૯/૪૨)

[**નોંધ** :- ભગવાન શ્રીહરિના સમકાલીન સંતો, સ્વામીએ સહિત નારાયણ એટલે કે ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામીના આશ્રિતો નહોતા. પણ સ્વામી એવા જે નારાયણ તેમના આશ્રિતો હતા. અને આ શ્લોકમાં 'स्वामिनारायणीयानां' શબ્દ આવેલો છે. જેની વ્યુત્પત્તિ આ રીતે થશે 'स्वामिनारायणस्य अयं' આ અર્થમાં 'तस्येदम् ।।४।३।१२०।।' સૂત્રથી પ્રાપ્ત સામાન્ય 'अण्'નો બાધ કરી 'वृद्धाच्छः ।।४।२।११२।।' સૂત્રથી છ પ્રત્યય પ્રાપ્ત થયો તેને 'आयनेयीनीयियः फढखछघां प्रत्ययादीनाम् ।।७।१।२।।' આ સૂત્રથી 'ईय' આદેશ થતા 'स्वामिनारायणीयः' શબ્દ બને છે. જેનો અર્થ થાય છે સ્વામિનારાયણના સંબંધવાળા અર્થાત્ સ્વામિનારાયણના સાધુ.]

- 'स्वामिनारायणीयास्तु सन्तश्चरन्ति भूरिशः ।' - જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ઘણા સંતો વિચરે છે. (શ્રીહરિચરિત્રમ્ : તૃતીય પરિચ્છેદ, ૧૩/૨૨)

હવે જો સ્વામીએ સહિત નારાયણ આવા અર્થમાં મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરીશું તો ગુણાતીતાનંદ સ્વામી કેવળ 'नारायणीयः' નારાયણના સાધુ કહેવાશે, પણ સ્વામિનારાયણના સાધુ નહિ કહેવાય. માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામીને ગણી શકાય નહિ.

[**નોંધ** :- અહિં નીચેના દરેક વાક્યોમાં પણ ઉપરોક્ત પ્રમાણે જ દોષ લાગે છે.]

- 'दयालुः स स्वयं चेत्थमवतारी परात्परः । स्वीयांस्तान् सुखयामास स्वामिनारायणः सतः ।।' - સર્વ અવતારના અવતારી, પરાત્પર, પરમ દયાળું સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંતોને આ રીતે સુખી કર્યા. (શ્રીહરિચરિત્રમ્ : પ્રથમ પરિચ્છેદ, ૧૬/૧૨)

- 'स्वामिनारायणेनैव रन्तुं तेनावतारिणा । रामकृष्णादयस्तस्मिन् रासे चायन्ननेकशः ।।' - તે રાસમાં અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે રાસ રમવા માટે રામકૃષ્ણાદિક અનેક અવતારો પણ આવ્યા. (શ્રીહરિચરિત્રમ્ : દ્વિતીય પરિચ્છેદ, ૨૭/૨૬)

- 'राजन्नेवं निजान् भक्तान् स्वामिनारायणो हरिः । अवतारी कृपाम्भोधिः प्रावोचद्भक्तवत्सलः ।।' - હે રાજન્ ! અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રભુ શ્રીહરિ કૃપાસાગર અને ભક્તવત્સલ છે, તેથી જ તેમણે આ રીતે પોતાના ભક્તોને કહ્યું.

(શ્રીહરિચરિત્રમ્ : તૃતીય પરિચ્છેદ, ૧૫/૩૦)

- 'अतो वृत्तालयेऽद्याहमायामि यत्र राजते । स्वामिनारायणः साक्षादवतारी परात्परः ।।' - માટે હું આજે જ વડતાલ આવું છું. જ્યાં પરાત્પર અવતારી સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણ બિરાજે છે. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૧૩/૫૧)

- 'मुनेऽवतारिणः साक्षात् स्वामिनारायणस्य हि । पादपद्माङ्कितस्यास्य माहात्म्यं वक्तुमर्हसि ।।' - હે મુને ! અવતારી સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણકમળથી ચિહ્નિત આ ગઢપુરનું માહાત્મ્ય યથાર્થપણે મને કહો.

(શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૪૩/૩)

- 'अस्माकं मिलितो योऽसाववतारी स तु प्रभुः । स्वामिनारायणः साक्षादन्येषां नाक्षरात् परः ।।' - અક્ષરથી પર, અવતારી પ્રત્યક્ષ મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણને જે મળ્યા છે તે બીજાને મળ્યા નથી. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૪૮/૧૧)

[**નોંધ** :- ઉપરોક્ત શ્લોકોમાં 'સ્વામિનારાયણ'ને અવતારી વિશેષણ લગાડવામાં આવ્યું છે. હવે જો સ્વામીએ સહિત નારાયણ આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરીશું તો 'अवतारी' વિશેષણનો અન્વય થઈ શકશે નહિ. કારણ કે સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામી અવતારી નથી. કેવળ સહજાનંદ સ્વામી જ અવતારી છે. 'स्वामी चासौ नारायणश्च' આવો **કર્મધારય** સમાસ જ **સુયોગ્ય** છે.]

- 'साक्षात् तं परमेश्वरं गुणनिधिं रमाराधाधीश्वरं । वन्देऽहं ह्यवतारिणं वृषसुतं श्री स्वामिनारायणम् ।।' - અનંત વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયમાં કારણ, માયાથી પર, સર્વનો આશ્રય, સર્વવ્યાપક અને પરમ સુખરૂપ આવા મહાન્ અક્ષરધામમાં નિવાસ કરીને રહેલા, અનેક કલ્યાણકારી ગુણોના નિધિ, રાધા અને લક્ષ્મીના સ્વામી, સાક્ષાત્ પરમેશ્વર ધર્મપુત્ર અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણને હું વંદન કરું છું. (શ્રીહરિચરિત્રમ્ : માહાત્મ્ય, ૧૦/૬૨)

- 'राजन् द्विजा वीक्ष्य परेजनाश्च यन्नाभिधं यं पुरुषं प्रणेमुः । ननाम भक्त्यात्मजमीशमद्धा स स्वामिनारायणसंज्ञकं तु ।।'

- હે રાજન્ ! બ્રાહ્મણોએ અને અન્ય લોકોએ જે ભગવાન યજ્ઞ પુરુષને જોઈને પ્રણામ કર્યા તે યજ્ઞનારાયણ ભક્તિપુત્ર સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણને પગે લાગ્યા. (શ્રીહરિચરિત્રમ્ : પ્રથમ પરિચ્છેદ, ૨૫/૧)

- 'दत्त्वाऽथ तस्यै ह्यभयं स भक्तिजः श्री स्वामिनारायण ईश्वरेश्वरः । तत्भक्तिसन्तुष्टमनाः कृपानिधिस्तामाह निष्किञ्चनभक्तवल्लभः ।।' - ભગવાન શ્રી સ્વામિનારાયણને નિષ્કિંચન ભક્તો પ્રિય છે, સ્વયં બ્રહ્માદિ ઈશ્વરોના પણ ઈશ્વર અને કૃપાનિધિ છે. રાણીની ભક્તિથી મનમાં સંતુષ્ટ થયા. પછી ભક્તિનંદન ભગવાન શ્રીહરિ રાણીને અભયદાન કરીને બોલ્યા. (શ્રીહરિચરિત્રમ્: દ્વિતીય પરિચ્છેદ, ૪૧/૩૯)

- 'हेतुस्तथावताराणां स्वामिनारायणः प्रभुः । प्रादुर्भूतो वृषाद्भक्तौ वर्ततेऽस्मद्गुरुर्ध्रुवम् ।।'- સર્વ અવતારોના કારણ ભગવાન શ્રી સ્વામિનારાયણ હાલના સમયમાં ધર્મ-ભક્તિને ઘેર પ્રકટ થયેલા છે જે અમારા ગુરુ છે. (શ્રીહરિચરિત્રમ્ : તૃતીય પરિચ્છેદ, ૧૦/૨૬)

- 'धर्माद्भक्तौ प्रादुरासीत् कृपाब्धिः प्राप्ताः स्मस्तं स्वामिनारायणं त्वाम् ।' - જે અક્ષરધામના અધિપતિ કરુણાના સાગર છો, અસંખ્ય જીવ સમુદાયનું કલ્યાણ કરવા ધર્મથી ભક્તિમાં પ્રકટ થયા છો, પરમાનંદ મૂર્તિ રૂપ સ્વામિનારાયણ આવા નામે પ્રસિદ્ધ છો, તે સાક્ષાત્ આપને શરણે અમે આવ્યા છીએ. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૨/૩૩)

- 'वाराहाद्यवतारहेतुमखिलब्रह्माण्डनाथेश्वरं श्रीमद्ब्रह्मपुराधिपं मुनिपतिं वेदादिभिः संस्तुतम् । मायेशाक्षरमुक्तजीवहृदयावासं रमालालितं ध्यायेऽहं हृदि भक्तिधर्मतनयं श्री स्वामिनारायणम् ।।' - વારાહાદિક અનેક અવતારોના કારણ, સર્વ બ્રહ્માંડાધીશ્વરોના પણ સ્વામી, શ્રીમદ્ અક્ષરાધિપતિ, સંતોના પાલક, વેદાદિકે સ્તુતિ કરેલા, માયા, ઈશ્વરો, મુક્તો અને જીવો, તે સહુના હૃદયમાં અંતર્યામી પણે રહેલા, લક્ષ્મીજીએ પ્રેમથી સેવેલા ભક્તિ ધર્મના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણનું હું મારા હૃદયમાં ધ્યાન કરું છું. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૬૨/૬૪)

[**નોંધ** :- ઉપરોક્ત શ્લોકોમાં 'સ્વામિનારાયણ' શબ્દને 'भक्तिजः, भक्ति-धर्मतनयं' આદિ વિશેષણોનો અન્વય થઈ શકશે નહિ. કારણ કે ભક્તિધર્મના પુત્ર સ્વામીએ સહિત નારાયણ નહોતા, પણ સ્વામિ એવા નારાયણ હતા. અર્થાત્ 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આ કર્મધારય સમાસ જ યોગ્ય છે. પણ 'સ્વામિયુતશ્ચાસૌ નારાયણશ્ચ' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કોઈ જ રીતે યોગ્ય નથી.]

- 'सर्वावतारबीजस्य स्वामिनारायणप्रभोः । अनन्तं चरितं राजन् सर्वं वक्तुं न शक्यते ।।' - સર્વ અવતારના કારણ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરિત્ર અપાર છે. તે બધા તો કહી પણ ન શકાય. (શ્રીહરિચરિત્રમ્ : પ્રથમ પરિચ્છેદ, ૯/૩૧)

- 'नैकाण्डस्थितिसर्गादिहेतवेऽनन्तरूपिणे । नमो वेदादिवेद्याय स्वामिनारायणाय ते ।।' - આપ અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છો, આપ અનંત રૂપોને ધારણ કરો છો. વેદ વેદાન્તાદિ શાસ્ત્રથી જેનું જ્ઞાન થાય છે એવા આપ **'ભગવાન શ્રી સ્વામિનારાયણ'**ને અમે નમીએ છીએ. (શ્રીહરિચરિત્રમ્ : દ્વિતીય પરિચ્છેદ, ૧૯/૧૨)

- 'जय श्रीहरे स्वामिनारायण श्रीपते ब्रह्मधामन् । प्रभो रामकृष्णादिसर्वावताराद्यहेतो परात्मन् ।।' - હે બ્રહ્મધામન્ ! હે લક્ષ્મીપતિ પ્રભો ! પરમાત્મન્ ! રામકૃષ્ણાદિક અવતારોનું મૂળ કારણ આપ છો, કૃપાના સાગર છો, સંતોની સભાના ખરા આભૂષણ છો, હે શ્રીહરિ સ્વામિનારાયણ ! ધર્મભક્તિના પુત્ર છો, પોતાના ભક્તોને સર્વોત્તમ આનંદ-સુખ આપો છો, આવા નીલકંઠ નામે પ્રસિદ્ધ આપનો સદા જય થાઓ.

(શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૩૫/૫)

- 'सर्वेषामसि हेतुस्त्वं स्वामिनारायण प्रभो । नेति नेतीति वेदाद्या अपि यं कथयन्ति वै ।।' - હે સ્વામિનારાયણ પ્રભો ! આપ સર્વનું કારણ છો. વેદ આદિ શાસ્ત્ર આપને 'નેતિ નેતિ' કહીને ગાય છે. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૪૫/૨૪)

[**નોંધ** :- ઉપરોક્ત શ્લોકોમાં 'સ્વામિનારાયણ' શબ્દને 'सर्वावतारबीज, नैकाण्डस्थितिसर्गादिहेतु' વગેરે વિશેષણોનો અન્વય થઈ શકશે નહિ. કારણ કે સર્વઅવતારના કારણ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામી નથી. પરંતુ કેવળ સહજાનંદ સ્વામી જ છે. માટે કર્મધારય સમાસ જ સુયોગ્ય છે.]

- 'अथावेक्ष्य जनाः सर्वे स्वामिनारायणात्मजौ । महातेजस्विनौ प्रेक्ष्यौ तत्कल्पौ जहृषुर्भृशम् ।।' - સભામાં રહેલા સર્વ ભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણના પુત્રોને તેમના જેવા દર્શનીય અને તેજસ્વી જોઈને ખૂબ રાજી થયા. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૪૪/૮)

- 'श्री स्वामिनारायणपादसक्तौ तदात्मजौ धर्मधुरन्धरौ च । आचार्यवर्यौ प्रणमामि भक्त्याऽयोध्याप्रसादं रघुवीरमीशौ ।।' - ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદમાં પ્રેમાસક્ત, તેમના દત્તપુત્ર, જીવોનું કલ્યાણ કરવામાં મહાસમર્થ આવા ધર્મધુરંધર શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રી રઘુવીરજી મહારાજ બંને આચાર્યવર્યોને હું ભક્તિ ભાવથી પ્રણામ કરું છું. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૬૨/૬૦)

- 'स्वामिनारायणस्येयं प्रपौत्रेण विनिर्मिता । विहारीलालाचार्येण सापि स्तात् भक्तरञ्जनी ।।' (ભાગવત ટીકા - ભક્તમનોરંજની પ્રસ્તાવના શ્લોક -૧)

[**નોંધ** :- ઉપરોક્ત શ્લોકોમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રી રઘુવીરજી મહારાજને 'स्वामिनारायणात्मजौ' વિશેષણ લગાડવામાં આવ્યું છે. માટે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રી રઘુવીરજી મહારાજ એ ગુણાતીતાનંદ

સ્વામીએ સહિત સહજાનંદ સ્વામીના દત્તપુત્રો નહોતા. પણ એક શ્રી સહજાનંદ સ્વામીના જ દત્તપુત્રો હતા. માટે સ્વામી ચાસૌ નારાયણશ્ચ इति स्वामिनारायणः' આ કર્મધારય સમાસ જ સુયોગ્ય છે.]

● "...અનંત અક્ષરાદિક મુક્ત ને અનંત શક્તિઓ ને અનેક વિભૂતિઓ અને અનેક ઐશ્વર્ય ને એ સર્વેએ સેવ્યા થકા અનાદિ નિત્યસિદ્ધ, અનવધિકાતિશય ને નિરંકુશ દિવ્ય એવું ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા જે **સ્વામિનારાયણ** તે જ અક્ષરાતીત **સર્વોપરિ પુરુષોત્તમ** છે..."

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૩૦)

● "...દિવ્ય, તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બલ, કીર્તિ, સ્વરાટ, સત્યસંકલ્પ એવા અનેક દિવ્યગુણે યુક્ત એ મૂર્તિ છે ને અનવધિકાતિશય ને નિરંકુશ દિવ્ય એવા ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા જે **શ્રી સ્વામિનારાયણ** તે જ અક્ષરાતીત **સર્વોપરિ પુરુષોત્તમ** ભગવાન છે..." (શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૭૨)

[**નોંધ :-** શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામી નહોતા. પણ કેવળ સહજાનંદ સ્વામી જ હતા. અને એ સ્વામિનારાયણ કેવા છે ? તો સ્વામી કહે છે :- "જે **શ્રી સ્વામિનારાયણ** તે જ અક્ષરાતીત **સર્વોપરિ પુરુષોત્તમ** છે..." હવે જો સ્વામી તરીકે અક્ષરબ્રહ્મને લઈએ તો 'અક્ષરાતીત' વિશેષણ કઈ રીતે લાગી શકે ? કારણ કે અક્ષરબ્રહ્મ સ્વયં સ્વયંથી અતીત ન થઈ શકે માટે स्वामी चासौ नारायणश्च' આવો કર્મધારય સમાસ જ સ્વીકારવો પડે.]

● શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે :- "મેં ઉઘાડી વાત સભામાં કરવા માંડી, ત્યારે સાધુ સૌ કહે : "તુંને કોણે કહ્યું છે જે તું કહે છે ?" ત્યારે મેં કહ્યું : જે "સ્વામિનારાયણે કહ્યું છે, બીજો કોણ કહેશે ?" (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૩૩)

● શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે :- "અમને તો સ્વામિનારાયણે **કાનમાં મંત્ર** મૂક્યો છે : જે **'અમે તો સર્વોપરિ ભગવાન છીએ'**" (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૩૬)

[**નોંધ :-** (આ બંને વાતો ઉપરથી એ **સુસ્પષ્ટ** થાય છે કે, સાંભળનારા ગુણાતીતાનંદ સ્વામી છે અને કહેનારા સ્વામિનારાયણ છે.) 'સ્વામિનારાયણ' આ મંત્રમાં **'સ્વામી'** તરીકે ગુણાતીતાનંદ સ્વામી લઈ શકાય નહિ. તો હવે 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો કર્મધારય સમાસ જ સ્વીકારવો રહ્યો. અને આમ છતાં જો 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ તત્પુરુષ સમાસ સ્વીકારશો તો **'સ્વામીએ સહિત નારાયણે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું'** આવો અર્થ થશે. આમાં હવે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામીને સ્વીકારી શકીએ જ નહિ. કારણ કે ગુણાતીતાનંદ સ્વામી તો સાંભળનારા છે. હવે સ્વામીએ સહિત નારાયણ આ અર્થમાં સ્વામી તરીકે બીજા સંતને સ્વીકારવા પડશે અને સ્વામી તરીકે અન્ય સંતને સ્વીકાર્યા પછી પણ 'भक्तिधर्मात्मजः, सर्वावतारहेतुः, अक्षरातीतः' વગેરે વિશેષણો તો લગાડી શકાશે નહિ.

આ બધું જોતા એક વાત સુસ્પષ્ટ થાય છે કે, **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રમાં **કર્મધારય** સમાસ જ છે. મધ્યમપદલોપિ તત્પુરુષ સમાસ સ્વીકારનારાઓનો **હઠાગ્રહ** ખોટો જ છે.]

● "...અને **આજ્ઞા પળે એટલી વાસના બળે.** ને આજ્ઞા ને ઉપાસના બે મુખ્ય જોઈએ તે કૃપાનંદ સ્વામીનો એમ ઠેરાવઃ જે કોશ ઊની કરીને ગળામાં ઘાલે, એ કેટલું દુઃખ થાય ! તો પણ આજ્ઞા ભંગ ન કરવી. ને છાનું ખાતા હશે, પદાર્થ રાખતા હશે, પથારી ઝાઝી કરતા હશે; તે ઓલ્યા સ્વામિનારાયણ નથી જાણતા ?..."

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૧૧૪)

[**નોંધ :-** આ વાત ઉપર નિર્ણય થાય છે કે, કહેનારા અને જાણનારા બંને અલગ જ છે. તો કઈ રીતે **'સ્વામિનારાયણ'** મહામંત્રમાં સ્વામી તરીકે **કહેનારા** ગુણાતીતાનંદ સ્વામીને લઈ શકાય ? કારણ કે **જાણનારા** સ્પષ્ટ રીતે **'સ્વામિનારાયણ'** અલગ જ છે.]

અક્ષરાદિક સર્વ થકી પર ને **અદ્વિતીય મૂર્તિ** એવા જે પ્રકટ પુરુષોત્તમ **'શ્રી સ્વામિનારાયણ'** તેમને એ રીતે સર્વોપરી જાણવા એ સર્વે સત્પુરુષનો ને સર્વ સત્શાસ્ત્ર તેમનો પરમ રહસ્ય **અભિપ્રાય** છે. (શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૫૨)

[**નોંધ :-** આ વાતમાં ગોપાળાનંદ સ્વામી 'અદ્વિતીય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ છે' એમ કહે છે. હવે જો સ્વામીએ સહિત નારાયણ લઈએ તો તો **દ્વિતીય મૂર્તિ** થયા. માટે 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો કર્મધારય સમાસ જ સુયોગ્ય છે.]

● **પ્રશ્ન :** ૪. ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાકટ્ય 'છપૈયા' ગામમાં થયું એવું કહીએ છીએ ત્યારે **'સ્વામિનારાયણ'** એટલે શ્રીજીમહારાજ સમજવાના. કારણ કે એ વખતે ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ થયો નહોતો અને **'સ્વામિનારાયણ'** મહામંત્ર બોલીએ ત્યારે 'સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામી' આવી રીતે સમજીએ તો શો બાધ આવે ?

**ઉત્તર :-** ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાકટ્ય **'છપૈયા'** ગામમાં થયું એવું કહીએ છીએ ત્યારે **'સ્વામિનારાયણ'** એટલે શ્રીજીમહારાજ સમજવાના એવું તમે કહો છો અને એમાં કારણ બતાવો છો કે એ વખતે ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ થયો નહોતો. તો પછી જ્યારે ફરેણી ગામમાં સં. ૧૮૫૮ના માગશર વદ - ૧૧ (તા. ૩૧-૧૨-૧૮૦૧)ની સભામાં સ્વયં શ્રીજીમહારાજે **'સ્વામિનારાયણ'** મહામંત્રની **ઉદ્‌ઘોષણા** કરી ત્યારે

ગુણાતીતાનંદ સ્વામી તો તે સમયે **મૂળજી શર્મા** હતા. **'સ્વામિનારાયણ'** મહામંત્રનો ઉદ્‌ઘોષ થયા બાદ ૮ વર્ષ પછી એટલે સં. ૧૮૬૬માં ભગવાન શ્રીહરિએ ડભાણના યજ્ઞ સમયે દીક્ષા આપી **'ગુણાતીતાનંદ સ્વામી'** નામ ધારણ કરાવ્યું. તો પછી **'સ્વામિનારાયણ'** મહામંત્રમાં **'સ્વામી'** તરીકે ગુણાતીતાનંદ સ્વામીને કઈ રીતે લઈ શકાય ? કારણ કે તમે સ્વયં એમ કહો છો કે ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાકટ્ય 'છપૈયા' ગામમાં થયું ત્યારે **'સ્વામિનારાયણ'** એટલે શ્રીજીમહારાજ સમજવાના. કારણ કે એ વખતે ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ થયો નહોતો. એવી જ રીતે ફરેણી ગામમાં સં. ૧૮૫૮માં સ્વયં શ્રીજીમહારાજે **'સ્વામિનારાયણ'** મહામંત્રની ઉદ્‌ઘોષણા કરી ત્યારે મૂળજી શર્મા 'ગુણાતીતાનંદ સ્વામી' તરીકે જન્મ પામ્યા જ નહોતા. માટે ત્યારે પણ **'સ્વામિનારાયણ'** એટલે શ્રીજીમહારાજ જ સમજવાના એ વાત સ્પષ્ટ થાય છે. બંનેમાં કારણ સમાન છે.

પરંતુ ઉપરોક્ત ઐતિહાસિક સત્યને મારીમચડીને વિમુખ-મનમુખી સંસ્થાવાળાઓએ **'સ્વામિનારાયણ'** શબ્દનો એવો અર્થ ગોઠવ્યો છે કે 'સ્વામિ' એટલે ગુણાતીતાનંદ સ્વામી અને 'નારાયણ' એટલે શ્રીજીમહારાજ ! આવો સાંપ્રદાયિક સિદ્ધાંતોથી અવળો અર્થ કરે છે.

● **પ્રશ્ન : ૫.** એ વખતે રામ ! કૃષ્ણ ! હરે ! ગોવિંદ ! હરે ! નારાયણ ! એવા ભગવાનના બહુ નામોના નિવેશવાળું મંગલ ભજન થતું હતું. તેને અળસાવીને 'સ્વામિનારાયણ' એવા બે સાર્થક નામના નિવેશવાળું શુભ ભજન ચલાવ્યું. (શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો - ૨૨)

આ સંદર્ભ પ્રમાણે તો બે નામો અર્થાત્ સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એટલે સહજાનંદ સ્વામી આવી રીતે અર્થ કરી શકાય કે નહિ ?

**ઉત્તર :-** ના, ન જ કરી શકાય. કારણ કે અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોનો પ્રસંગ, જ્યારે પ્રથમવાર ફરેણીમાં સ્વયં શ્રીજીમહારાજે સ્વમુખે **'સ્વામિનારાયણ'** મહામંત્રની ઉદ્‌ઘોષણા કરી ત્યારનો છે. અને એ વખતે મૂળજી શર્મા સાધુ થયા નહોતા. ભગવાન શ્રીહરિએ 'સ્વામિનારાયણ' મહામંત્રની સં. ૧૮૫૮માં **ઉદ્‌ઘોષણા** કરી ત્યાર બાદ ૮ વર્ષ પછી **મૂળજી શર્મા**એ ડભાણના યજ્ઞમાં સં. ૧૮૬૬માં દીક્ષા લઈ **'ગુણાતીતાનંદ સ્વામી'** બન્યા હતા. આ કારણથી સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામીને લઈ શકાય નહિ. આમ ન સ્વીકારીએ તો ૮ વર્ષ સુધી 'સ્વામી' શબ્દ નિરર્થક પડ્યો રહે, માટે 'સ્વામી' શબ્દ શ્રીજીમહારાજ માટે પ્રયોજાયેલો છે. અને **'સાર્થક નામના નિવેશવાળું'** એમ કહ્યું છે તો ગુણાતીતાનંદ સ્વામીનું સાર્થક નામ સ્વામી નહોતું. પરંતુ 'ગુણાતીતાનંદ સ્વામી' હતું. જનમંગલ સ્તોત્રમાં ભગવાન શ્રીહરિના 'સ્વામી' અને 'નારાયણ' આ બે નામો સાર્થક છે.

જેમ કે - 'स्वं क्षराक्षरादिनियमनैश्वर्य मस्तीति स्वामी, स्वं कालमायाऽक्षर ब्रह्मनित्यैश्वर्याऽणि- माद्यनन्तशक्तिपतिरिति स्वामी' (સેતુમાલા ટીકા : ઉપોદ્‌ઘાત, શ્લોક-૧૧)

'स्वामी = सकलैश्वर्यसम्पन्नः' (સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કૃત શ્રી સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬)

દિવ્ય કર્તાશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, લયશક્તિ, ધારકશક્તિ, પ્રેરકશક્તિ, નિત્યઅલુપ્તશક્તિ, મહામનોહર-શક્તિ, અચિંત્યશક્તિ, નિરંકુશશક્તિ, નિર્વિશેષશક્તિ, નિર્દોષશક્તિ, અજીતશક્તિ, શોભાશક્તિ, નિયંતાશક્તિ આદિક અનંત દિવ્યશક્તિઓથી સંપન્ન હોવાથી ભગવાનને સાર્થક **'સ્વામી'** કહેવાય છે.

- 'नराणां समूहो नारं तदयनं निवासस्थानं यस्य स नारायणः ।'
(શ્રી સત્સંગિજીવન : ૨/૨૪/૪૬)

- 'असंख्यकोटिमुक्तपुरुषाणां समूहो नारं तस्मिन्नयनं निवासस्थानं यस्य स नारायणः ।' (શ્રી ગોપાળાનંદ સ્વામી - ભાગવતટીકા નિગૂઢાર્થપ્રકાશવ્યાખ્યાનમ્)

નિત્યમુક્તો દ્વારા સેવાયેલા, તેઓના ઉપાસ્ય, તેઓની મધ્યે રહેનારા હોવાથી ભગવાનને સાર્થક **'નારાયણ'** કહેવાય છે.

આ બંને સાર્થક શબ્દનો સંપ્રદાયના ગ્રંથોમાં અલગ-અલગ પ્રયોગ થયેલો છે. જેમ કે

- 'स हि नारायणः स्वामी धाम्नः स्वादक्षरात्परात् ।
आविर्बभूव भूलोके न्राकृतिः श्रेयसे नृणाम् ।।'
(શ્રી સત્સંગિજીવન : ૪/૪૬/૩૪)

એ સ્વામિનારાયણ મહાપ્રભુ, અક્ષર થકી પર પોતાના અક્ષરધામમાંથી જીવોના કલ્યાણ કરવા મનુષ્યાકૃતિને ધારણ કરીને આ ભૂલોકને વિષે પ્રગટ થયા છે.

- 'स्वामी नारायणो दृष्ट्वा' (શ્રી સત્સંગિજીવન)

- 'त्वमेवैकः स्वामी सकलजगतामित्यपि हरे' (શ્રી સત્સંગિજીવન)

શ્રીજીમહારાજ પણ વચનામૃતમાં કહે છે :- "...અને પુરુષોત્તમનારાયણ તે સર્વના સ્વામી છે. (પ્ર.૨૧), ...અને ભગવાન સર્વના સ્વામી છે માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા અને સર્વના સ્વામી એક જ ભગવાન છે... ...નારાયણ જેવા તો એક નારાયણ જ છે. (લો.૧૩), ...ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ એ સર્વ અવતાર તે નારાયણના છે. (લો.૧૪)"

સ્વામી અને નારાયણ - આ બંને સાર્થક શબ્દનો 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આ કર્મધારય સમાસથી શબ્દ સિદ્ધ થાય છે. જેમ કે - માર્કંડેય ઋષિએ ભગવાન શ્રીહરિનું નામકરણ કરતા કહ્યું :- 'निजाश्रितानां चेतांसि स्वस्वरूपे कर्षतीति कृष्णः' - આ સૌના ચિત્તને આકર્ષણ પમાડશે માટે આ તેજસ્વી પુત્રનું નામ **'કૃષ્ણ'** રાખો, વળી -

'हरिष्यत्याश्रितसकलसन्तापमिति हरिः' - પોતાના આશ્રિતોના સમસ્ત સંતાપોને હરિ લેશે માટે **'હરિ'** રાખો. વળી માર્કંડેય ઋષિએ વળતો વિચાર કર્યો કે, સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણનું નામ 'કૃષ્ણ' તો રાખ્યું, પરંતુ લોકો વૃંદાવનવાસી કૃષ્ણ સમજી લેશે.અને મેં બીજું નામ હરિ રાખ્યું, તે હરિ નામથી પણ લોકો ગજ ઉદ્ધારક હરિ સમજી લેશે. માટે આ સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણનું હું કંઈ અલગ નામ આપું. પછી માર્કંડેય ઋષિએ હરિ અને કૃષ્ણ - આ બંને સાર્થક શબ્દોને ભેગા કરી 'समस्तं द्वे मिलित्वा एकं हरिकृष्ण इत्यपि नाम भविष्यति । एकनामत्वं हरिकृष्णशब्दयोरर्थान्तरत्वद्योतनाय हरिश्चासौ कृष्णश्चेत्येकं समस्तं नामाप्यन्वर्थमेव' ત્રીજું નામ 'हरिश्चासौ कृष्णश्च इति हरिकृष्णः' **'હરિકૃષ્ણ'** એવું રાખ્યું. (શ્રી સત્સંગિજીવન હેતુટીકા : ૧/૨૪/૨૫) એવી જ રીતે શ્રીજીમહારાજના સ્વામી અને નારાયણ - આ બે નામો હતા. પણ ભગવાન શ્રીહરિએ વિચાર કર્યો હશે કે, સ્વામી શબ્દથી લોકો મને સાધુ-સંન્યાસી સમજી લેશે. કારણ કે લોકમાં સાધુસંતો માટે ગૌણ અર્થમાં સ્વામી શબ્દનો પ્રયોગ થાય છે. અને નારાયણ શબ્દથી મને લોકો શેષશાયિ વિષ્ણુ સમજી લેશે, માટે સર્વ અવતારના અવતારી તરીકેનું હું કંઈ અલગ નામ આપું. પછી સ્વામી અને નારાયણ આ બંને સાર્થક શબ્દોને ભેગા કરી **'સ્વામિનારાયણ'** 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આ નામનો **મહામંત્ર** આપ્યો. માટે અદ્‌ભુતાનંદ સ્વામી કહે છે :- રામ ! કૃષ્ણ ! હરે ! ગોવિંદ! હરે ! નારાયણ ! એવા ભગવાનના બહુ નામોના નિવેશવાળું મંગલ ભજન થતું હતું. તેને અળસાવીને **'સ્વામિનારાયણ'** એવા બે સાર્થક નામના નિવેશવાળું શુભ ભજન ચલાવ્યું.

હવે જો **'સ્વામિનારાયણ'** એવા બે સાર્થક નામના નિવેશવાળું શુભ ભજન ચલાવ્યું - આ વાતમાં અદ્‌ભુતાનંદ સ્વામીનો ભાવાર્થ સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એટલે સહજાનંદ સ્વામી એવો હોત તો તેમના જ શિષ્ય વિદ્વાન સ.ગુ. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીએ 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કર્યો હોત. પરંતુ વિદ્વાન શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીએ તો 'આધ્યાત્મિક તત્ત્વાખ્યાનમ્' નામના ગ્રંથમાં 'कर्मधारयवृत्त्यायं स्वामिनारायणेति वै मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ।।' શ્લોક લખી સ્પષ્ટ કહ્યું છે કે, **'સ્વામિનારાયણ'** આ મહામંત્રમાં 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો **કર્મધારય** સમાસ સમજવો. અને સાથે **'સ્વામિનારાયણ'** મહામંત્રનો અર્થ પણ કર્યો છે કે, જે સર્વ ઐશ્વર્ય સંપન્ન, સર્વશેષી, સર્વાન્તર્યામી, સર્વના આધાર હોય તેને **'સ્વામિનારાયણ'** કહેવાય. વિદ્વાન શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીને પોતાના ગુરુ અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો સાથે વિરોધ હોય નહિ, અર્થાત્ ગુરુના સિદ્ધાંત સાથે શિષ્યનો વિરોધ હોય જ નહિ. પરંતુ જે લોકો 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવા મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસથી **'સ્વામિનારાયણ'** શબ્દને સિદ્ધ કરે છે અને તેનો અર્થ સ્વામીએ સહિત નારાયણ એવો કરે છે તેઓનો જ આ અદ્‌ભુતાનંદ સ્વામીની વાત-૨૨ સાથે વિરોધ છે એ સ્પષ્ટ થાય છે.

[**ખાસનોંધ** :- બ્રહ્મચારી શ્રી અખંડાનંદ સ્વામી દ્વારા વિરચિત **'શ્રીહરિચરિત્રમ્'** ગ્રંથમાં પણ 'સ્વામિનારાયણ' શબ્દમાં **કર્મધારય** સમાસ જ કરેલો છે. જોઈએ સ્વામીના જ શબ્દોને :-

'नारायणोत्तरपदं निखिलाघहन्तृस्वामीतिनाम नियमाश्च निजाश्रितानाम् ।
स्वोपासनाप्रवरपद्धतिरीशमृग्या निष्कामता च निजनैष्ठिकसाधुरीतिः ।।
एतत्तु पञ्चकमिहाहतमात्मधाम्नो येनापरैरमितजन्मभिरेव मृग्यम् ।
धन्या अहो वयमनन्यसमाः स्म आप्तास्तं ब्रह्मधामवसतिं ह्यवतारहेतुम् ।।'

● સર્વ પાપનો નાશ કરનારું આવું **'સ્વામિનારાયણ'** નામ પોતાના આશ્રિત ત્યાગી ગૃહીના નિયમ, ઈશ્વરો પણ ચાહે એવી અનન્ય સ્વસ્વરૂપની ઉપાસના પદ્ધતિ, નિષ્કામ ધર્મભાવના અને વર્ણી તથા સાધુઓની અદ્‌ભુત રીત - **આ પાંચ**ને તો ભગવાન શ્રી સ્વામિનારાયણ **અક્ષરધામમાંથી અહીં** લાવ્યા છે, જે બીજાને તો મેળવતા ઘણા જન્મ વીતે તેમ છે. અહો ! આપણે તો સહુથી **અધિક ભાગ્યશાળી** છીએ, કારણ કે આપણને સર્વાવતારી ભગવાન શ્રીહરિ સાક્ષાત્ મળ્યા છે. (શ્રીહરિચરિત્રમ્ : દ્વિતીય પરિચ્છેદ, ૧૭/૧૧-૧૨)

● શ્રી અખંડાનંદ સ્વામી કહે છે :- 'સ્વામિનારાયણ' મહામંત્રમાં **'નારાયણ'** એ **ઉત્તરપદ** છે. અને **'સ્વામી'** એ **પૂર્વપદ** છે. અહિં પૂર્વપદ 'एकदेशे बोधेऽन्वयो नित्यसाकाङ्क्षत्वात्' (શબ્દરત્નટીકા ભાવપ્રકાશ) નિયમથી ગ્રહણ કરવામાં આવે છે. અથવા 'येन विना यदनुपपन्नं तद् तस्याक्षेपः' આ નિયમથી **ઉત્તરપદ** કહ્યું છે. પરંતુ પૂર્વપદ સ્પષ્ટ કહ્યું નથી પણ પૂર્વપદ વગર ઉત્તરપદ કઈ રીતે હોઈ શકે ? આકાંક્ષાથી અથવા અનુમાનથી **પૂર્વપદ** ગ્રહણ કરવામાં આવે છે.

હવે જો 'स्वामी चासौ नारायणश्च' આવો કર્મધારય સમાસ કરીશું ત્યારે વિગ્રહ વાક્યમાં **'સ્વામી'** એ પૂર્વપદ છે અને **'નારાયણ'** એ ઉત્તરપદ છે. પણ જ્યારે સમાસ થઈ જશે ત્યારે 'સ્વામિનારાયણ' શબ્દ એક પદ બની જશે, પછી એમાં પૂર્વપદ કે ઉત્તરપદ એવો વ્યવહાર થશે નહિ. સમાસનું લક્ષણ વ્યાકરણમાં આ રીતે કરવામાં આવ્યું છે : 'विभक्तिर्लुप्यते यत्र तदर्थस्तु प्रतीयते । पदानां चैकपद्यं च समासः सोऽभिधीयते ।।' - જેમાં વિભક્તિનો લોપ થઈ જાય છે, પણ એના અર્થની પ્રતીતિ થાય છે અને જ્યાં અનેક પદો મળીને એકપદના રૂપમાં રૂપાંતરિત થઈ જાય તેને **'સમાસ'** કહેવાય છે.

કાશિકાકાર પણ **સમાસનું પ્રયોજન** બતાવતાં કહે છે :- 'समासस्य प्रयोजनमैकपद्यमैकस्वर्यञ्च (काशिका)' - અનેક પદો મળીને તેનું એકપદમાં અને એક સ્વરમાં રૂપાંતરિત થઈ જવું એ સમાસનું પ્રયોજન છે.

ભાષ્યમાં **પ્રદીપકાર** કહે છે :- 'एकार्थीभाव उच्यते पांसूदकवदेकभावापन्नत्वम्' - માટી અને પાણી મળીને જેમ એક પીંડ બની જાય છે તેમ અનેક પદો મળીને એકપદ બની જાય તેને એકાર્થીભાવ (સમાસ) કહેવાય છે. માટે સમાસ થયા પછી 'સ્વામિનારાયણ' પદમાં પૂર્વ પદ તથા ઉત્તરપદનો વ્યવહાર કરી શકાશે નહિ. વિગ્રહ વાક્યમાં જ પૂર્વ પદ તથા ઉત્તરપદનો વ્યવહાર થશે.

પરંતુ જો કોઈ હવે 'स्वामियुतश्चासौ नारायणश्च' આવો વિગ્રહ કરી મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરશે ત્યારે પૂર્વપદ 'स्वामियुतः' અને ઉત્તરપદ 'नारायणः' થશે. પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન વિદ્વાન બ્રહ્મચારી શ્રી અખંડાનંદ સ્વામી દ્વારા વિરચિત 'શ્રીહરિચરિત્રમ્' ગ્રંથના શ્લોકમાં તો 'नारायणोत्तरपदं निखिलाघहन्तृस्वामीति नाम' આ રીતે કહે છે. 'एकदेशे बोधेऽन्वयो नित्यसाकाङ्क्षत्वात्' (શબ્દરત્નટીકા ભાવપ્રકાશ) નિયમથી આ શ્લોકમાં 'સ્વામી' પૂર્વપદ છે અને 'નારાયણ' ઉત્તરપદ છે. પણ 'स्वामियुतः' પૂર્વપદ અખંડાનંદ સ્વામીએ કહ્યું નથી. અને ઉત્તરપદ જે 'युतः' તેનો લોપ તો 'वर्णो वर्णेन (२।१।६८)' સૂત્રસ્થ ભાષ્ય વાર્તિક 'शाकपार्थिवादीनां सिद्धये उत्तरपदलोपस्योपसङ्ख्यानम् ।।'થી સમાસ થયા પછી 'अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् (१।२।४५)' આ પાણિનિ સૂત્રથી પ્રાતિપદિક સંજ્ઞા થતાં પહેલા અર્થાત્ 'सुप्' ઉત્પત્તિ થયા પહેલા થાય છે. માટે એકપદ્યત્વ છે એવી શંકા રહેતી નથી. આથી એક વાત **સુસ્પષ્ટ** થાય છે કે, 'સ્વામિનારાયણ' મહામંત્રમાં 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો **કર્મધારય સમાસ** જ છે.]

અખંડાનંદ સ્વામી કહે છે કે, **'સ્વામિનારાયણ'** મહામંત્ર શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી લાવ્યા છે. અને જે મંત્રમાં 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો **કર્મધારય સમાસ** થાય છે એમ વિદ્વાન શ્રી **અખંડાનંદ સ્વામી** સ્વીકારે છે. અને જે 'સ્વામિનારાયણ' મહામંત્રમાં 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરીને **'સ્વામિનારાયણ'** મહામંત્ર સિદ્ધ કરે છે તે અક્ષરધામનો મહામંત્ર નથી, પરંતુ આ લોકમાં પોતાના સ્વાર્થની ખાતર ઉપજાવી કાઢેલો છે. જેમાં આનુપૂર્વી (સ્પેલિંગ) સમાન છે. પરંતુ જેનો **ભાવાર્થ** શ્રીજીમહારાજ અને નંદસંતોથી **તદ્દન વિરુદ્ધ** છે.

આ સંપ્રદાયના ઉપાસ્ય ઈષ્ટદેવને વિષે અસાધારણ ભજનીય-જપનીય નામ તરીકે નક્કી કરેલા આ શબ્દો **અર્થાનુસંધાન** વિનાના નથી. એના અર્થો પણ **શાસ્ત્રાનુસારે** સિદ્ધ કરેલા છે. જે નામથી નિરંતર ભજન-સ્મરણ કરવાનું છે તેનો અર્થ પણ ભક્તજનોએ ખાસ સમજવાની જરૂર છે. અર્થ જાણ્યા વિના ભજન કરે તેના કરતાં અર્થ જાણીને ભજન કરનારને સ્વાદ **વિશેષ** આવે છે. અને ફળ પણ **અધિક** થાય છે. એટલે અર્થ જાણવાની અત્યંત આવશ્યકતા છે. અર્થ પણ કપોલકલ્પિત રીતે નહિ, પરંતુ શાસ્ત્રાનુસાર સમજવો જોઈએ. 'शक्तिग्रहं व्याकरणोपमानकोशाप्तवाक्याद् व्यवहारतश्च । वाक्यस्य शेषाद् विवृतेर्वदन्ति सान्निध्यतः सिद्धपदस्य वृद्धाः ।।' (લઘુમંજૂષા) 'અમુક શબ્દોનો અમુક અર્થ થાય' એ તો વ્યાકરણ, ઉપમા, કોષ, આપ્તવાક્ય, વિવરણ(ટીકા વગેરે), વ્યવહાર (વૃદ્ધોનો) વગેરેથી નિશ્ચિત થાય છે. આ નામનો અર્થ કરવામાં આ બધી જ વસ્તુઓનો ઉપયોગ જ્ઞાનવૃદ્ધોએ કર્યો છે. મુખ્ય માન્ય ગ્રંથ સત્સંગિજીવનની આખી ટીકા બીજા કોઈ અલ્પશ્રુતે નહિ પણ જે ભગવાન શ્રીહરિના સહચર હોઈને શ્રીજીમહારાજને પોતાના કાગળ પત્રો લખવા, શાસ્ત્રોનું સંશોધન કરવું વગેરે સમુચિત સેવામાં નિયોજેલા હતા. અને જેમની શ્રીમુખે પારાવાર પ્રશંસા કરી છે એવા બહુશ્રુત વિદ્વદ્વર્ય **સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામીએ** કરેલી ટીકા **પ્રથમ પ્રમાણભૂત** છે. વળી પોતે કરેલી ટીકાની પ્રમાણતા માટે જ આમાં મનઃકલ્પિત અર્થ કોઈ કર્યો નથી. પરંતુ ગ્રંથકર્તા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીના મુખ થકી સમક્ષ જે અર્થ સાંભળ્યો હતો તે યથાર્થ રહે અને વિપરીત થઈ જાય નહિ એવી કાળજી રાખીને કર્યો છે. આવી પ્રમાણભૂત **હેતુ** નામની સાર્થક ટીકામાં **'સ્વામી'** અને **'નારાયણ'** નામનો અર્થ **અન્વર્થ** બહુ સ્થળે કર્યો છે. સ્વામિનારાયણ નામનો **સમાસ** સાથે સાર્થક **અર્થ** શ્રીમદ્ સત્સંગિજીવનના પ્રકરણ બીજામાં અધ્યાય ૨૪ના શ્લોક ૪૬ની ટીકામાં નીચે પ્રમાણે કર્યો છે.

'स्वामी सकलैश्वर्यसम्पन्नः स चासौ नारायणश्च इति स्वामिनारायणः ।'(સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કૃત શ્રીમદ્ સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬) આવો **કર્મધારય** સમાસથી શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ **'સ્વામી એવા નારાયણ'** એવો થાય છે.

પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી **વિહારીલાલજી મહારાજશ્રી** 'શ્રી સત્સંગિજીવન'ની 'ભાવબોધિનીટીકા'માં સ્વામિનારાયણ શબ્દનો **અર્થ** કરતા કહે છે :

'त्वमसि सर्वेषां निरुपाधिकः स्वामी नारायणः'(ભાવબોધિની વ્યાખ્યા : ૨/૨૮/૧૬) આવો **કર્મધારય** સમાસ શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ **'સ્વામી એવા નારાયણ'** એવો થાય છે.

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીએ 'જનમંગલ સ્તોત્ર'ની વ્યાખ્યામાં ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર 'સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય સમાસ** જ કર્યો છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દો :-

- 'स्वमैश्वर्यमस्तीति स्वामी नरस्य नराकृतेः धर्मस्य अपत्यं पुमान् नारायणः स चासौ स च । मनुष्यपुत्रतया प्रसिद्धोपि सकलैश्वर्यसंपन्नः एवेत्यर्थः ।' (આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત જનમંગલ સ્તોત્ર શ્લો. ૧૨ 'ભાવાર્થ પ્રકાશિકા' વ્યાખ્યા)

- 'स्वामिशब्दः पतिपर्यायः । स्वाश्रितसकलजनानां कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः । नारं नरसमूहम् अयते तत् शरणागतत्वेन प्राप्नोतीति नारायणः स चासौ स च । स्वयं रक्षणसमर्थत्वात् बहून् शरणागतान् प्राप्नुवन्नित्यर्थः ।' (આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત જનમંગલ સ્તોત્ર શ્લો. ૧૨ 'ભાવાર્થ પ્રકાશિકા' વ્યાખ્યા)

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીએ 'સર્વમંગલ સ્તોત્ર'ની વ્યાખ્યામાં ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર 'સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય સમાસ** જ કર્યો છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દો :-

- 'स्वमैश्वर्यं विद्यते यस्यासौ स्वामी । सर्वेषां जीवानामीश्वराणां च नियन्तृत्वं सकलकर्मफलदातृत्वादि चैश्वर्यं तद्वान् । स चासौ नारायणश्च । नराणां समूहो नारं तदयनं निवासस्थानं यस्य स नारायणः । अन्तर्यामीत्यर्थः ।' (આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત સર્વમંગલ સ્તોત્ર શ્લો. ૬ 'ભાવપ્રબોધિની' વ્યાખ્યા)

આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે 'શ્રીહરિલીલા-કલ્પતરુ'ની રસબોધિની નામની વ્યાખ્યામાં ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર 'સ્વામિનારાયણ' શબ્દમાં કર્મધારય સમાસ જ કર્યો છે.

- 'स्वामी च स एव नारायणश्चेति स्वामिनारायणः ।'

(સ્કંધ - ૪, અ. - ૨૦, શ્લો. ૨૫)

- 'स्वामी पतिश्चासौ नरस्य धृतमनुष्याकृतेः धर्मस्यापत्यं च तत्संबुध्धिः ।' (સ્કંધ - ૪, અ. - ૫૦, શ્લો. ૧)

- 'श्री स्वामिनारायणापरपर्यायश्रीहरिकृष्णभगवत इत्यर्थः ।'

(સ્કંધ - ૩, અ. - ૪, શ્લો. ૩૬)

સ.ગુ. બ્રહ્મ. શ્રી અચિંત્યાનંદ સ્વામી વિરચિત 'શ્રીહરિસંભવમહાકાવ્ય'ના સર્ગ - ૨, શ્લોક - ૮માં આવેલ 'સ્વામિનારાયણ' શબ્દનો સમાસ **શ્રી ભોળાનાથ ભટ્ટ** વિદ્વજ્જનાહ્‌લાદિની ટીકામાં આ રીતે **કર્મધારય સમાસ** કરે છે, જેમ કે :- 'स्वामी क्षराक्षराणामाधिपतिः स चासौ नारायणश्चेति स्वामिनारायणः ।'

જનમંગલ સ્તોત્રના દેવતા ધર્મના દીકરા એવા ભગવાન શ્રીહરિ છે, એમ શતાનંદ સ્વામી સ્વયં જનમંગલ સ્તોત્ર અને સર્વમંગલ સ્તોત્રમાં કહે છે. માટે સ્વામિનારાયણ શબ્દ એકમાત્ર ભક્તિધર્મના દીકરા એવા સહજાનંદ સ્વામી માટે જ વપરાયેલો છે. અર્થાત્ **કર્મધારય સમાસ** છે.

સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીના શિષ્ય વિદ્વાન સ.ગુ. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીએ 'આધ્યાત્મિક તત્ત્વાખ્યાનમ્' નામના ગ્રંથમાં 'સ્વામિનારાયણ' શબ્દમાં કર્મધારય સમાસ થાય છે તે વાતને અનુષ્ટુપ્છંદમાં આવરી લીધી છે. જેમ કે :- 'कर्मधारयवृत्त्यायं स्वामिनारायणेति वै । मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ।।'★ (૨૨/૭૪)

★ વિશેષ જાણવા માટે જુઓ પેજ નં. ૦૦૦ ઉપર

શાસ્ત્રમાં પોતાના મનનો ધાર્યો સમાસ થતો નથી. પણ ગ્રંથકારના ઉદ્દેશ અનુસાર જ સમાસ થાય છે. **'સ્વામિ' શબ્દાર્થ અને 'નારાયણ' શબ્દાર્થ ભિન્ન ભિન્ન વ્યક્તિમાં** નહિ પણ એક જ વ્યક્તિમાં બંને શબ્દો ઘટાડવાના હોય છે. ત્યાં **કર્મધારય સમાસ** કરવામાં આવે છે.

અને સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના **'ગીતાભાષ્ય'**ના મંગલાચરણ શ્લોકમાં આવેલ 'સ્વામિનારાયણ' શબ્દનું વિવેચન કરતા **શુકાનંદ સ્વામી** આ પ્રમાણે કહે છે :-

'सर्वस्वामित्वं नारायण एव सुप्रसिद्धं श्रुतिषु ।' અર્થાત્ સર્વનું સ્વામીપણું, એક નારાયણમાં જ છે એ શ્રુતિઓમાં સુપ્રસિદ્ધ છે. આવી રીતે શુકાનંદ સ્વામીએ પણ **'સ્વામિ' શબ્દાર્થ અને 'નારાયણ' શબ્દાર્થ ભિન્ન ભિન્ન વ્યક્તિમાં** નહિ પણ એક જ વ્યક્તિમાં બંને શબ્દો પ્રયોજ્યા છે. અને આ વાત શ્રુતિઓમાં પણ પ્રસિદ્ધ છે. એમ શુકાનંદ સ્વામીએ પણ સ્પષ્ટ કહ્યું છે.

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી**એ પણ ગાયું છે :-

**'વર નર તો એક નારાયણ છે, બીજા સર્વે છે સખીને સ્વરૂપ રે;**
**વર નિષ્કુળાનંદનો નાથ છે રે, રાખો હેત પ્રીત સ્વામીને સંગ રે.'**

(નિષ્કુળાનંદ કાવ્ય : વૃત્તિવિવાહ પદ - ૨૦/૮)

આ પંક્તિમાં સ્વામી અને નારાયણનો **સરળ અર્થ** કરી દીધો છે.

સ.ગુ. શ્રી **મુક્તાનંદ સ્વામી** પોતાના **કીર્તનપદ**માં કહે છે :-

**'છાંડીકે શ્રી ઘનશ્યામ, ઓરકો જો જપું નામ;**
**કર લે કટારી મેરી, જીભા કાટી ડારીયો....'**

(કીર્તનામૃત : પેજ નં. ૨૮, પ્રકાશક : શ્રી સ્વા. મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૧૦)

ઉપરોક્ત પંક્તિમાં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી એક જ ઈષ્ટદેવના ભજન ઉપર ભાર મૂકે છે.

પ્રેમસખી સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ પણ ગાયું છે :-

**'હમતો એક સહજાનંદ સહજાનંદ ગાવે,**
**હમારે મન સ્વામિનારાયણ દુસરો ન ભાવે;'**

(કીર્તનામૃત : પેજ નં.૩૭, પ્રકાશક : શ્રી સ્વા. મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૧૦)

પ્રેમાનંદ સ્વામીએ પણ **'સ્વામિ' શબ્દાર્થ અને 'નારાયણ' શબ્દાર્થ ભિન્ન ભિન્ન વ્યક્તિમાં** નહિ પણ એક જ વ્યક્તિમાં બંને શબ્દો પ્રયોજ્યા છે. અને જો સ્વામીએ સહિત નારાયણ એવો અર્થ હોત તો પ્રેમાનંદ સ્વામીએ ગાયું હોત : 'હમારે મન સ્વામિનારાયણ **તિસરો** ન ભાવે...', પરંતુ આવું તો ગાયું નથી.

**'આજ એ નામનો છે અમલ રે, તે ન વીસરવું એક પલ રે;**
**લેતા નામ નારાયણ સ્વામી રે, જાણો તે બેઠા ધામને પામી રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૧૨)

**'સર્વે ધામના જે કોઈ ધામી રે, તે તો અમે નારાયણ સ્વામી રે;**
**વાત આજની છે અતિ મોટી રે, જેથી જીવ તર્યા કોટિ કોટિ રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૪)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પણ સ્પષ્ટ **'સ્વામિનારાયણ'** આ નામ **એક જ વ્યક્તિ**ને સંબોધીને કહી રહ્યા છે.

અને **સ્વામી** શબ્દનો **વિશેષણ** તરીકે જ પ્રયોગ કર્યો છે.

**'તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી;**
**માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું છું તેહ.'**

(પુરુષોત્તમલીલામૃત સુખસાગર : તરંગ-૧૩)

'પુરુષોત્તમલીલામૃત સુખસાગર' ગ્રંથમાં 'સ્વામી અને નારાયણ' એ બંને શબ્દો એકજ વ્યક્તિ માટે પ્રયોજેલા છે. અહિં **સ્વામી** શબ્દ **વિશેષણ** છે અને **નારાયણ** શબ્દ **વિશેષ્ય** છે. અર્થાત્ 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો કર્મધારય સમાસથી શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ 'સ્વામી એવા જે નારાયણ' થાય છે.

ભગવદ્ ગીતાના આઠમા અધ્યાયના ૨૧મા શ્લોકમાં તથા પંદરમા અધ્યાયના ૧૬ થી ૧૮મા શ્લોકોમાં સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ **'ગીતાભાષ્ય'**માં 'અક્ષર'ની **વ્યાખ્યા** કરતા કહ્યું નથી કે, આ 'અક્ષર' એ ગુણાતીતાનંદ સ્વામી છે. અને ગીતાભાષ્યની ટીકામાં પણ શુકાનંદ સ્વામી દ્વારા 'અક્ષર' એ 'ગુણાતીતાનંદ સ્વામી' છે એવી અણસાર પણ મળતી નથી.

આમ, 'સ્વામિનારાયણ' મહામંત્રમાં 'સ્વામીએ સહિત નારાયણ' આવો મરજી મુજબનો અર્થ તારવી 'અક્ષર-પુરુષોત્તમ'ની ભેળસેળથી એકતાવાળું કૃત્રિમ તત્ત્વજ્ઞાન ઉપજાવી કાઢવું તે એકદમ અયોગ્ય છે. તે પૂર્વના વડીલ નંદસંતો અને ધર્મપુરુષોએ દર્શાવેલા રહસ્ય પ્રમાણે નથી.

**સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો....**

● સર્વ બ્રહ્માંડોમાં અનંત કોટાન કોટિ ભગવાનની મૂર્તિઓ છે; એ સર્વના કારણ **સ્વામિનારાયણ** ભગવાન છે એમ સમજવું.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૩/૧૨૪)

● આ તો સર્વોપરિ રામકૃષ્ણાદિક **અવતારના અવતારી** તે **હરિપ્રસાદ** નામે વિપ્રને ઘેર પ્રગટ થયા છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૨)

● આ શ્રીજી મહારાજ તો સર્વ **અવતારના અવતારી** ને **અક્ષરધામના પતિ** છે. (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૩)

● અમે તો સર્વે **અવતારના અવતારી** ને **અક્ષરધામના પતિ** શ્રી પુરુષોત્તમ નારાયણ છીએ. (શ્રી ગુ. સ્વામીની વાતો : ૪/૫)

● તમે તો સર્વ **અવતારના અવતારી** ને **અક્ષરધામના પતિ** પૂર્ણ પુરુષોત્તમ છો. (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૯)

● આ તો અવતાર નહિ, આ તો સર્વે **અવતારના અવતારી** ને **અક્ષરધામના પતિ** છે, તે જ આજે કૃપા કરીને જીવના કલ્યાણ કરવાને અર્થે પધાર્યા છે. (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૧૧)

● હે મહારાજ ! તમે તો અનંત કોટિ બ્રહ્માંડના આધાર જે અક્ષર તેના પતિ છો, ને સર્વ **અવતારના અવતારી** ને સર્વ કારણના કારણ સાક્ષાત પુરુષોત્તમ નારાયણ છો.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૧૩)

● એવા અનંત અક્ષર મુક્તે સેવ્યા એવા જે પ્રગટ પુરુષોત્તમ તેની તમારે સાક્ષાત્ પ્રાપ્તિ છે. ને એવા જે પ્રગટ પુરુષોત્તમ **શ્રી સ્વામિનારાયણ** તે બીજા ધામમાં રહી જે મૂર્તિઓ તથા સર્વે અવતાર તેના કારણ છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૧૫)

● સર્વ થકી પર જે **અક્ષરધામ** તેના **પતિ** એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેની તમો સર્વને સાક્ષાત્કાર પ્રાપ્તિ થઈ છે; ને તે પુરુષોત્તમનો તમારે દૃઢ આશરો થયો છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૧૬)

● **સર્વ અવતારના અવતારી** ને **અક્ષરધામના પતિ** શ્રી પુરુષોત્તમ ભગવાન તે તમોને પ્રત્યક્ષ મળ્યા છે, માટે તે પુરુષોત્તમ ભગવાનની એકાંતિકી ભક્તિ નિરંતર કરવી.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૨૩)

● રામકૃષ્ણાદિક **સર્વ અવતારના અવતારી** એવા જે આ શ્રી સહજાનંદ પ્રગટ પુરુષોત્તમની મૂર્તિના ધ્યાનનો પ્રતાપ છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૨૪)

● પુરુષોત્તમ તો અક્ષર થકી પર ને રામકૃષ્ણાદિક **સર્વ અવતારના અવતારી** ને સર્વ કારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજીમહારાજ છે..,. ...રામકૃષ્ણાદિક **સર્વ અવતારના અવતારી** પ્રત્યક્ષ હરિકૃષ્ણ અમે છીએ; એમાં કિંચિત માત્ર સંશય નથી. (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૨૬)

● રામકૃષ્ણાદિક **સર્વ અવતારના અવતારી** ને સર્વ કારણના કારણ પ્રગટ હરિકૃષ્ણ પુરુષોત્તમ ! તે અક્ષરધામ થકી જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે દયા કરીને પધાર્યા છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૨૯)

● અક્ષરધામને વિષે સદા વિરાજમાન એવા હરિકૃષ્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે..., ...અક્ષરાદિક સર્વે ઉપર દયા કરીને એમની સેવાને અંગીકાર કરે છે, ને પોતે તો સર્વ પ્રકારે નિર્દોષ છે ને પૂર્ણકામ છે; ને અનંત અક્ષરાદિક મુક્ત ને અનંત શક્તિઓ ને અનેક વિભૂતિઓ અને અનેક ઐશ્વર્ય ને એ સર્વેએ સેવ્યા થકા અનાદિ નિત્યસિદ્ધ, અનવધિકાતિશય ને નિરંકુશ દિવ્ય એવું ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા જે **સ્વામિનારાયણ** તે જ **અક્ષરાતીત સર્વોપરિ** પુરુષોત્તમ છે. (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૩૦)

● આ પ્રગટ પુરુષોત્તમ શ્રીજીમહારાજ સહજાનંદ સ્વામી તે સર્વે શ્રીકૃષ્ણાદિક જે અવતાર તેમના **અવતારી** ને સર્વેના કારણ ને સર્વેના નિયંતા છે; એમાં લેશ માત્ર ફેર નથી.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૭)

● અને **સર્વે અવતારના કારણ** પુરુષોત્તમ સહજાનંદ સ્વામી છે, તેની ઉપાસનાએ કરીને તો ઠેઠ અક્ષરધામમાં જાય.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૨૧)

● શ્રીજીમહારાજ સર્વ અવતારના **અવતારી** છે, તેને જ **સર્વોપરિ ભગવાન** જાણવા. (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૨૨)

**સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો....**

● એવા જે પ્રકટ પુરુષોત્તમ તેમની જેમ તમારે ઉપાસના થઈ છે તેમ જેને ઉપાસના થાય તે જ પુરુષોત્તમને પામે ને બીજો પુરુષ તો કોટી સાધન કરે તો પણ ન પામે એવી જે રહસ્યવાર્તા છે તે જ્ઞાનવાન્ એવા જે એકાંતિક સંત તેને પ્રસંગે, કરીને સમજાય છે. ને **અક્ષરાદિક સર્વ થકી પર ને અદ્વિતીય મૂર્તિ** એવા જે પ્રકટ પુરુષોત્તમ **'શ્રીસ્વામિનારાયણ'** તેમને એ રીતે **સર્વોપરી** જાણવા એ સર્વ સત્પુરુષ ને સર્વ સત્શાસ્ત્ર તેમનો પરમ રહસ્ય અભિપ્રાય છે. (શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૫૨)

● તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે ને પુરુષોત્તમ તો **અક્ષર થકી પર** પ્રત્યક્ષ પ્રમાણ આ શ્રીજીમહારાજ છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૬૨)

● એવા જે અક્ષરાતીત શ્રી સહજાનંદજી મહારાજ તે તો રામકૃષ્ણાદિક **સર્વ અવતારના અવતારી** છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૬૩)

● શ્રી સહજાનંદસ્વામી **સર્વે અવતારના અવતારી** સર્વોત્તમ પુરુષોત્તમ છે. (શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૬૪)

● **સર્વ અવતારના અવતારી** ને સર્વ કારણના કારણ પ્રકટ હરિકૃષ્ણ **પુરુષોત્તમ** છે એમ સર્વે મોટા સંતનો અને શ્રીજીમહારાજનો **સિદ્ધાંત** છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૬૫)

● આ અવતાર નહિ આતો **સર્વોપરી અવતારી** છે તે સર્વોપરી કલ્યાણ જીવનું કરે છે, ને આવા તો કોઈ થયા નથી ને થાશે પણ નહિ એવા તો એ એકજ છે ને હું પણ સર્વ ધામો પ્રત્યે જાઉં છું ત્યારે સર્વે તે ધામના વાસી એમજ કહે છે જે શ્રી સહજાનંદ હરિકૃષ્ણ તો **સર્વે અવતારના અવતારી** સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૬૬)

● આ અવતાર નહિ, આ તો રામકૃષ્ણાદિક **સર્વે અવતારના અવતારી** પ્રકટ પુરુષોત્તમ છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૬૭)

● એ તો રામકૃષ્ણાદિક **સર્વે અવતારના અવતારી** શ્રીસહજાનંદ પુરુષોત્તમ તેની મૂર્તિના ધ્યાનનો પ્રતાપ છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૬૮)

● આ તો સર્વોપરી રામકૃષ્ણાદિક અવતારના અવતારી છે તે **હરિપ્રસાદ** નામે વિપ્રને ઘેર પ્રકટ થયા છે..., ...એવા જે શ્રીસહજાનંદ પુરુષોત્તમ તે સર્વોપાસ્ય રાજાધિરાજ ને **સર્વે અવતારના અવતારી** છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૬૯)

● હે મહારાજ ! તમે તો **સર્વે અવતારના અવતારી** પુરુષોત્તમ છો. માટે તમે દેખો તેમાં શું કહેવું ? તમે તો દિવ્ય એવા જે ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, પાર્ષદ, ને શક્તિઓ તેણે યુક્ત એવા અનાદિ નિત્ય સિદ્ધ સર્વોત્કૃષ્ટ પરિપૂર્ણ ને અનવધિકાતિશય કલ્યાણકારી ગુણે યુક્ત થકા એકાંતિક ભક્તને સુખ દેવાને અર્થે કૃપા કરીને હરિપ્રસાદ (વિપ્ર) ને ઘેર પ્રગટ થયા છો.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૭૧)

● એવો અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વે ભેળો કરીએ તો **સર્વે અવતારના અવતારી** જે શ્રીહરિકૃષ્ણ પૂર્ણપુરુષોત્તમના એક રોમના કોટીમા ભાગની પાશંગના બરોબર નથી આવતો એવા પુરુષોત્તમ છે. તે દિવ્ય, તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બળ, કીર્તિ, સ્વરાટ, સત્યસંકલ્પ એવા અનેક દિવ્યગુણે યુક્ત એ મૂર્તિ છે ને અનવધિકાતિશય અનેક નિરંકુશ દિવ્ય એવાં ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને **શ્રીધર્મદેવ ને ભક્તિ થકી છે જન્મ જેમનો એવા જે 'શ્રી સ્વામિનારાયણ' તેજ અક્ષરાતીત સર્વોપરિ પુરુષોત્તમ ભગવાન છે.** તેમાંથી સર્વ અવતાર પ્રકટ થાય છે ને પાછા તેમને વિષે લીન થાય છે તે જેમ તારા ચંદ્રમાને વિષે લીન થાય છે અને જેમ ચંદ્રમા સૂર્યને વિષે લીન થાય છે તેમ લીનતા છે, પણ જેમ જળમાં જળ મળે છે ને અગ્નિમાં અગ્નિ મળે છે તેમ નથી. **અવતાર ને અવતારી**માં તો ઘણો **ભેદ** છે એમ જાણવું.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૭૨)

● અનંતકોટિ અક્ષરનું તેજ ભેળું કરીએ તે પુરુષોત્તમ નારાયણના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે તે પુરુષોત્તમનારાયણ તે **ભક્તિધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણજી મહારાજ** આ પ્રગટ પ્રમાણ છે એમ જાણવું. (શ્રી ગો. સ્વામીની વાતો : ૨/૩૯)

● **અવતારી** એવા જે પૂર્ણ પુરુષોત્તમ **ભક્તિધર્મના પુત્ર શ્રી હરિકૃષ્ણજી મહારાજ** તેમની સેવામાં રહે ત્યારે સુખ થાય પણ તે વિના તો જેમ જેમ અધિક સંપત્તિને પામે છે તેમ તેમ અધિક દુઃખને પામે છે. (શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૩/૧૯)

[**નોંધ** :- ઉપરોક્ત સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની **વાતોથી** એ **સિદ્ધ** થાય છે કે : (૧) સ્વામિનારાયણ, સહજાનંદ સ્વામી, હરિકૃષ્ણ મહારાજ, શ્રીજીમહારાજ, પુરુષોત્તમનારાયણ, પુરુષોત્તમભગવાન વગેરે આવા અનેક નામો અને અક્ષરધામના અધિપતિ, અવતારના અવતારી, ભક્તિ-ધર્મપુત્ર, સર્વોપરી, અદ્વિતીયમૂર્તિ, સર્વકારણના કારણ, અક્ષરાતીત, અક્ષરધામના પતિ, અનંતકોટિ બ્રહ્માંડના આધાર, સર્વના નિયંતા વગેરે આવા અનેક વિશેષણો **એકજ વ્યક્તિ** માટે પ્રયોજાયેલા છે, બે વ્યક્તિ માટે પ્રયોગ થયો હોય એવો **અણસાર** પણ નથી. (૨) સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી તથા સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના મનમાં **'સ્વામિનારાયણ' મહામંત્ર**નો **અર્થ** 'સ્વામીએ સહિત નારાયણ' હોય એવી સ્વપ્નામાં પણ **કલ્પના** નહિ કરી હોય. પરંતુ જેમણે **શબ્દછલ** આચરી પોતાના સ્વાર્થની સિદ્ધિ જ કરવી છે એવા બુદ્ધિજીવી લોકો (વડતાલ અને અમદાવાદ ગાદીસ્થાન - મૂળ સંપ્રદાયથી

વિમુખ સંસ્થાઓ) ના જ આ શબ્દ હોય શકે. (૩) 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો 'સ્વામીએ સહિત નારાયણ' એવો અર્થ કરીશું તો 'એવા જે સ્વામિનારાયણ તે જ **અક્ષરાતીત** સર્વોપરી પુરુષોત્તમ છે' આવો પ્રયોગ થઈ શકશે નહિ. કારણ કે સ્વામીએ સહિત એટલે કે અક્ષરે સહિત નારાયણ અક્ષરાતીત નથી. અક્ષર, અક્ષરથી અર્થાત્ અક્ષર સ્વયં - સ્વયંથી અતીત (પર) કઈ રીતે હોઈ શકે ? માટે 'સ્વામિનારાયણ' મહામંત્રમાં 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો કર્મધારય સમાસ કરવાથી **એક વ્યક્તિપરક** બોધ થાય છે અર્થાત્ સ્વામી વિશેષણ છે અને નારાયણ વિશેષ્ય છે. હવે સ્વામીની વાતોનો બાધ આવશે નહિ. અને તે વાતનો અર્થ આ રીતે થશે : 'સ્વામિનારાયણ એવા જે સહજાનંદ સ્વામી તે જ અક્ષરાતીત સર્વોપરી પુરુષોત્તમ છે.']

'સ્વામિનારાયણ' મહામંત્રમાં 'स्वामिना युत इति स्वामियुतः' - 'तृतीया तत्कृतार्थेन गुणवचनेन (अ. ।।२।१।३०।।)' આ પાણિનિસૂત્રનો 'तृतीया'એ યોગવિભાગથી સમાસ થઈ 'स्वामियुतश्च नारायणश्च इति स्वामिनारायणः' આવો 'समानाधिकरणाधिकारे शाकपार्थिवादीनामुपसंख्यानमुत्तरपद-लोपश्च (वार्तिक १३३९ वर्णो वर्णेन ।।२।।१।६८।। भाष्य.)' આ વાર્તિકથી મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ થતાં શબ્દ સિદ્ધ થાય છે. જેનો **અર્થ** 'સ્વામીએ સહિત નારાયણ' એવો થાય છે. અને **ભાવાર્થ** પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી છે તેવો થાય છે. આવો **વિરુદ્ધ અર્થ** મૂળ સંપ્રદાયથી વિમુખ-મનમુખી સંસ્થાવાળાઓ સમજાવે છે.

પરંતુ અહિં **પ્રશ્ન** એ થાય છે કે, સ્વામીએ સહિત નારાયણ આવો સ્પષ્ટ અર્થ છે અને એનો ભાવાર્થ પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી છે. આવો કઈ રીતે થઈ શકે ? 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આ મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસમાં આ ભાવાર્થનો ગંધ પણ નથી. 'युतः' શબ્દનો અર્થ શિક્ષાપત્રી ભાષ્યમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'સહવર્તમાન'** કરે છે અને તમે 'અમુક વ્યક્તિ સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ' આવો શિક્ષાપત્રી ભાષ્યથી વિરુદ્ધ **ભાવાર્થ** કરો છો તે કેમ ચલાવી લેવાય ? 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં ક્રિયાપદ, જીવાત્મા, દાસભાવ અને સેવા આ તમામ શબ્દોનો અહિં **ઉલ્લેખ** પણ નથી.

લક્ષણાથી પણ આ **ભાવાર્થ** કરી શકાશે નહિ. કારણ કે બે પદોમાં અથવા વાક્યમાં અન્વયની અયોગ્યતાથી **તાત્પર્યવિષયનો અભાવ** હોય ત્યાં જ **લક્ષણા** કરવામાં આવે છે. અહિં તો સમાસ થતાં **'સ્વામિનારાયણ'** એક જ પદ છે માટે **લક્ષણા** કોઈપણ પરિસ્થિતિમાં થશે નહિ અને શ્રીભાષ્યમાં **શ્રી રામાનુજાચાર્ય** કહે છે કે, દરેક શબ્દનો અર્થ **સીધી રીતે** થતો હોય તે જ **ખરો અર્થ** હોય છે. પરંતુ અપોહવાદિ (વિપરીત તર્કથી પદાર્થની અતદ્ વ્યાવૃત્તિ કહેનાર) દ્વારા થતો અર્થ ખરો અર્થ હોતો નથી, આમ છતાં કોઈ મારીમચોડીને 'સ્વામિનારાયણ' શબ્દમાં **લક્ષણા** કરવાનો **પ્રયાસ** કરે તોપણ 'સ્વામિનારાયણ' શબ્દનો **સ્વઅર્થ**માં એટલે કે પોતાના જ **મુખ્ય અર્થમાં** અન્વય થતો હોવાથી **લાક્ષણિક અર્થ** કોઈ કાળે સંભવિત નથી. આ વાત **'પરમલઘુમંજુષા'** ગ્રંથમાં★ કહી છે.

'अन्वयायोग्यत्वादिना तात्पर्यविषयत्वाभावे लक्षणा ।'
'यत्र वाक्ये यत्पदं येनोच्चारयित्रा यदर्थप्रतीतीच्छयोच्चारितं
तत्र वाक्ये तत्पदं तदर्थे लाक्षणिकं नान्यत्र वाक्ये ।।'

વાક્યોમાં અન્વયની અયોગ્યતા આદિઓથી તાત્પર્ય વિષયતાના અભાવમાં લક્ષણા કરવામાં આવે છે. ઉચ્ચારણ કર્તાએ (વક્તાએ) જે પદ જે વાક્યમાં જે અર્થની પ્રતીતિની ઈચ્છાથી ઉચ્ચારણ કર્યું હોય તે વાક્યમાં તે પદના અર્થમાં **લક્ષણા** થાય છે, અન્ય વાક્યોમાં નહી.

(પરમલઘુમંજુષા ટીકા : જ્યોત્સના)

અને હા..., મંત્રમાં પ્રત્યેક અક્ષરનો **ભાવાર્થ** શાસ્ત્રોમાં જોવા મળે છે. જેમ કે -

'कृषिनिर्वाणवचनो नकारो मोक्षवाचकः ।
अकारो दातृवचनस्तेन कृष्ण इति स्मृतः ।।'

'કૃષ્ણ' શબ્દનો અર્થ કરતા બ્રહ્મવૈવર્તપુરાણના કૃષ્ણજન્મખંડમાં કહે છે - 'कृष्' નિર્વાણ(પરમપદ) વાચક છે. 'न' મોક્ષવાચક છે અને 'अ' દાતાવાચક છે. આથી મોક્ષરૂપી પરમપદ આપનારને **શ્રીકૃષ્ણ** કહેવાય છે.

(બ્રહ્મ.વૈ. પુરાણ : કૃષ્ણજન્મખંડ : અ.૧૩/શ્લો. ૬૨)

'ब्रह्मणो वाचकः कोऽयम् ऋकारोऽनन्तवाचकः ।
शिवस्य वाचक षश्च नकारो धर्मवाचकः ।।
अकारो विष्णुवचनः श्वेतद्वीपनिवासिनः ।
नरनारायणार्यस्य विसर्गो वाचकः स्मृतः ।।
सर्वेषां तेजसां राशिः सर्वमूर्तिस्वरूपकः ।'

યશોદામાતાને **'કૃષ્ણ'** શબ્દનો અર્થ સમજાવતાં ગર્ગાચાર્ય કહે છે - 'क' બ્રહ્માનો વાચક છે 'ऋ' અનંત (શેષનાગ) અર્થ દર્શાવે છે. 'ष' શિવજીનો બોધ કરાવે છે. 'न' ધર્મદેવનો અર્થ સમજાવે છે. 'अ' વિષ્ણુને કહે છે. વિસર્ગ (:) નરનારાયણનો અર્થ

---

★'सा च लक्षणा तात्स्थ्यादिनिमित्तिका ।
तदाह तात्स्थ्यात्तथैव ताद्धर्म्यात्तत्सामीप्यात्तथैव च ।
तत्साहचर्यात्तादर्थ्याज् ज्ञेया वै लक्षणा बुधैः ।। इति।।
यथा मञ्चा हसन्ति । सिंहो माणवकः ।
गङ्गायां घोषः । यष्टीः प्रवेशय । स्थूणा इन्द्रः ।'
(પરમલઘુમંજુષા લક્ષણાનિરુપણમ્)

કહે છે. આવી રીતે 'क्' + 'ऋ' + 'ष्' + 'न्' + 'अ' + : = 'कृष्णः' શબ્દ તમામ દેવતાઓ અને તેજોરાશિનો વાચક છે.

(બ્રહ્મ.વૈ. પુરાણ : કૃષ્ણજન્મખંડ, પૂર્વાર્ધ : અ.૧૩/૫૬-૫૮)

'रेफो हि कोटिजन्माघं कर्मभोगं शुभाशुभम् ।
आकारो गर्भवासं च मृत्युं च रोगमुत्सृजेत् ।।
धकार आयुषो हानिमाकारो भवबन्धनम् ।
श्रवणस्मरणोक्तिभ्यः प्रणश्यति न संशयः ।।'

'રાધા' શબ્દની વ્યુત્પત્તિમાં 'ર્' કરોડો જન્મોના પાપ તથા શુભ-અશુભ ભોગથી છૂટકારો આપે છે. 'આ' ગર્ભવાસ, મૃત્યુ તથા રોગને દૂર કરે છે. 'ધ્' આયુષ્યની હાનિને અને 'આ' જન્મમરણનો નાશ કરે છે. રાધા નામના શ્રવણ, સ્મરણ અને કીર્તનથી આવી રીતે તમામ દોષો નાશ પામે છે.

(બ્રહ્મ.વૈ. પુરાણ : કૃષ્ણજન્મખંડ, અ.૧૩/૧૦૫-૬)

સ્વયં ભગવાન શ્રીહરિએ ભક્તિમાતાને **'ભક્તિ'** શબ્દના પ્રત્યેક વર્ણનો અર્થ સમજાવતાં કહ્યું છે :-

'भजधातोस्तु सेवार्थः प्रेम क्तिन्प्रत्ययस्य च ।
स्नेहेन भगवत्सेवा भक्तिरित्युच्यते बुधैः ॥'

શ્રીહરિ કહે છે : "હે માતા ! **ભજ** ધાતુનો 'સેવા કરવી' એવો અર્થ થાય છે. અને તેને લાગેલા **'ક્તિન્'** પ્રત્યયનો 'સ્નેહ' એવો અર્થ થાય છે. અર્થાત્ **સ્નેહપૂર્વક ભગવાનની સેવા કરવી** એને જ્ઞાની પુરુષોએ **ભક્તિનું સ્વરૂપ** કહ્યું છે."

(શ્રી સત્સંગિજીવન : ૧/૩૬/૧)

સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ **'સહજાનંદ'** શબ્દના પ્રત્યેક વર્ણનો અર્થ સમજાવતાં કહ્યું છે :-

**'સકાર કે'તા સર્વે દુઃખ વામે રે, હકાર કે'તા હરિધામ પામે રે ॥**
**જકાર કે'તાં જય જય જાણો રે, નકાર કે'તાં નિર્ભય પ્રમાણો રે ॥૧૮॥**
**દકાર કે'તાં દદામા દઈને રે, પામે ધામ સહજાનંદ કહીને રે ॥'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩)

ઉપરોક્ત પ્રત્યેક વર્ણનો અર્થ વક્તાના મનનો ભાવાર્થ હોય છે. પરંતુ સાચો અર્થ તો પદ કે વાક્ય દ્વારા જ સ્પષ્ટ થાય છે. કારણ કે ભગવાનના નામો અન્વર્થ હોય છે.

એટલા માટે જ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ **'શિક્ષાપત્રી ભાષ્ય'**માં **'સહજાનંદસ્વામી'**નું અન્વર્થ **નામ** બતાવતાં કહ્યું છે :-

'सहजः स्वभावसिद्धो न त्वन्यवत् साधनजन्यः कृत्रिमो वा आनन्दो यस्येति सहजानन्दः ।' સહજાનંદ સ્વામી એ પ્રમાણે **સહજ** સ્વભાવસિદ્ધ છે, બીજાની માફક સાધનજન્ય નહી; તેમ કૃત્રિમ પણ નહી એવો છે સહજ **આનંદ** જેમનો તે **'સહજાનંદ.'** 'यद्वा सहन्ते ज्ञानबलेन द्वन्द्वानीति सहाः साधवः । जायन्त इति जाः जनाः, सहाश्च ते जाश्च सहजाः साधुजनास्तानान्दयतीति तथोक्तः ।' અથવા જ્ઞાનના બળ વડે સુખ-દુઃખ વગેરે જોડલાંઓને સહન કરે તે 'सह' કહેવાય. અને ઉત્પન્ન થાય તે 'ज' કહેવાય. 'सह' અને 'ज' તે 'सहज' કહેવાય. **સહજ** એટલે સાધુજનો તેમને **આનંદ** આપે તે **'સહજાનંદ'** કહેવાય. (શિક્ષાપત્રી ભાષ્ય : શ્લોક-૨)

એટલા માટે જ મહામુનિ **પતંજલિ** કહે છે :-

'नाम कृतं कुर्यान्न तद्धितमिति ।' - 'નામ કૃત્ પ્રત્યયવાળું રાખવું પણ તદ્ધિત પ્રત્યયવાળું ન કરવું.' અર્થાત્ હંમેશા અન્વર્થ નામ રાખવું. (પ્રકૃતિ, પ્રત્યય સંમિલિત યૌગિક રાખવું.)

'तद्धि प्रतिष्ठिततमं भवति ।' - કારણ કે તેવું જ નામ **પ્રતિષ્ઠિત** થાય છે. (વ્યાકરણ મહાભાષ્ય પસ્પશાહ્નિક)

'पदे न वर्णा विद्यन्ते वर्णेष्ववयवा न च । वाक्यात् पदानामत्यन्तं प्रविवेको न कश्चन ।।' - વાક્યપદીય ગ્રંથમાં ભર્તૃહરિ કહે છે કે, જેમ ક, ખ, ગ, આદિક વર્ણોમાં અવયવ હોતા નથી. એવી જ રીતે પદમાં વર્ણરૂપી અવયવો હોતા જ નથી. અને વાક્યમાં પણ પદનો વિભાગ નથી. અર્થાત્ પદ અને વાક્ય વસ્તુતઃ **અખંડ** છે.

(વાક્યપદીયઃ બ્રહ્મકાંડ : ૭૩)

કહેવાનું **તાત્પર્ય** એ છે કે, શાસ્ત્રીય પ્રક્રિયા અથવા લોકના વ્યવહારના નિર્વાહ માટે અપોહવાદ (તર્ક અને તેના સમાધાનથી નિર્ણીત) દ્વારા અખંડપદમાં અવયવરૂપ વર્ણ વિભાગની કલ્પના કરવામાં આવે છે. પરંતુ વાસ્તવિક રૂપમાં તો પદ પૂર્વ-પર વર્ણક્રમ ભેદથી રહિત સ્વતઃ અખંડ છે.

માટે વ્યાકરણની દૃષ્ટિએ 'સ્વામિનારાયણ' આ પદમાં પ્રત્યેક વર્ણનો કોઈ જ અર્થ નથી. કારણ કે કોઈપણ અર્થનો બોધ પદના જ્ઞાન દ્વારા થાય છે. આ સિદ્ધાંત મૂળરૂપમાં 'येनोच्चारितेन' આદિક મહાભાષ્યના પ્રદીપ અને ઉદ્યોતમાં સ્પષ્ટ છે.

ડૉ. **સુરેશ ત્રિપાઠી** કહે છે :-

'न हि किञ्चित् पदं नाम रूपेण नियतं क्वचित् । पदानां रूपमर्थो वा वाक्यार्थादेव जायते ।।' - કોઈપણ પદ, નામ અને રૂપ નિયત નથી હોતું. પદોના રૂપ અને અર્થ વાક્યાર્થથી જ જાણવામાં આવે છે.

(સંસ્કૃત વ્યાકરણ દર્શન)

અને 'सकृदुच्चरितः शब्दः सकृदेवार्थं गमयति इति न्यायेन ।' એકવાર બોલેલો શબ્દ એકજ અર્થનો બોધ કરાવે છે. 'यावन्तोऽर्थास्तावन्तः शब्दाः प्रयोक्तव्याः (१।२।६४।। प्रौढमनोरमा-टीका संस्कृत बालप्रकाशिका)' - 'यावन्तन्तेऽर्थास्तावतां शब्दानां प्रयोगः (काशिका)'જેટલા અર્થોનો બોધ કરાવવો હોય તેટલા જ શબ્દનો પ્રયોગ કરવો જોઈએ. આ ન્યાયથી 'युतः' શબ્દનો અર્થ શિક્ષાપત્રી ભાષ્યમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી એ **'સહવર્તમાન'** એવો સ્પષ્ટ કરેલો છે. પરંતુ તમારા સ્વાર્થને ખાતર શિક્ષાપત્રી ભાષ્યથી **વિરુદ્ધ અર્થ** કરવા તમે પ્રેરાયા છો. કારણ કે, તમારા ભાવાર્થને અનુસરતો 'युतः'શબ્દ તો છે નહિ, તો આ બાપ વગર દિકરો જન્મ્યો ક્યાંથી ? (અર્થાત્ કારણ વિના કાર્ય કેમ સંભવે ?)

'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ સ્વીકારવામાં તમે **દૃષ્ટાંત** શિક્ષાપત્રીનું આપો છો. જેમ કે -

'स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः । रुक्मिण्या

रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥१०९॥' - અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે **'રાધાકૃષ્ણ'** એવે નામે જાણવા, અને રૂક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે **'લક્ષ્મીનારાયણ'** એવે નામે જાણવા. (શિક્ષાપત્રી : ૧૦૯)

અહિં - 'राधया + युतः = इति राधायुतः राधायुतश्चासौ कृष्ण इति राधाकृष्णः' જેનો અર્થ થાય છે - 'રાધાએ સહિત કૃષ્ણ.' આવી રીતે સમાસ કરીને જેમ 'રાધાકૃષ્ણ' શબ્દ સિદ્ધ થાય છે. તેવી જ રીતે 'સ્વામિનારાયણ' શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ થાય છે - 'સ્વામીએ સહિત નારાયણ.'

પરંતુ જો તમે 'પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી છે' એમ કહો છો; પણ જો આવો **ભાવાર્થ** કરશો તો દૃષ્ટાંત (ઉપમા) અને દાર્ષ્ટાંતિક (ઉપમેય)માં **સજાતિપણું** જોઈએ એ રહેશે નહિ. કારણ કે દૃષ્ટાંતમાં રાધાએ સહિત કૃષ્ણ આવા ભાવાર્થને લઈને મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ થયો છે. અને તમે તો પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી છે આવો ભાવાર્થ લઈને 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરો છો, માટે દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક (ઉપમા યોગ્ય)માં સમાનપણું નથી માટે **દૃષ્ટાંત** પ્રમાણરૂપ નથી.

બીજું સ્વામી સહિત નારાયણ એટલે સ્વામિનારાયણ અહિં થયેલ મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસથી પ્રામાણિકતા પૂરવાર કરવા 'स राधया युतः....' વગેરે શ્લોકો ટાંક્યા છે. પરંતુ તે શ્લોકોમાં દર્શાવેલ રાધા અને લક્ષ્મીનું ગ્રહણ પત્ની હોવાથી કર્યું છે. અને અર્જુન અને બલભદ્રનું ગ્રહણ પણ શ્રીકૃષ્ણના અંશરૂપે હોવાથી કર્યું છે. માટે તે શ્લોકો ઉત્તમ ભક્ત તરીકે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને 'સ્વામી' શબ્દથી ગ્રહણ કરવામાં પ્રમાણભૂત બનતા નથી.

શિક્ષાપત્રીના પહેલા શ્લોકના 'राधा' અને 'श्रीः' શબ્દની વ્યાખ્યા કરતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી અર્થદીપિકા ટીકામાં કહે છે :- 'ब्रह्मवैवर्त पुराणस्थ श्रीकृष्णजन्मखण्डादौ श्रीवृन्दावने भगवत्कृतराधिकापरिणयनवर्णनं बाध्येत । श्री लक्ष्मीस्तु तद्रमणार्थ-मतिसान्निध्यस्थिता प्रगल्भैव । पतिमात्रविषयककेलिकलापकोविदा प्रगल्भा ।' - બ્રહ્મવૈવર્તપુરાણના શ્રીકૃષ્ણજન્મખંડમાં શ્રી વૃંદાવનમાં ભગવાને રાધા સાથે કરેલા લગ્નના વર્ણનનો બાધ આવે. શ્રી લક્ષ્મીજી તો પ્રભુ સાથે જ રમવા માટે અતિસમીપમાં રહેલા **પ્રગલ્ભા** જ છે. પતિની સાથે જ રમવામાં નિપુણ તે પ્રગલ્ભા કહેલી છે.

રાધા, લક્ષ્મી બંને ભગવત્ સેવા પરાયણ હોવાથી ધીરાધીરાદિના ભેદો કહ્યા નથી. તેમનું માનાવસ્થામાં જ રસગ્રંથોમાં વર્ણન કરેલું છે. બંને નાયિકાનું રંજન કરવાથી ભગવાનનું દક્ષિણનાયકપણું જણાય છે. અનેક નાયિકાઓમાં સમાન પ્રેમ એ **દક્ષિણનાયકનું લક્ષણ** છે. એટલે જ તો શ્રી શતાનંદ સ્વામીએ અર્થદીપિકા ટીકામાં શ્લોક - ૧૧૧માં 'राधादयो भक्ताः' આ પંક્તિમાં આવેલ ભક્ત શબ્દની વ્યાખ્યા 'सेवकाः' કરે છે. પત્ની ને માટે સેવ્ય એ પોતાનો પતિ જ છે આ દૃષ્ટિએ પત્નીને **સેવક** કહેવામાં આવે છે. અંતે તો પત્ની પતિની **ભક્ત** જ હોય છે.

'एका गृह्यमाना खलु एकस्य पत्नी अपरस्य माता, अपरस्य सहोदरी अपरस्य दुहिता, अपरस्य भ्रातृजाया, इति एवं खलु परस्परं सन्बन्धो भवति' - એક જ સ્ત્રી **સીતા**; રામની દૃષ્ટિએ પત્ની છે, લવકુશની દૃષ્ટિએ માતા છે, ઉર્મિલાની દૃષ્ટિએ બહેન છે અને જનકરાજાની દૃષ્ટિએ દીકરી છે, લક્ષ્મણની દૃષ્ટિએ ભાભી છે. એવી જ રીતે પતિ એવા રામમાં અતિ સ્નેહની દૃષ્ટિથી સીતા ભક્ત પણ છે અને સંબંધની દૃષ્ટિથી આવો વ્યવહાર જગતમાં જોવામાં આવે છે અને દૃષ્ટિથી જ ભગવાન શ્રી સ્વામિનારાયણે રાધા, લક્ષ્મી અને અર્જુનને ભક્ત કહ્યા છે. અરે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ આ સંબંધની દૃષ્ટિએ શિક્ષાપત્રીમાં પ્રથમ શ્લોકમાં એક (સંપ્રદાયના સંસ્થાપક-ગુરુ અને સ્વયં ભગવાન હોવા છતાં) ભક્ત બનીને મંગલાચરણ કર્યું છે.

પત્ની માટે પતિ એ જ પરમેશ્વર હોય છે. તે શાસ્ત્રોમાં કહ્યું છે. જેમ કે -

- 'पतिर्हि देवता नार्याः ।' - સ્ત્રીઓને પોતાનો પતિ જ દેવતા છે. (વાલ્મીકી રામાયણ : ૭/૪૮/૧૭)
- 'पतिर्हि देवो नारीणां ।'
  (મહાભારત, અનુશાસનપર્વ : ૧૪૬/૫૫)
- 'पतिर्हि दैवतं स्त्रीणां पतिरेव परायणम् ।'
  (મત્સ્યપુરાણ : ૨૧૦/૧૭)
- 'पतिर्बन्धुर्गतिर्भर्ता दैवतं ।'
  (બ્રહ્મવૈવર્ત પુરાણ, કૃષ્ણજન્મખંડ ઉત્તરાર્ધ : ૫૭/૧૦)
- 'भर्ता नाथो ।' (બૃહન્નારદીય પુરાણ, ઉત્તરભાગ : ૪/૪૦)
- 'भर्ता देवो ।' (સ્કંદપુરાણ, કાશીખંડ : ૪/૪૮)
- 'भर्ता देवता देवतैः सह ।' - સ્ત્રીઓને પોતાના પતિ જ પરમેશ્વર, પતિ જ દેવ છે. (પદ્મપુરાણ, કાશીખંડ : ૪/૪૮)
- 'पतिर्ब्रह्मा पतिर्विष्णुः पतिर्देवो महेश्वरः ।' - સ્ત્રીઓએ પોતાના પતિને જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર માનવા જોઈએ.
  (સ્કંદપુરાણ, વૈશાખ માહાત્મ્ય : ૨૬/૮૪)

આ બધા જ શાસ્ત્રોમાં પત્નીને પોતાના પતિ જ પરમેશ્વર કહ્યા છે. હવે જો પતિ પરમેશ્વર હોય તો પત્ની તો ભક્ત છે એ સહેજે સ્વીકારાય જાય છે. આ દૃષ્ટિએ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ રાધા, લક્ષ્મી આદિકને **ભક્ત** કહ્યા છે.

જેમ કે ગઢડા પ્રથમ પ્રકરણના ૯ ઉમા વચનામૃતમાં મહિમા

સમજાવવાના સંદર્ભમાં બાઈ હરિભક્તોને ગોપી, દ્રૌપદી, કુંતાજી, લક્ષ્મી, રૂક્ષ્મણિ વગેરે **પરોક્ષના ભક્તો** સાથે સરખાવે છે.

સ્વયં **ભગવાન શ્રી સ્વામિનારાયણ** રાધિકાજીને શ્રીકૃષ્ણના **પત્નીરૂપે** સ્વીકારીને શિક્ષાપત્રીના **શ્લોક - ૬૩**માં લખે છે :- 'नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ॥' - મંદિરને વિષે **શ્રીરાધિકાજીના પતિ** એવા જે **શ્રીકૃષ્ણ ભગવાન** તેના નામનું ઉંચે સ્વરે કરીને **કીર્તન** કરવું.

ઉપરોક્ત શિક્ષાપત્રીના શ્લોકમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, સ્પષ્ટ શ્રીકૃષ્ણ ભગવાનને શ્રીરાધિકાજીના **પતિ** કહે છે. હવે જો, શ્રીકૃષ્ણ ભગવાન શ્રીરાધિકાજીના પતિ હોય તો શ્રીરાધિકાજીને શ્રીકૃષ્ણ ભગવાનના **પત્ની** તરીકે જ સ્વીકાર્યા છે એ **નિર્વિવાદ** છે. એમાં કોઈ જ શંકાને સ્થાન નથી.

આદિઆચાર્ય શ્રી **રઘુવીરજી મહારાજ** પણ શિક્ષાપત્રીના ભાષ્યમાં **શ્રીલક્ષ્મીજી**ને ભગવાનના પત્ની સ્વરૂપે આલેખન કરતા કહે છે :- 'चतुर्भुजश्च वैकुण्ठे महालक्ष्मीपतिः स्वयं ।' - વૈકુંઠધામમાં ચારભુજાવાળા ભગવાન સ્વયં **મહાલક્ષ્મીના પતિ** છે. અર્થાત્ મહાલક્ષ્મીને ભગવાનના **પત્ની** તરીકે જ સ્વીકાર્યા છે. (શ્રી રઘુવીરજી મહારાજ વિરચિત શિક્ષાપત્રી ભાષ્ય : શ્લોક - ૧૧૨)

ભગવાન શ્રીહરિ વડોદરાના **વિદ્વાનો**ને કહે છે કે :- 'तदर्धाङ्गतया देवी पूज्या शक्तिश्च पार्वती ।' - પાર્વતી દેવી પણ તે શંકરના **અર્ધાંગના** હોવાથી તે શંકરની **શક્તિરૂપ** દેવી છે માટે તે અમારે સર્વથા પૂજ્ય છે. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૧૮૦)

'विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः ।।८४।।' - શિક્ષાપત્રીના આ શ્લોકમાં આવેલ 'પાર્વતી' શબ્દની વ્યાખ્યા કરતા **શતાનંદ સ્વામી** શિક્ષાપત્રી ભાષ્યમાં કહે છે :

'पार्वती तु श्रीशङ्करार्द्धाङ्गमेवादिशक्तिरिति पूज्या ।' (પાર્વતી તે શંકરના અર્ધાંગના અને આદિ શક્તિ હોવાથી પૂજ્ય છે.) આમ શતાનંદ સ્વામી **સ્પષ્ટ** કહે છે કે, પાર્વતી દેવીની પૂજા શિવજીના ધર્મપત્ની હોવાથી અને આદિશક્તિ હોવાથી કરવામાં આવે છે.

'लक्ष्मीनारायाणादीनां सेवा कार्या यथाविधि ।।१३०।।' - શતાનંદ સ્વામી આ **શ્લોક**ની **વ્યાખ્યા** કરતા કહે છે : 'परिचारकबाहुल्येऽपि भगवत्सेवा स्वयमेव कर्तव्या । 'आदरः परिचर्यायां सर्वाङ्गैरभिवन्दनम् । गृहशुश्रूषणं मह्यं दासवद्यदमायया ।।' इति भगवता स्वभक्तधर्मोक्तेः । अत एव श्रीरुक्मिण्यादीनामपि तथाविधैव सेवोक्ता । 'दासीशता अपि विभोर्विदधुः स्वदास्यम्' इति ।।१३०।।' - સેવા કરનારા ઘણા હોવા છતાં ભગવાનની સેવા **પોતે જ** કરવી. 'મારી સેવામાં આદર અને સર્વ અંગોથી મને નમસ્કાર અને દાસની માફક કપટ સિવાય મંદિરની સેવા.' એ પ્રમાણે ભગવાને પોતાના ભક્તોના ધર્મો કહ્યા છે. એથી જ શ્રી રૂક્મિણ્યાદિક ભગવાનની પત્નીઓની પણ તેવી જ **સેવા** વર્ણવી છે :- 'હે રાજન્ ! તે રાણીઓ પાસે સેંકડો દાસીઓ હોવા છતાં ભગવાનની સેવા જાતે જ કરતી હતી.'

'एते राधादयो भक्ताः' - આ શિક્ષાપત્રીના ૧૧૧ શ્લોકમાં ભાષ્ય લખતા કહે છે : 'राधां विना तिष्ठति नैव कृष्णः कृष्णं विना तिष्ठति नैव राधा । साधारणान्योन्यरसे निलग्नौ लग्नौ मदीये हृदि खेलतस्तौ ।।' - રાધા વિના કૃષ્ણ રહેતા નથી અને કૃષ્ણ વિના રાધા રહેતા નથી. અન્યોન્ય અસાધારણ પ્રીતિરસમાં ડૂબેલા અને મારા હૃદયમાં ખેલતા તે બંને જણ સાથે રહેલા છે. આ શ્લોકના ભાષ્યમાં પણ પતિ-પત્નીનો સંબંધ જ શતાનંદ સ્વામી બતાવી રહ્યા છે.

'विष्णुपत्नी' - યજુર્વેદની સંહિતામાં લક્ષ્મીને વિષ્ણુના પત્ની કહ્યા છે. અને લોકમાં પણ નારાયણ અને લક્ષ્મીનું પતિ પત્ની રૂપ સંબંધ જ પ્રસિદ્ધ છે. (યજુર્સંહિતા : ૪-૪-૧૨)

'अस्येशाना जगतो विष्णुपत्नी' - (તૈ. સં. ૪-૪-૧૨)

'अनवधिकमहिमामहिषी' (વેદાંતસંગ્રહ) 'कृताभिषेका महिषी' (અમરકોષ : ૨-૬-૫)

'हीश्च ते लक्ष्मीश्च पत्न्यौ' (તૈ.આર. ઉ. ૧૩-૪૧)

'अनन्या हि मया सीता' (રામા. યુ. ૧૧૮-૧૯) 'अनन्या राघवेणाहम्' (રામા. સુ. ૨૧-૧૫)

'हरिवल्लभाम्' (અષ્ટોત્તરશતનામસ્તોત્ર : શ્લોક-૩)

વેદોમાં તથા ઉપનિષદોમાં લક્ષ્મીને ભગવાનના **પત્ની** તેમજ **મહારાણી** કહ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૨૨મા વચનામૃતમાં કહે છે : 'જેમ રાજા હોય અને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે.'

'लोके वेदे वा क्वचिदपि पत्न्याः पतिं प्रति दासत्वाभावः । अत एव हि यदा यदा हि कौशल्या दासीवच्च सखीव च (रामा. अयो. १२-६८) इति दृष्टान्ततयोच्यते । अहं शिष्या च दासी च भक्ता च तव माधव (वाराहे) इति भूमिवचनमप्युपचारतो नेयम् ।' (યામુનાચાર્યકૃત ચતુઃશ્લોકી ભાષ્ય : શ્લોક-૧)

લોકમાં અને વેદમાં પત્નીનો પતિ પ્રતિ દાસત્વભાવ અભાવ છે. એટલા માટે રામાયણમાં કૌશલ્યા દાસીની જેમ અને સખીની જેમ...એમ કહ્યું છે. અને વરાહપુરાણમાં પૃથ્વી ભગવાનને કહે છે કે, 'હે માધવ ! હું તમારી શિષ્યા છું, દાસી છું, ભક્ત છું' આ પૃથ્વીનું વચન ઉપચારથી ગ્રહણ કરવું.

નર અને અર્જુન પણ ભગવાનના અંશ છે. શાસ્ત્રમાં કહ્યું છે જે -

'धर्मपुत्रौ हरेरंशौ नरनारायणाभिधौ । चन्द्रवंशमनुप्राप्य जातौ कृष्णार्जुनावुभौ ।।' - ભગવાનના અંશ ધર્મના પુત્ર નર અને નારાયણે ચંદ્રવંશમાં કૃષ્ણ અને અર્જુનરૂપે જન્મ લીધો. (ભાગવત ભક્તમનોરંજનીટીકા)

'ताविमौ वै भगवतो हरेरंशाविहागतौ । भारव्ययाय च भुवः कृष्णौ यदुकुरूद्वहौ ।।' - ભગવાનના અંશ એવા નર અને નારાયણે પૃથ્વીનો ભાર ઉતારવા અનુક્રમે યદુવંશમાં કૃષ્ણરૂપે

નારાયણે અને કુરુવંશમાં અર્જુનરૂપે નરે અવતાર લીધો. (ભાગવત ભક્તમનોરંજનીટીકા)

'अर्जुने तु नरावेशः कृष्णो नारायणः स्वयम् । इति भारतोक्तेः ।।' - અર્જુનમાં નરનો આવિર્ભાવ છે એમ મહાભારતમાં કહ્યું છે. (શિક્ષાપત્રી ભાષ્ય : શ્લોક - ૧૧૦) તમે સ્વયં 'સ્વામિનારાયણ' મહામંત્રમાં સ્વામીએ સહિત નારાયણ આવો અર્થ સ્વીકારો છો, પણ સ્પષ્ટ રીતે આવો અર્થ સ્વીકારવા જતા ચાર ચરણારવિંદની ઉપાસના થઈ જાય છે. જેમ કે - **રાધાકૃષ્ણ.** હવે આમાંથી બચવા માટે પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી છે આવો **કપોલ-કલ્પિત** ભાવાર્થ કરો છો, એ તો દર્પણની જેમ દેખાય આવે છે.

'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસથી આવો શબ્દ **સિદ્ધ** થાય છે. જેનો અર્થ સ્વામીએ સહિત નારાયણ આવો **સ્પષ્ટ** થાય છે. પરંતુ તમે માનેલો ભાવાર્થ લેવા જશું તો 'સ્વામિનારાયણ' મહામંત્રના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી, એ મંત્રથી કાળાનાગનું ઝેર ન ચડે ને એ મંત્રથી વિષય ઉડી જાય છે ને બ્રહ્મરૂપ થવાય છે. (૧/૧૫૪) આ ગુણાતીતાનંદ સ્વામીની વાત સાથે 'इतरेतराश्रय' રૂપી દોષ આવશે. જે આગળ વિસ્તારથી બતાવવામાં આવ્યું છે અને સ્વામીએ સહિત નારાયણ આવો અર્થ લેવા જશું તો 'રાધાકૃષ્ણ'ની જેમ ચાર ચરણારવિંદની ઉપાસના થશે. અને ચાર ચરણારવિંદની ઉપાસના માનવામાં 'મુક્તને એક પુરુષોત્તમના બે ચરણારવિંદની ઉપાસના છે અને તે સાથે જ રમણ છે. ને બીજા ધામોને વિષે તો ચાર ચરણારવિંદની ઉપાસના છે.' આ ગુણાતીતાનંદ સ્વામીની ચોથા પ્રકરણની ૨૩મી વાત સાથે **વિરોધ** થશે. સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ અક્ષરબ્રહ્મની સાથે પરબ્રહ્મ - આમ માનીને **ઉપાસના** કરીશું તો ઉપાસના **ખંડિત** થશે.

- ઉપાસ્ય સ્વરૂપ ઈષ્ટદેવ સાથે અભેદપણે વર્તવાથી... (વચ. ગ. અં. પ્ર. ૨૬)

હવે જો અક્ષરબ્રહ્મની સાથે પરબ્રહ્મની ઉપાસના કરીશું તો પરમાત્મા સાથે અભેદપણું આવી જશે. કારણ કે ભગવાન શ્રીહરિએ કહ્યું છે કે, પોતાના આત્માને જ **અક્ષર** માનવો. આ રહ્યા તેઓના શબ્દો : ''અષ્ટાવરણે યુક્ત એવા જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે **અક્ષર**ને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.'' (વચ. લો. પ્ર. ૧૨)

- ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે ને પોતાના દેહથી વ્યતિરિક્ત જે પોતાનો આત્મા તેને **બ્રહ્મરૂપ** સમજે.

(વચ. ગ. અં. પ્ર. ૨૬)

- પછી એમ માનવું જે મારો જીવાત્મા છે તે જ **અક્ષરબ્રહ્મ** છે. કેમજે અક્ષરમાં પણ પુરુષોત્તમ ભગવાન રહ્યા છે, તેના તે જ મારા જીવાત્માને વિષે રહ્યા છે. (શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૨/૩૪)

- **અક્ષરબ્રહ્મ** તે રૂપ પોતાના આત્માને નથી માનતો તેને તો પ્રકટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય નથી.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરુપણ : ૧૫૬)

- જો આત્માનો મનન દ્વારે સંગ કર્યા કરે, તો **અક્ષરરૂપ** થઈ જાય છે..., ...આત્માને અક્ષર રૂપ માને છે તે જ સત્સંગી છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૨૩)

- હું **અક્ષર** છું અને પુરુષોત્તમ મારે વિષે બેઠા છે; એમ કરતા જાવું..., (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૪૨)

શ્રીજીમહારાજના ઉપાસકે પોતાના આત્માને અક્ષરબ્રહ્મ માનવું અને એમ માનીને ઉપાસના કરવી એવો ભગવાન શ્રી સ્વામિનારાયણનો અને ગુણાતીતાનંદ સ્વામીનો **અભિપ્રાય** છે. ગોપાળાનંદ સ્વામીએ તો એટલે સુધી કહ્યું કે, જેમ અક્ષરમાં પુરુષોત્તમ છે તેના તે જ આપણા જીવાત્મામાં પુરુષોત્તમ રહ્યા છે. એટલે પોતાનો આત્મા અક્ષર જ છે એમ ભાર દઈને કહ્યું છે. પરંતુ વિમુખ બોચાસણ સંસ્થા આ વાતથી તદ્દન વિરુદ્ધમાં સમજાવે છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉપાસનાના જો **અધિકારી** થવું હોય તો મૂળ અક્ષર જ **ધ્યેય** હોવું જોઈએ. ટૂંકમાં મૂળ અક્ષરને મેળવ્યા વગર શ્રીજીમહારાજને મળાતું નથી. કોઈપણ મુમુક્ષુ **મૂળ અક્ષર** વગર બ્રહ્મરૂપ એની મેળે થઈ શકતો નથી. સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે, એમાં જોડાયા વગર પરબ્રહ્મ ભગવાન શ્રીહરિની પ્રાપ્તિ થઈ શકે નહિ.

આ મત અને અભિપ્રાય ભગવાન શ્રી સ્વામિનારાયણ માન્ય સદ્ગ્રંથોમાંથી નીકળતો નથી. આ અભિપ્રાય શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયથી તદ્દન **વિરુદ્ધ** છે. આવો **અભિપ્રાય** પ્રગટ કરવાનું મુખ્ય કારણ તો તેઓનું **ખોટી ગુરુપરંપરામાં** જોડવાનું છે. અને ભગવાન થઈને પૂજાવાનું છે. આ વાત વિમુખ બોચાસણ સંસ્થા દ્વારા થતાં સાહિત્ય પ્રકાશન અને માસિકો દ્વારા સ્પષ્ટ જણાઈ આવે છે.

મૂળ સંપ્રદાયથી વિમુખ બોચાસણ (અક્ષર-પુરુષોત્તમ) સંસ્થા તરફથી પ્રકાશિત **'સ્વામિનારાયણ પ્રકાશ'** નામના માસિકમાં પ્રકાશિત થયેલ, તેમના અંતરના અભિપ્રાય જેવો એક લેખ ખાસ નોંધવા જેવો છે. ઈ.સ. ૧૯૬૫ના જાન્યુઆરીના 'સ્વામિનારાયણ પ્રકાશ' (તંત્રી : ખેંગારજી કા. ચૌહાણ) અંકમાં પાન નં. ૭૭ ઉપર ગોંડલના **'અક્ષર મંદિર'**ના સાધુ નિર્મળદાસનો લેખ છપાયો છે તે મુજબ : 'સર્વોપરી સેવા પ્રકરણ'

''પ.પૂ. પ્ર. ગુરુરૂપ હરિ **સાક્ષાત નારાયણ** સ્વરૂપે યોગીજી મહારાજની **અલૌકિક લીલા**નું યત્કિંચિત દર્શન.''

''અહોહો ! આવા તો અનંત પ્રસંગો બની ગયા, બને છે અને નિર્વિવાદ બનશે... અહોહો ! પૂ. **પરબ્રહ્મ** સ્વા. યોગીજી મહારાજ હમણાં અનંત જીવ કોટિમાંથી આંખનું મટકું ભરીયે તેટલામાં જ સ્વસ્વરૂપનો પ્રૌઢ પ્રતાપ અવારનવાર અનેક સ્થળે અનેક ભક્તો સાથે વિચરી ઓળખાણવાળા ભક્તોને સ્વસંબંધી (પોતાના જેવા ગુણવાળા) બનાવી રહ્યા છે. એટલે બીજ અંકુર ન્યાય વડે પાત્રો પ્રાપ્ત થતાં આ **અદ્‌ભુત કરામત** આખી વિશ્વવ્યાપી બની સર્વોપરી ઉજ્જવલતાનો પ્રકાશ પાથરી અને કાળ, કર્મ, માયા, સ્વભાવ, અસત્ પુરુષોના બળનો નાશ થઈ જાય તેવા શુદ્ધ ચૈતન્ય સહજાનંદો, ગુણાતીતાનંદો, બ્રહ્માનંદો, નિત્યાનંદો, મુક્તાનંદો આ ગુણાતીત બાગમાં **પ્રગટના સંબંધે** ખીલી જાય અને તેણે કરીને અમો સૌ વાસીત થઈ અક્ષરધામનું અચળ અખંડ સુખ અનુભવીએ, તેવી **પ્રગટ ગુરુ રૂપ** હરિ શ્રી યોગીજી મહારાજને નમ્ર પ્રાર્થના છે.''

ઉપરના આ ફકરાથી સ્પષ્ટ થાય છે કે **કેવા પ્રકારની ઉપાસના** અક્ષર-પુરુષોત્તમ સંસ્થા ફેલાવી રહી છે. જીવ કોટિમાંથી યોગી સ્વામીની કરામતે **અનેક સહજાનંદો** અને અનેક ગુણાતીતાનંદો વગેરે થાય તેવી માન્યતા...!!!

વળી, બોચાસણપંથી તરફથી પુરાણી ગોપીનાથજી દ્વારા લખાયેલ **'સિદ્ધાંતસાર'** પુસ્તકમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ સ્વરૂપે જ વર્ણવ્યા છે. તેમાં **૩૪૪માં પાને** લખે છે :-

''જ્યારે વડતાલથી સ્વામીજી અક્ષર-પુરુષોત્તમના શુદ્ધ સર્વોપરી સંપ્રદાયનું સ્થાપન કરવા નીકળ્યા ત્યારે હરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ એ ત્રણેય જણ સ્વામીની (યજ્ઞપુરુષદાસની) સેવામાં હાજર રહેતા તેથી પરચા ને ઐશ્વર્યનો તો પાર જ ન હતો.''

વિમુખ બોચાસણ સંસ્થા તરફથી પુરાણી ગોપીનાથજી દ્વારા લખાયેલ 'સિદ્ધાંતસાર' પુસ્તકમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને જ **પૂર્ણ પુરુષોત્તમ** ભગવાન બનાવ્યા છે. જેમાં પાના નં. ૮ ઉપર **બે બોલ**માં લખે છે :- ''પ્રત્યક્ષ પુરુષોત્તમ સ્વામી શ્રી યજ્ઞપુરુષદાસજીએ બાકી રહેલું કામ પુરું કર્યું. **પાના નં. ૨૯ ઉપર** : ભક્ત વત્સલ ભગવાન **પુરુષોત્તમ નારાયણ** આ લોકમાં અન્ય સ્વરૂપ ધારીને ગુર્જર દેશે **મહેળાવ** ગામે કૃષિકુળમાં ધોરીભાઈના ભુવનમાં હેતબા થકી **પ્રાદુર્ભાવ** થતા હતા. **પાના નં. ૧૦૭ ઉપર :** આવી રીતે છ હેતુ માટે પુરુષોત્તમ નારાયણને અક્ષરધામ ને મુક્તો સાથે મહારાજ પોતે આલોકમાં સત્સંગના મધ્યમાં જન્મ ધારણ કરીને **વર્ણીવેષ** ધારણ કરી સાધુ થઈ **યજ્ઞપુરુષ** નામ ધારણ કર્યું. તેમાં જે જે યજ્ઞપુરુષના જે તે ભાવે સંબંધમાં આવ્યા તેનું કામ થઈ ગયું ને જે મર્યાદામાં ને તંતીમાં રહ્યા તે આ વખતે પણ રહી ગયા. **પાના નં. ૨૫૭ ઉપર :** ત્યારે કોઈએ કહ્યું જે હે સ્વામી તમો જમીન લેવા માટે તો પ્રયાસ કરો છો પણ ગઢડામાં જમીન મળતી નથી ને રાજાએ પણ આપણને આપવા માટે બંધી કરી છે તો આપણને ક્યાંથી મળશે. ત્યારે પ્રગટ પુરુષોત્તમ નારાયણ કહે જે 'જો રાજા જમીન નહિ આપે તો છેવટે અમો **અન્યથાકર્તું** શક્તિ વાપરીને જમીન લઈને મંદિર કરશું ને જો વધારે આડા આવશે તો તેની પાસે જ કરાવીશું અત્યારે અમારુ ધાર્યું થાય છે. તે કોણ ના પાડી શકે તેમ છે.' ત્યારે સમય સૂચક બુદ્ધિવાળા મગનભાઈ (આફ્રિકાવાળા) એ માગણી કરી જે 'હે સ્વામી આ મંદિરની સેવા અમોને આપજો એટલે સાક્ષાત પરમાત્મા **પરબ્રહ્મ** સ્વામીશ્રીએ રાજી થઈ તેમને માથે હાથ મૂક્યા અને કહ્યું જાવ તમારો પહેલા નંબરનો ભાગ રાખશું.' પછી **પ્રગટ પુરુષોત્તમ**ને ધોતીયા ઓઢાડ્યાં.''

❖ ❖ ❖ ❖ ❖

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં જે ખોટા ભગવાન થઈને પૂજાય છે તે કેટલા **પાપિષ્ઠ** છે તે જણાવતાં કહે છે :-

**'પ્રભુ બિન હોવત જાહિ, અતિ પાપી હમ માનત તાહિ ।**
**અનંત બ્રહ્માંડમેં પાપ હે જેતે, નિત્ય કરત હે પાપી તેતે ।**
**તાકે શિર લગત સો પાપા, પ્રભુ બિન પ્રભુ કહત જો આપા ।'**

અને ભગવાન શ્રીહરિ વિના બીજો અક્ષરપર્યંત કોઈ ભગવાન નથી અને એ પ્રભુ જેવા તો પ્રભુ એક જ છે. તે પ્રભુના દાસ થઈને અનંત ભક્તો ભક્તિ કરે છે અને પ્રભુ વિના જે પ્રભુ થાય છે તે તો **પંચ મહાપાપી** છે. અને પ્રભુ વિના જે જે પોતાને પ્રભુ કહે છે તેને **અનંત બ્રહ્માંડમાં** જે પાપી લોકો જેટલું પાપ કરે છે તે સર્વે ખોટા પ્રભુ થઈને જે બેઠા છે તેના શિર ઉપર **નિત્ય** લાગે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૩૨)

❖ ❖ ❖ ❖ ❖

**'બ્રહ્માંડમે પાપ હોત જીતના, કહત મે ભગવાન હું તિતના ।**
**પાપ લગત હૈ સબ હી તાઈ, આપકે ધ્યાન કરાત જાઈ ।।૯।।'**

ભગવાનના જે જે અવતાર થાય છે તે ક્યારેય અમે ભગવાન છીએ એમ કહેતા નથી, પણ તેમનો પ્રતાપ વાત ઉપરથી દેખાય છે. હું ભગવાન છું એમ જે દંભથી કહે છે તેને બ્રહ્માંડનું (સમગ્ર) પાપ લાગે છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૮૩)

❖ ❖ ❖ ❖ ❖

**'તોઉ દાસ કે દાસ રહાતે, ઐસે સંત સો અધિક કહાતે ।**
**સંત હોઈ ભગવાન તિનસે, અધિક માને જે તેઉ ઈનસે ।**
**ચંડાલ સે અધિક કહી ચંડાલા, દેખત યહ તાકું તત્કાલા ।**
**ભગવાન સે અધિક કહત તાકું, જીતનો પાપ કહાવત વાકું ।'**

ભગવાન શ્રીહરિ વિના જે જે પોતાને અધિક કહે છે, તેથી કાંઈ અધિક થઈ જવાતું નથી. અને ભગવાનના જે ગુણ તે એકાંતિક સંતમાં આવે છે તોપણ **દાસના દાસ** થઈને જે રહે તે સર્વે **વિવેકી** સંત કહેવાય છે. અને સાધુ થઈને પોતાને ભગવાનથી પણ **અધિક** કહે છે તે તો ચંડાળથી પણ અધિક ચંડાળ છે. જે પોતાને ભગવાનથી અધિક કહે છે તેને આ પૃથ્વીમાં જેટલું **પાપ** કહેવાય છે તે સર્વે લાગે છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૮/૬૧)

❖ ❖ ❖ ❖ ❖

**'તુચ્છ જીવ હી હોઈકે, કહત હૈ મે ભગવાન ।**
**કોટિ બ્રહ્માંડ વધ કે, પાપ લગત તેહિ આન ।'**

ભગવાન શ્રીહરિ કહે છે :- ''જે આ બ્રહ્માંડમાં જીવ જેવા શુભ-અશુભ માર્ગે ચાલે છે તેને તેવું પરમેશ્વર જરૂર ફળ આપે છે. અને જે તુચ્છ જીવ થઈને કહે છે કે હું ભગવાન છું તેને **કોટિ બ્રહ્માંડના જીવનો નાશ** કર્યાનું પાપ લાગે છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૨૮)

❖ ❖ ❖ ❖ ❖

**'કુબુદ્ધિ જન રહે જીતને, જ્ઞાન શીખી કે જેહ ।**
**મે રહે ભગવાન જોઉ, ઐસે માનત તેહિ ।'**

અને કુબુદ્ધિવાળા જન છે તે જરાક જ્ઞાન શીખીને પછી કહે છે કે હું ભગવાન છું એવું માની બેસે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૭/૮૫)

❖ ❖ ❖ ❖ ❖

**'કોટિ વિપ્ર કોટિ ગૌહનન, તિનસે અધિક હે તેહ ।**
**સત્યકું કહે અસત્ય હી, અસત્ય કુ કહે સત્ય ।**
**કોટિ ગુરુ અંગના સંગસે, પાપ સો કોટિ ગત્ય ।'**

અને આ લોકમાં સર્વેથી અધિક પાપ શું છે ? તો જે ભગવાન શ્રીહરિના આ સંબંધરૂપ **અલૌકિક સત્સંગ** પ્રગટ મળ્યો છે, તેને જે **અસત્ય** કહે છે અને તેની જે **અરુચિ** કરાવે છે તેને **કોટિ બ્રાહ્મણ**ની કે **કોટિ ગાયો**ની હત્યા કર્યાનું પાપ લાગે તેનાથી **અધિક પાપ** લાગે છે. (એમ જે ભગવાન શ્રીહરિ સત્ય છે તેને જે અસત્ય કહે છે અને જે અસત્ય છે તેને જે સત્ય કહે છે તેને **કોટિ ગુરુસ્ત્રીનો સંગ** કર્યાનું પાપ લાગે છે.)

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૦/૧૪)

❖ ❖ ❖ ❖ ❖

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાનો ત્યાગ કરીને જે મનમાં આવે એમ વર્તે છે તેના ઉપર ભગવાન શ્રીહરિનો કોપ થાય છે. તે પોતાને જ સર્વથી શ્રેષ્ઠ પુરુષોત્તમ ભગવાન માનીને પછી ફાવે તેમ વર્તે છે ને ઉંદરડાની પેઠે મનમાં મલકાય છે પણ તેને વિવેક જરા પણ નથી. તે **પંચ મહાપાપી** છે. અમૃત સમાન ભગવાન શ્રીહરિ છે તેને થૂંકીને (વિમુખને) મળમૂત્ર પીવાનું ગમે છે તે અસુર, જેમ ઉંદરડો દારૂનું પાન કરીને પછી મલકાય છે, પણ તે બિલાડીના ઝપાટામાં આવે કે તત્કાળ પકડીને તેનો **નાશ** કરે છે. એમ (જે ખોટા ભગવાન થાય છે) તેને પણ થાય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૨/૩૭)

**ક્રમશઃ - વધુ ચર્ચા આવતા અંકે કરીશું.**

૭૩૦ કરોડ મહામંત્ર લેખન.... દ્વિતીય ચરણ....

આંતરરાષ્ટ્રીય

શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ

જૂનાગઢ


**તારીખ :- ૧૫ થી ૨૩-૧૨-૨૦૧૨**

## આગામી ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવના ઉપક્રમે ચાતુર્માસમાં વિશેષ જપયજ્ઞ

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના દિવ્ય મુખકમળમાંથી પ્રકાશિત થયેલા **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર ઉદ્‌ઘોષણાના - **૨૧૧માં વર્ષ**માં પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિધમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની આજ્ઞાથી અને તેઓશ્રીના શુભ સંકલ્પ અનુસાર વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે **જૂનાગઢવાસી શ્રી રાધારમણ દેવ**ના દિવ્ય સાંનિધ્યમાં આગામી દ્વિતીય ચરણ **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-જૂનાગઢ, ૨૦૧૨'**ના ઉપક્રમે **૭૩૦ કરોડ મહામંત્રો**નું લેખનકાર્ય અનુષ્ઠાનરૂપે કરવાનો સંકલ્પ જાહેર થયો છે. તેમાં આપ સર્વે ભક્તજનો મંત્રલેખન કરી રહ્યા હશો. પરંતુ સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ પ્રતિવર્ષ **ચાતુર્માસ**માં સર્વે હરિભક્તોએ વિશેષ નિયમ ગ્રહણ કરવા. તો અષાઢ સુદ - ૧૧ તા. ૩૦-૬-૨૦૧૨ થી કાર્તિક સુદ - ૧૧ તા. ૨૪-૧૧-૨૦૧૨ સુધી વિશેષ નિયમની સાથે આપણે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' મહામંત્ર**નો વ્યક્તિગત **જપ** કરીએ. તેમજ પોતપોતાના ગામમાં મંદિર કે અન્ય સત્સંગ-કથાવાર્તા પ્રસંગે પણ 'સ્વામિનારાયણ' મહામંત્ર **અખંડધૂન**નું આયોજન કરી મહામંત્ર મહોત્સવમાં સહભાગી બનવા સર્વે આશ્રિતજનોને નમ્ર વિનંતી સહ...

**ખાસ નોંધ :-** 'મહામંત્રપોથી' જૂનાગઢ, વડતાલ, ગઢડા, સરધાર, બગસરા, સુરત, મુંબઈ વગેરે સ્થાનોએથી આપ પ્રાપ્ત કરી શકશો.





# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી










રાજકોટ શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા આયોજીત પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથા પારાયણ' તથા કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. (તા. ૧૧ થી ૧૫-૪-૨૦૧૨)








ગઢપુર પ્રદેશના મેકડા (તા. સાવરકુંડલા)ગામને આંગણે યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'રાત્રિ સત્સંગ સભા' (તા. ૧૨-૫-૨૦૧૨)




વડતાલ પ્રદેશના નાર ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા' (તા. ૧૩-૫-૨૦૧૨)




વડતાલ પ્રદેશના પાદરા (જી.વડોદરા)ગામને આંગણે યોજાયેલ 'કથા પારાયણ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૧૪-૫-૨૦૧૨)




વડતાલ પ્રદેશના વિણા (તા. વડોદરા)ગામને આંગણે યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'રાત્રિ સત્સંગ સભા' (તા. ૧૭-૫-૨૦૧૨)




વડતાલ પ્રદેશના પેટલાદ શહેરને આંગણે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૧૭-૫-૨૦૧૨)

## ગઢપુર





ગઢપુરને આંગણે ભગવાન શ્રીહરિની તિરોધાનતિથિ પ્રસંગે લક્ષ્મીવાડી સ્મૃતિમંદિર ખાતે યોજાયેલ
મહાપૂજા તથા કીર્તન સંધ્યા (તા. ૩૧-૫-૨૦૧૨)

## ભાવનગર








ગઢપુર પ્રદેશના ભાવનગર શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ 'સત્સંગ સભા - રાસોત્સવ તથા રસોત્સવ' (તા.૨૭-૫-૨૦૧૨)

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર આયોજીત ચારધામની નવમી



# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા


## હાઉસફુલ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે ભારત દેશના મુખ્ય તીર્થસ્થાન ગણાતા એવા રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા આદિક પવિત્ર ચારધામોની શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા નવમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'નું તા. ૦૪-૦૭-૨૦૧૨ થી તા. ૩૧-૦૭-૨૦૧૨ સુધી આયોજન કરવામાં આવેલું છે. આ ટ્રેનયાત્રામાં ૧૨૦૦ સીટ યાત્રિકોનો સમાવેશ કરવામાં આવે છે, પરંતુ ટ્રેન હાઉસફુલ થઈ હોવાથી હવે સીટો બુકિંગ કરવામાં આવશે નહિ. જેની દરેક ભક્તજનોએ નોંધ લેવી.

## સરધાર
















**અક્ષરવાસ : સાંખ્યયોગી પાર્ષદ શ્રી વિપુલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર**
**અ.નિ. તા. ૨૭-૫-૨૦૧૨, ઉં.વ. ૨૨**






સરધારધામને આંગણે પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની નિશ્રામાં પંચવર્તમાન યુક્ત ૬૦ જેટલા નવયુવાન સંતો-પાર્ષદો રહીને ભગવાન શ્રીહરિની સેવા-ભજન-ભક્તિ કરી રહ્યા છે. આ સંતો-પાર્ષદોની સાથે બે વર્ષથી સાધક પાર્ષદ વિપુલ ભગત પણ રહીને ઠાકોરજી, સંતો-ભક્તોની સેવામાં પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તા. ૨૭-૫-૨૦૧૨ના રોજ પેટમાં આંતરડામાં આકસ્મિક રીતે તકલીફ ઊભી થતા ભગવાન શ્રીહરિના અક્ષરધામવાસી થયા છે. તેઓના પાર્થિવ દેહનો તા. ૨૮-૫-૨૦૧૨ના રોજ પૂ. સ્વામી તથા સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમપૂર્વક અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.




ડોંબીવલી શહેરને આંગણે મંદિરમાં પ્રગટ બિરાજમાન બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના 'આઠમા વાર્ષિક પાટોત્સવ'ના ઉપલક્ષમાં બૃહદ મુંબઈ પરાવિસ્તાર ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજના વિકાસ અને ઉત્કર્ષ માટે 'સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ' (તા. ૨૯ થી ૪-૬-૨૦૧૨)




જૂનાગઢ પ્રદેશના નાવડા ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા' (તા. ૧-૬-૨૦૧૨)




જૂનાગઢ પ્રદેશના આખા ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા' (તા. ૧-૬-૨૦૧૨)

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારમાં

# ઠાકોરજીનો થાળ તથા સંતો-ભક્તોને રસોઈ દેનારની શુભ નામાવલી




રૂા. ૧૧૧૧૧/- અ.નિ. પાર્ષદ શ્રી વિપુલ ભગતની સ્મૃતિમાં હ. સુરેશકુમાર મનુભાઈ ઠુંમર - વાંશીયાળી રૂા. ૧૧૦૦૧/- અ.નિ. શ્રી દિનુભાઈ અંબાલાલ પટેલ - અમેરિકા રૂા. ૭૫૦૧/- સાંખ્યયોગી શ્રી શાંતાબાના શિષ્ય ગીતાબા - ગઢડા રૂા. ૭૦૦૧/- અ.નિ. સંતોકબેન રામજીભાઈ પટેલ - સુરત રૂા. ૫૬૦૧/- શ્રી દેવેન્દ્રભાઈ રવીશંકરભાઈ પંડ્યા - બરોડા રૂા. ૨૧૦૦/- શ્રી બચુભાઈ રામજીભાઈ ચોડવડીયા - કુંભારીયા રૂા. ૨૧૦૦/- અ.નિ. શ્રી ભવાનભાઈ લક્ષ્મીદાસભાઈ ઢાંકેચા - ધુળકોટ રૂા. ૧૬૦૦/- શ્રી કરશનભાઈ ગાંડાભાઈ ચાવડા - બજરંગપુરા રૂા. ૧૬૦૦/- શ્રી હરેશભાઈ બળદેવભાઈ - ખસ રૂા. ૧૫૦૧/- અ.નિ. પોપટભાઈ લક્ષ્મણભાઈ - સડલા રૂા. ૧૫૦૧/- અ.નિ. શ્રી સુનીતાબેન ભરતભાઈ પટેલ - અમદાવાદ રૂા. ૧૫૦૧/- શ્રી ભાવેશભાઈ છગનભાઈ ઢાંકેચા - સરધાર રૂા. ૧૧૦૦/- શ્રી મુક્તાબેન અશોકભાઈ કોરાટ - શાપર (વેરાવળ) રૂા. ૧૧૦૦/- અ.નિ. શ્રી વસ્તાભાઈ કરશનભાઈ ચોટલીયા - રાજકોટ રૂા. ૧૧૦૦/- શ્રી પ્રવિણભાઈ ધરમશીભાઈ - જામવંથલી રૂા. ૧૧૦૦/- શ્રી હસુભાઈ વિઠ્ઠાણી - નિંગાળા રૂા. ૧૧૦૦/- શ્રી ભરતભાઈ કરશનભાઈ લીંબાસીયા - રાજકોટ રૂા. ૧૧૦૦/- શ્રી નાનજીભાઈ કાચા - જૂનાગઢ રૂા. ૧૧૦૦/- શ્રી ભરતભાઈ કાનજીભાઈ દેસાઈ - અમદાવાદ રૂા. ૧૧૦૦/- શ્રી રમણભાઈ જે. પટેલ - અમદાવાદ રૂા. ૧૧૦૦/- શ્રી જયંતિભાઈ રવજીભાઈ જોગાણી - સુરત રૂા. ૧૧૦૧/- શ્રી પિયુષભાઈ ડી. હિરપરા - ઈંગોરાળા રૂા. ૧૧૦૧/- શ્રી સાગરભાઈ ડી. હિરપરા રૂા. ૧૧૦૦/- શ્રી બટુકભાઈ રવજીભાઈ - બોટાદ રૂા. ૧૧૦૦/- શ્રી પ્રવિણાબેન હિંમતભાઈ પરસાણા - રાજકોટ રૂા. ૧૧૦૦/- અ.નિ. કલ્યાણભાઈ ગોકળદાસ ગોટેચા - કેશોદ રૂા. ૫૦૧/- શ્રી હંસરાજભાઈ પરસોતમભાઈ - રાજકોટ રૂા. ૧૧૦૦/- શ્રી કરશનભાઈ રામજીભાઈ ભંડેરી - કચ્છ રૂા. ૧૧૦૦/- શ્રી મીહીરભાઈ શામજીભાઈ વેકરીયા - રાજકોટ રૂા. ૧૧૦૦/- અ.નિ. સ્મિતાબેન ઘનશ્યામભાઈ વસોયા - રાજકોટ રૂા. ૧૧૦૧/- શ્રી હિતેશભી કપચીવાળા - દેવળીયા રૂા. ૧૧૧૧/- શ્રી રમેશભાઈ ગોકળભાઈ ઢાંકેચા - સરધાર રૂા. ૧૦૦૧/- શ્રી પોપટભાઈ ગોપાલભાઈ સુહાગીયા - પીઠવડી રૂા. ૫૦૧/- શ્રી જાયમલભાઈ ગેમરભાઈ હેરમા - સુરેન્દ્રનગર રૂા. ૫૦૧/- શ્રી મીતાબેન વાઘેલા - રાજકોટ રૂા. ૫૦૧/- અ.નિ. વિપુલભાઈ છગનભાઈ પટેલ - પાટીદડ રૂા. ૫૦૧/- શ્રી ધનજીભાઈ દેવજીભાઈ સાવલીયા - કુંભારીયા રૂા. ૫૦૧/- શ્રી ચમનભાઈ ખીમજીભાઈ - લાઠીદડ રૂા. ૫૦૧/- શ્રી બાબુભાઈ રવજીભાઈ - બોટાદ રૂા. ૫૦૧/- શ્રી દિક્ષીતકુમાર જયેશભાઈ વસોયા - સરધાર રૂા. ૫૦૧/- શ્રી ખોડાભાઈ બાલાભાઈ ઢાંકેચા - સરધાર રૂા. ૫૦૧/- શ્રી ગીરીશભાઈ દામજીભાઈ - જામવંથલી રૂા. ૫૦૧/- શ્રી રાજેશભાઈ બાવાભાઈ - લાખાપર રૂા. ૫૦૧/- શ્રી ગાંડાભાઈ જે. લાખણોત્રા - કોવાયા રૂા. ૫૦૧/- શ્રી ભનુભાઈ કાનજીભાઈ - સુરત રૂા. ૫૦૧/- શ્રી પ્રભાબેન રાજેશભાઈ - લાખાપર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી ઘનશ્યામ બાળ-યુવક મંડળનો તૃતીય વાર્ષિક ઉત્સવ તથા દ્વિમાસિક સત્સંગ સભાના ઉપલક્ષમાં

## શ્રી હરિલીલામૃત કથા પારાયણ

-: વક્તા :-
પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી
બગસરા

-: પ્રયોજક :-
પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી
ખોપાળા,બગસરા

**તારીખ :- ૧૦ થી ૧૪-૭-૨૦૧૨ સમય :- રાત્રે ૮ થી ૧૧**

**કથાસ્થળ :-** સમાજ કલ્યાણ હોલ, ધર્મભુવન, આનંદનગર, ઝરીમરી ગાર્ડન પાસે, દહિસર (ઈ)

**સંપર્ક :-** પ્રવિણભગત - મો. ૯૮૧૯૫૧૬૧૩૨ કાળુભાઈ રાખોલીયા - મો. ૮૦૭૯૪૭૭૦૨૪

પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં

## દ્વિમાસિક સત્સંગ સભા

**તારીખ :-** ૧૫-૭-૨૦૧૨ **સમય :-** સાંજે ૫ થી ૮

**સભાસ્થળ :-** સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડી - દહિસર

દર મહિનાના પહેલા રવિવારે **સરધાર** અને મહિનાના છેલ્લા શનિવારે **રાજકોટ**માં યોજાતી

## :: અભયદાન સત્સંગ સભા ::

**:: સરધાર ::**
તા. ૧-૭-૧૨
**સમય :-**
સવારે ૯ થી ૧

**:: રાજકોટ ::**
તા. ૩૦-૬-૧૨
**સમય :-**
રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** શ્રી સ્વા. મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧. મો. ૯૮૭૯૭૫૮૫૦૩
શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૨૨૯૫૫૮, શ્રી કરશનભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પધારો સરધાર... ચાલો સરધાર...

# દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી લાભપાંચમ સુધી...

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ' વર્ષમાં સરધારધામને આંગણે સત્તરમી

**તારીખ :- ૧૧ થી ૧૮-૧૧-૨૦૧૨**






## ૧૭ શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી
### સરધાર ૨૦૧૨




**અધ્યક્ષ :-** પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**પ્રયોજક :-** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**સ્થળ :-** 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં હેરો-લંડનને આંગણે સપ્તમ્ સોપાન

શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત

## આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ

200

# દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ

હેરો-લંડન - ૨૦૧૨



:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી





:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**વક્તા :-** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**-: તારીખ :-**

**૩ થી ૯ ઓગષ્ટ ૨૦૧૨**

**-: સત્સંગ-કથા કાર્યક્રમ :-**

સવારે ૯.૩૦ થી ૧૨.૦૦, સાંજે ૫.૦૦ થી ૮.૦૦
(સાંજે કથા સમાપ્તિ બાદ મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.)

**:: આયોજક ::**
ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ - યુ.કે.

## મહોત્સવના સોનેરી રૂડા અવસરો

**પોથીયાત્રા**
તા. ૩-૮-૨૦૧૨, શુક્રવાર
શ્રાવણ વદ-૧, સવારે ૯-૦૦ કલાકે

**મહોત્સવ દિપ પ્રાગટ્ય**
તા. ૩-૮-૨૦૧૨, શુક્રવાર
શ્રાવણ વદ-૧, સવારે ૧૦-૦૦ કલાકે

**કથા પ્રારંભ**
તા. ૩-૮-૨૦૧૨, શુક્રવાર
શ્રાવણ વદ-૧, સવારે ૧૦-૧૫ કલાકે

**શ્રી ઘનશ્યામ જન્મોત્સવ**
તા. ૪-૮-૨૦૧૨, શનિવાર
શ્રાવણ વદ-૨, સાંજે ૭-૩૦ કલાકે

**પટ્ટાભિષેક મહોત્સવ**
તા. ૬-૮-૨૦૧૨, સોમવાર,
શ્રાવણ વદ-૪, સાંજે ૭-૩૦ કલાકે

**કથા અંતર્ગત મહામંત્ર પ્રાગટ્ય**
તા. ૭-૮-૨૦૧૨, મંગળવાર
શ્રાવણ વદ-૫, સાંજે ૭-૩૦ કલાકે

**કથા અંતર્ગત અન્નકૂટ મહોત્સવ**
તા. ૮-૮-૨૦૧૨, બુધવાર
શ્રાવણ વદ-૬, બપોરે ૧૧-૦૦ કલાકે

**ફૂલદોલોત્સવ**
તા. ૮-૮-૨૦૧૨, બુધવાર
શ્રાવણ વદ-૬, સાંજે ૭-૦૦ કલાકે

**રાસોત્સવ**
તા. ૮-૮-૨૦૧૨, બુધવાર
શ્રાવણ વદ-૬, સાંજે ૭-૩૦ કલાકે

**પ.પૂ.ધ.ધુ. અનંતશ્રીવિભૂષિત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રી દ્વિશતાબ્દિ પ્રાગટ્ય વર્ષની ઉજવણી**
તા. ૯-૮-૨૦૧૨, ગુરૂવાર, શ્રાવણ વદ-૯, બપોરે ૧૧-૩૦ કલાકે

**મહોત્સવ પૂર્ણાહુતિ**
તા. ૯-૮-૨૦૧૨, ગુરૂવાર
શ્રાવણ વદ-૭, બપોરે ૧૨-૦૦ કલાકે

પ.પૂ. લાલજી મહારાજશ્રીના અમૃતવચનો દરરોજ કથાના બંને સત્રો દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદાત્મક અમૃતવચનોનો લાભ મળશે.

**Place** London - 'Byron Hall' Harrow, Leisure Centre, Harrow - HA3 5BD

**સંપર્ક :-** નારાયણભાઈ સોની - મો. ૦૭૮૩૦ ૯૭૯ ૮૨૯ સતિષભાઈ પટેલ - મો. ૦૭૭૭૨ ૦૧૧ ૭૮૪
હેમંતભાઈ સોની - મો. ૦૭૭૯૮ ૬૫૭ ૨૧૬ નારાયણભાઈ સોલંકી - મો. ૦૭૭૪૭ ૦૫૦ ૨૦૯

# ભાવનગરથી ગઢડા પદયાત્રા...














પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ગઢપુર પ્રદેશના **ભાવનગર** શહેરને આંગણે **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે નૂતન શિખરબધ્ધ મંદિરના ભૂમિ સંપાદનના સંકલ્પપૂર્તિ નિમિત્તે ભાવનગર થી ગઢપુર સુધી 'સંકલ્પપૂર્તિ પદયાત્રા'નું તા. ૧ થી ૩-૬-૨૦૧૨ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રામાં ૨૦ જેટલા પૂ. સંતો-પાર્ષદો અને ૫૦૦થી વધારે હરિભક્તો જોડાઈને સંપૂર્ણ યાત્રા દરમ્યાન ભગવાન શ્રીહરિના અખંડ નામસ્મરણની સાથે દિવ્ય લાભ લીધો હતો.

## સુરત







**સુરત** શહેરને આંગણે વરાછારોડ ખાતે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી **પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાંનિધ્યમાં **પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી**ના વક્તાપદે યોજાયેલ **'યમદંડ કથાપારાયણ'** (તા. ૨ થી ૬-૬-૨૦૧૨)

Shree Swaminarayan Chintan, June - 2012 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2014, RNI No. GUJGUJ10785/06/1/03 - TC_Posted at Rajkot RMS on 20th each month.




કાંદિવલી (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં મુંબઈ પરાવિસ્તાર ધર્મકુળ આશ્રિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળના સાથ-સહકારથી યોજાયેલ પંચમ સોપાન શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે તથા પ.ભ. શ્રી આસિતભાઈ રમણીકલાલ પરીખ તથા પ.ભ. શ્રી શૈલેષભાઈ જગમોહનદાસ પારેખ (કાંદિવલી)ના યજમાનપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'(તા. ૧૪ થી ૨૦-૫-૧૨)

છબીકલા : શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૯૯૫૫૧૩. જયેશ ટાંક - કાંદિવલી, મો. ૯૩૨૪૦૬૦૯૪૭. શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયા - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji